Chapter-5

## પ્રકરણ : ૫

## 'ગુજરાત'

### ગુજરાતની અસ્મિતાનું એક ઉજ્જવળ પ્રકરણ

'મારી સર્જન શક્તિનું મને ભાન આવ્યું એટલે સાહિત્ય સંસદ અને 'ગુજરાત' માસિક દ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારનાં વિકાસને વિસ્તાર સાધવા હું તત્પર બન્યો નર્મદે ' જયજય ગરવી ગુજરાત' ગાયું હતું. મેં એને ગુજરાતી સાહિત્યનાં મન્વન્તરનો મનુ તરીકે એક લેખમાં ઓળખાવ્યો હતો. મારા યુગ માટે હું પણ કંઈ એવું કરું એવી મને અભિલાષા થઈ હતી.

-મુનશી ( સ્વપ્નસિધ્ધિની શોધમાં, પૃ. ૧૭૦ )

•

'ગુજરાતે રસસાહિત્ય અને ઉછરતી પત્રકારી, કદીક શિષ્ટ કલાને ખીલવવા ને પોષાવામાં મદદ કરી છે તેમજ ચઢ ઉતર કક્ષાનાં વાંચનારને સંતોષાવા ઉપરાંત સાહિત્ય કલાના વિષાયમાં ગુજરાતી આલમનું દૃષ્ટિબિંદુ જ નવા સ્વરુપે ઘડવાનો ભારે પ્રયાસ કેટલીક જુદા જુદા પ્રકારની અપૂર્વ કૃતિઓ દ્વારા કર્યો છે. એ પ્રયાસને પ્રતાપે જ નવા સાહિત્યમાંથી ગયા જમાનાનાં શબ્દાવંડાર અતિગાંભીર્ય ને ધાડી શુષ્કતા નષ્ટ થતાં જાય છે.

વિજયરાય ( 'કૌમુદી', ચૈત્ર - ૧૯૮૧ )

## –૦ મુનશી – વિજયરાય અને 'ગુજરાત' :

'ઘનશ્યામ' ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં લેખન કારકિર્દી આરંભનાર કનૈયાલાલ મુનશીએ 'વીસમી સદી'માં 'ગુજરાતનો નાથ' અને 'પૃથિવીવલ્લભ' ની સર્જનયાત્રા દરમ્યાન જ નવલકથાકાર તરીકે પ્રથમ પંક્તિનું સ્થાન મેળવી લીધેલું. આમ, ગુજરાતી ભાષામાં લખવા માટેની મૂંઝવણ [૧]. ગુજરાતી પત્રકારત્વના પ્રોત્સાહનબળે મુનશી માંથી દૂર થતાં એ સમયનાં સામયિકો માટે મુનશી પ્રથમ પંક્તિના સર્જક ગણાવા લાગ્યા. ૧૯૨૧માં હાજી મહંમદનું અવસાન થયું અને 'સદી' બંધ પડયું પરંતુ એ સામયિકનો પ્રભાવ મુનશી પર પૂરેપુરો છવાયેલો રહયો. જેમ મુનશીના સર્જકત્વને પલોટવામાં 'સદી'એ પ્રમુખ ભાગ ભજવ્યો હતો તેમ મુનશીના મનમાં તંત્રી થવાનાં બીજ પણ 'સદી'એ જ રોપી આપ્યાં હતાં. 'સદી' બંધ પડયા પછી ઉધ્ધવજી તુલસીદાસ ઠકકરે 'ગરવી ગુજરાત' નામનું માસિક શરૂ કરેલું. 'સદી'ના પગલે ચાલવા મથતા આ માસિકમાં 'સદી'ની તેજસ્વિતાનો સંપૂર્ણપણે અભાવ હતો. 'સદી' ના લેખોમાં મનોરંજક તત્વ હતું પણ સાથે જ્ઞાન – વિજ્ઞાનની અનેક નવી દિશાઓ ચીંધતા લેખો પણ પ્રકટતા જ્યારે 'ગરવી ગુજરાત' કેવળ નિમ્નકક્ષાનું બલકે સસ્તું મનોરંજક માસિક હતું. માત્ર અગિયાર મહિના જેવા ટૂંકા ગાળામાં 'ગરવી ગુજરાત' સારી એવી ખોટ ખમવા લાગ્યું ત્યારે 'સાહિત્ય સંસદ' સંસ્થાના ઉદ્દેશને પ્રસારી શકાય, સંસદની તમામ પ્રવૃત્તિઓનો હેવાલ આપી શકાય એવા મુખપત્રની મુનશીને જરૂરિયાત વર્તાઈ. વળી, 'સદી' પણ બંધ પડયું હતું એ કારણે ગુજરાતમાં શિષ્ટ અને સુંદર માસિકની ખોટ જણાવા માંડી હતી. આ બધાનો વિચાર કરતાં 'ગરવી ગુજરાત'ને સાહિત્યસંસદ ધ્વારા ખરીદી લેવામાં આવ્યું.

સાહિત્ય સામયિકના સંચાલનમાં પ્રવેશવા માટેનાં પ્રેરકરૂપ ભાવને પ્રકટ કરતાં મુનશી લખે છે કે : ''મારી સર્જનશક્તિનું મને ભાન આવ્યું એટલે સાહિત્યસંસદ અને 'ગુજરાત' માસિક ધ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારના વિકાસને વિસ્તાર સાધવા હું તત્પર બન્યો. નર્મદે 'જયજય ગરવી ગુજરાત' ગાયુ હતું. મે એને ગુજરાતી સાહિત્યના

મન્વંતરનો મનુ તરીકે એક લેખમાં ઓળખાવ્યો હતો. મારા યુગ માટે હું પણ કંઈ એવું કરું એવી મને અભિલાષા થઈ હતી''[૨]. ૧૯૨૨ના માર્ચમાં 'સાહિત્ય-સંસદ' ની સ્થાપના થઈ. મુનશીને સંસદનો આ વિચાર અને સંસદ સ્થાપવામાં મનહરરામે મુનશીની આકાંક્ષાઓ અને આવશ્યકતાઓનું સ્વરુપ પારખીને 'રામાયણ' માંથી જડેલો શબ્દ 'સંસદ' લેખકમંડળને માટે યોગ્ય ગણાવેલો.

આપણાં ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં 'ગુજરાત'નું પ્રકાશન એક સીમાચિહ્નરૂપ ઘટના છે. સાહિત્ય પ્રકાશક કંપની તરફથી ચૈત્ર – ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) થી 'ગુજરાત'નું પ્રકાશન મુનશીના તંત્રીપદે શરૂ થયું. ઉપતંત્રીરૂપે 'ચેતન' સામયિકના અનુભવથી કંઈક ઘડાયેલા અને ઉગ્રપ્રકોપી કલમ ચલાવનારાં વિજયરાય વૈદ્યની નિમણૂંક થઈ. મુનશીના આગ્રહે 'ગુજરાત'નું ઉપતંત્રીપદ સ્વીકારવા વિશે વિજયરાયની અવઢવ પારખીને મુનશીએ કહેલું કે : ''એ તો એવું છે ને કે આંબા હેઠળ બેઠા હોઈએ તો એનો છાંયો મળે ને કેરી ખાવાની પણ મળે''[૩]. એ સમયમાં વિજયરાય 'હિંદુસ્તાન' માં ૧૨૫ રુપિયાના પગારે નોકરી કરતા હતા. 'ગુજરાત' એમને ૧૦૦ રુપિયા આપવાનું હતું. માસિક રૂા. ૨૫ ની ખોટ ખમીને, કુટુંબના સભ્યોની નારાજી વહોરીને એમણે 'ગુજરાત'માં કામ કરવાનું સ્વીકારી લીધું. તે આંબાની છાયાં મેળવવા કે કેરી ખાવા નહીં પરંતુ માત્ર સાહિત્ય પ્રત્યેની નિષ્ઠાને કારણે જ. વિજયરાયની સાહિત્ય સામયિકો પ્રત્યેની રુચિ અને એમના ચોકકસ વલણે 'ગુજરાત' ના 'વિવેચન' વિભાગને જ નહીં પણ 'ગુજરાત' ના સમગ્ર કલેવરને અસર કરી છે. 'ગુજરાત' પ્રત્યે પોતાની કામગીરી વર્ણવતાં વિજયરાય લખે છે : થોડી અતિશયોક્તિ કરીને એમ કહી શકાય કે સંસદ અને 'ગુજરાત'નું ભલું કરવાને ખાતર મે માત્ર માથું આપવાનું બાકી રાખ્યું હતું''[૪]. એ યથાર્થ લાગે છે કેમકે 'ગુજરાત'ના સ્વરૂપને મૂર્તિમંત કરવામાં મુનશીનો ફાળો તો ખરોજ, પરંતુ 'ગુજરાત'ની ઝીણામાં ઝીણી સિધ્ધિઓમાં વિજયરાયનો સ્પર્શ વરતાય છે.

મુનશીની સર્જન પ્રતિભા અને વિચક્ષણ બુધ્ધિપ્રતિભાએ મુનશીની આસપાસ ગુજરાતને

સંસ્કારમય કરવાના સ્વપ્નો જોતા મિત્રોનું વિશાળ વર્તુળ ઊભું કર્યું હતું. જેમાં 'સંસદના એ વખતના ત્રણ મંત્રીઓ મનહરરામ મહેતા, મણિલાલ નાણાવટી અને લાભશંકર ભટ્ટ હતા. શંકરપ્રસાદ રાવળ, ઈન્દુલાલ યાજ્ઞિક, ચંન્દ્રશંકર પંડયા જેવા સભ્યો, તેમજ નરસિંહરાવ, ન્હાનાલાલ, બળવંતરાય ઠાકોર, કાન્ત, ખબરદાર લલિત અને ગોકુળદાસ રાયચુરા જેવા સુપ્રતિષ્ઠિત સર્જકો, બટુભાઈ ઉમરવાડીયા જેવા તેજસ્વી તરૂણ લેખકો, જ્યોત્સના શુકલ અને લીલાવતી શેઠ જેવી અગ્રગણ્ય લેખિકાઓ, મુનિ-વિદ્યાવિજયજી અને દુર્ગાશંકર શાસ્ત્રી જેવા વિધ્વાનો, મસ્તફકીર, ધનસુખલાલ મહેતા એને જ્યોતીન્દ દવે જેવા હાસ્યરસના આલેખકો તેમજ રવિશંકર રાવળ, ધુરંધર, ગોરક્ષાકર, પુરુષોત્તમ, ગોરધનભાઈ પટેલ જેવા ચિત્રકારોનો મુનશીનું પ્રથમથી જ સહયોગ મળ્યો હતો. આ દરેક સર્જકો પાસેથી નિયમિતરૂપે મળતી ઉત્તમ કૃતિઓથી 'ગુજરાતે' સમગ્ર સાહિત્યરસિક પ્રજાનું ધ્યાન ખેંચ્યુ અને પ્રસિધ્ધ થતાં વારમાં આપણા ગુજરાતી સાહિત્યનાં સામયિકોમાં વિશિષ્ટ અને આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું. સંસદની કેળવાયેલી શિસ્ત અને મુનશીના પડછાયા હેઠળ દોરાતી આ લેખક ટોળીને કારણે 'ગુજરાત'ને સામગ્રી બાબતે નચિંતતા રહી હતી. ઉલટાનું ૧૯૨૫ના 'ગુજરાત' માં તો નોંધ આપવી પડેલી. જેમાં લખ્યું હતું : ''અમારે નવીન લેખક વર્ગ, ખાસ કરીને કવિતા લખનારની ક્ષમા યાચવી પડે છે. એમનાં ઘણાં લખાણો સ્થાનના અભાવે અમે પ્રકટ કરી શકતા નથી. વાર્તા અને નિબંધ લખનારનો વર્ગ ઘણો મોટો છે. 'ગુજરાત' માસિકનું કદ હાલ બીજાં બધાં માસિકો કરતાં મોટું હોવા છતાં દિન-પ્રતિદિન વૃધ્ધિ પામતા આ લેખકવર્ગને અમે પુર્ણ ન્યાય આપી શકતા નથી અને કેટલાક લેખકોના લેખો તો પ્રસિધ્ધિ માટે સ્વીકારાઈ ગયા હોવા છતાં મહીનાઓ સુધી છાપી શકાતા નથી''.

-૦ <u>'ગુજરાત'નું આંતર - બાહય સ્વરૂપ અને ઉદ્દેશ :</u>

'ગુજરાત' ડેમી સાઈઝમાં દર માસની આખરે પ્રકાશિત થતું હતું. એનું લવાજમ ભારતમાં રૂા. ૮, પરદેશે રૂા. ૧૦, છૂટક નકલનો એક રૂપિયો અને કોઈ વિશેષાંકો

ની કિંમત દોઢ રૂપિયો રહેલી છે. પાછળના વર્ષોમાં 'ગુજરાત'નું લવાજમ રૂપિયા ૮ થી ઘટીને પાંચ રૂપિયા થયું હતું.

'ગુજરાત'નું મુખપૃષ્ઠ આર્યસંસ્કૃતિની મહત્તા સ્થાપિત કરનારું છે. શરૂઆતથી ઘણાં વર્ષો સુધીના અંકમાં જે મુખપૃષ્ઠ નજરે પડે છે એ ત્રિરંગી કવર ડીઝાઈન સુંદરરાવ ગોરક્ષાકર દ્વારા ચિત્રીત થયેલું છે. આ મુખપૃષ્ઠની વિશિષ્ટતા દર્શાવતા તંત્રી નોંધે છે કે : ''આ માસિકના પૃષ્ઠ માટે કાયમનું ચિત્ર કાંઈ એવું રાખવું કે ગુજરાતના ભૂત ગૌરવનો કાંઈક ખ્યાલ આવે એવો સંસદનો વિચાર થવાથી આખરે આ પૃષ્ઠ નક્કી કર્યું છે. જામદગ્નેયે અનુપ દેશ જીતી નર્મદાને ઉત્તર તીરેથી મુંબઈ સુધી શૂર્પારિક વસાવ્યું અને આખા આર્યાવર્તમાં સંસ્કારનું ઐક્ય આણ્યું. આર્ય સંસ્કારની પ્રતિમારૂપ શ્રીકૃષ્ણ જેટલા ગુજરાતના છે તેટલા મથુરાના પણ નથી અને સોલંકી સિધ્ધરાજ જયસિંહે મધ્યકાલીન હિંદી ઈતિહાસમાં જે ડંકો વગાડ્યો છે તેનું સ્મરણ હજુ આપણાં લોકોમાં તાજુ છે. આથી આ ત્રણેના ચિહ્નો પરશુ - ગરુડધ્વજ અને કુટકુટ ધ્વજ એ એક ચિત્રમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે.'' આમ છતાં પણ 'ગુજરાત'ના બીજા જ અંકે કંઈક અઘરા દેખાતા આ મુખપૃષ્ઠ બાબતે વાચકોની પૃચ્છા થતાં તંત્રીએ ક્ષોભભર્યા અવાજે લખ્યું છે કે : ''ગુજરાત'ના પુંઠા પર પરશુ અને કુટકુટ ધ્વજ એક ગુજરાતની ભૂતપૂર્વ મહત્તાના ચિહ્ન તરીકે મૂક્યું ત્યારે ઘણાએ પ્રશ્નો પૂછયાં કે પરશુરામને અને ગુજરાતને સબંધ શો ? કુકડાની ને ગરૂડની ધજા શું સૂચવે છે ? જેને આ સવાલો પૂછવાની જરૂર પડે છે તેને ગુજરાતી કહેવડાવવાનો અધિકાર હોય ખરો ? મુનશીની ગુજરાતના ઐતિહાસિક સાતત્યની કલ્પનાને સાહિત્યમાં પ્રકટ કરવાનો જે મનોરથ હતો તે મુખપૃષ્ઠ બાબતે પૂર્ણપણે વ્યકત થયેલો છે.

ગુજરાતની અસ્મિતાના આ મુખપત્ર માટે મનહરરામ મહેતાએ 'જય થજો, જય થમો ગરવી ગુજરાતનો' મંગળગીત લખેલું જે વર્ષો સુધી 'ગુજરાત'ના પ્રથમ પાને મુકાતું એ પછી વિચાર કણિકાઓ પણ પ્રથમ પાને પ્રસિધ્ધ થયેલી જોઈ શકાય છે. અંકની શરૂઆતે જ પુરુષોત્તમનું ગોરધનભાઈ પટેલ કે અન્ય ચિત્રકારોની કૃતિ પ્રસિધ્ધ

થતી. દરેક લેખોના અને નાનામાં નાની કવિતાઓના પણ શીર્ષકો શણગારીને મુકવામાં આવતાં. તેમની ચાલુ અંકની અનુક્રમણિકા સાથે આગામી અંકની સામગ્રી નોંધ લોકોને અપેક્ષા જગાવે એવી ભાષામાં આપવામાં આવતી. જેમાં લેખકના નામ સાથે સંબંધિત ચિત્રકારની માહિતી અને લેખની એક - બે પંક્તિમાં રસિકતા વર્ણવાતી, જેમકે : 'માતૃસ્નેહ - ગુજરાતના જાણીતા વિધ્વાન રા. બળવંતરાય ક. ઠાકોરનું વાત્સલ્યભાવથી ઉછળતું એક કાવ્ય', ચિત્રકાર - રા. રવિશંકર રાવળ, આવી નોંધ પરથી પણ જણાશે કે 'ગુજરાત'ને સામગ્રીની કયારેય પણ અછત વર્તાઈ નથી.

'ગુજરાત'નું પ્રકાશન નિયમિત થાય અને પ્રકાશનની કામગીરી સરળ બને એ માટે સ્વતંત્ર પ્રેસની જરૂર જણાતાં મુનશીની પ્રેરણાથી અને મણિલાલ નાણાવટી, ગુલાબચંદ ઝવેરીના સહકારથી ૧૯૨૩ની શરૂઆતમાં અસ્તિત્વમાં આવેલી સાહિત્ય પ્રકાશક કંપનીએ 'સાહિત્યપ્રેસ'ની સ્થાપના કરી અને એ સાહિત્ય પ્રકાશક કંપનીથી 'ગુજરાત' પોતાનું પ્રકાશન સ્વતંત્રપણે કરવા લાગ્યું.

સંસ્કાર, ભાષા અને સમાજમાં પ્રકટતી સાંસ્કારિક અસ્મિતાને વ્યકત કરવા અને એ અસ્મિતાને વિકસાવવાની પ્રબળ ભાવના 'ગુજરાત'ના પ્રકાશન પાછળ રહી હતી. 'ગુજરાત' ૧૯૨૨ના પ્રથમ અંકમાં જ સામયિકના ઉદ્દેશને સ્પષ્ટ કરતાં મુનશી લખે છે કે : ''સાહિત્ય પ્રકાશક કંપનીએ સાહિત્ય સંસદને આ માસિકનું આધિપત્ય આપીને સંસદને ઉપકૃત કરી છે, કારણકે માસિકના સાધન વગર સંસદને પોતાની પ્રવૃત્તિ પોષવાનું ને વિચારો પ્રકટ કરવાનું બનત નહીં. ગુજરાતમાં એક નવું માસિક પ્રકટ કરવું એ એક સાહસ છે, સામગ્રીઓના જોઈએ એવાં ઠેકાણાં નથી અને ગ્રાહકોમાં મોંઘું સાહિત્ય ખરીદવાની શકિત નથી. છતાં એ બધી તૈયારીઓ કરવા માટે પણ અનેક સતત પ્રયત્નોની જરૂર છે એ માન્યતાથી જ સંસદે આ કામ માથે લીધું છે.

યુરોપીય તત્વજ્ઞાની દેકાર્ત કહી ગયો : 'હું વિચારી કરી શકું છું તેથી જ મારું અસ્તિત્વ મને જણાય છે ( આઈ થીન્ક, ધેરફોર આઈ એમ) ગુજરાતીઓ આજે કહી

શકે એમ છે કે : ''અમારું જીવન અમને નિરાળું દેખાય છે તેથી જ સંસારાત્મક વ્યક્તિ તરીકે બહાર પડવાનો અમારો અધિકાર છે. ગુજરાતી જીવન બીજા પ્રાંતોથી, દેશોથી નિરાળું લાગે છે. ગુજરાતનો ઈતિહાસ આચારને વિચાર બીજાથી જુદા પ્રકારના વધારે લાક્ષાણિક દેખાય છે. ગુજરાતી યુવકોનો આત્મત્યાગ, ગુજરાતી સ્ત્રીઓનું ચારિત્ર્ય, ગુજરાતી નાગરિકોનો જુસ્સો, સાહસ, ગુજરાતના ગાંધીજીના જીવનને આદર્શ ન્યારા છે. ન્યારા થતાં જાય છે. અને તેથી જ તેની સાંસ્કારિક અસ્મિતા કાલ્પનિક નથી ખરી છે અને તેથી જ તે સાહિત્યમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન મિથ્યા નથી પણ જરુરનો છે'' ગુજરાતમાં એ સમયે પ્રસિધ્ધ થતાં 'બુધ્ધિપ્રકાશ' 'વસંત', 'બે ઘડી મોજ', 'સાહિત્ય' અને કલકત્તાથી પ્રકટતા 'નવચેતન' જેવા પ્રતિષ્ઠિત સામયિકો સામે મુનશીનો આ અવાજ નોખો તરી આવે એવો છે. સંસ્કારશીલ પ્રજામાં ગુજરાતની ભાવનાને મૂર્તિમંત કરવાનો મુનશીનો વિચાર 'ગુજરાત'ને શરૂ કરવાના પ્રયત્નોમાં પાયારુપ ગણાવી શકાય.

—૦ 'ગુજરાત'ની ચિત્રાત્મકતા :-

'વીસમી સદી' સાથે શરૂ થયેલા સચિત્ર રસિકતાના અંશો 'ગુજરાત'માં ભરપૂર જોવા મળે છે. 'ગુજરાત'ના દરેક અંકોમાં પૂરા પાનાના પાંચ થી છ ચિત્રો પ્રસિધ્ધ થતાં રંગીન આર્ટપેપર પર છપાતા ચિત્રોની સંખ્યા પણ 'ગુજરાત'માંથી ઠીકઠીક મળી રહે છે. આ ચિત્રોની જાહેરાત સબંધિત લેખ, કાવ્ય સાથે આકર્ષક ઢબમાં કરવામાં આવતી. આમ, 'ગુજરાત'ના પૃષ્ઠો ચિત્રોથી તસવીરો અને ડિઝાઈનો વડે શોભતા રહ્યાં છે. 'વીસમી સદી'માં સચિત્રતાના બહુસંખ્ય પ્રમાણ અને ભપકા નીચે સાહિત્યતત્વની ખેવના રાખવામાં આવી નથી એવો કેટલાયે વિધ્વાનોનો મત હતો. નૃસિંહ વિભાકરે એ બાબતે નોંધ્યું છે કે : ''સદી' એ ગુજરાતી સાહિત્યની સુંદર કૃતિઓની જેમ ચિત્રોથી ઓર સુંદર કરી બતાવી તેમ એ જ ઠઠીરાથી કેટલાક કચરાની પણ ખોટી કિંમત અંકાવી 'સદી'માં ચિત્રોના

ઠઠીરા હતા. ડાકડીમાક હતો'' એ બાબત પ્રત્યે મુનશી અને તેમના સહાયકો પુરેપુરા સભાન રહેલા જણાય છે. 'સદી'માંથી પ્રેરણા લઈને 'ગુજરાત' માટે સચિત્રતાને તેઓ અનિવાર્ય ગણે છે એ છતાં, તેઓનો પ્રયત્ન સંસ્કારચિત્રો સાથે એ સમયનાં ઉત્તમ સાહિત્યિક લખાણને પ્રકટ કરવાનો જ રહયો છે. સાહિત્ય અને ચિત્રોનું આ મુઠ્ઠી ઉંચેરું સખ્ય 'ગુજરાત'નો વિશેષ છે. સર્જકો પોતાના શબ્દો વડે અનન્ય પાત્રોને સર્જવાની મથામણો કરી રહયાં હતા ત્યારે એ પાત્રોને રંગપીછીનું માધ્યમ લઈ ચિત્રકારો 'ગુજરાત'ના પાને સજીવન કરતાં મુનશીની સર્જનયાત્રા સાથે ચિત્રનો અનુબંધ ગાઢ રીતે સંકળાયેલો છે. મુનશીએ લખ્યું છે કે : "રવિશંકર (રાવળ)ને હું તો જુના બંધને બંધાયેલા. 'વીસમી સદી'માં મે મુંજાલ સર્જ્યો ને એમણે તેને આકૃતિ આપી ત્યારથી અમે બે એ સૌંદર્ય સર્જનની દીક્ષા લીધેલી''[૬]. સૌંદર્ય સર્જનના આ બંને પ્રવાહોને 'ગુજરાત'માં મૂકી આપવાનો વિચાર પ્રશસ્ય છે. તેઓ પોતાની ચિત્રસામગ્રીની મર્યાદા જાણે છે અને તેથી જ 'ગુજરાત'ના વાચકો સમક્ષ નિખાલસ કબૂલાત કરતાં બટુભાઈ ઉમરવાડીઆ લખે છે કે : ''ગુજરાતી ચિત્રકલા એટલે એકલા ચિત્રકારો નહીં પણ તેમની પાછળ રહેલું પત્રના ચાલકનું પ્રેરકબળ શું 'સદી' કે શું 'ગુજરાત' કે શું 'રંગભૂમિ' એકેમાં સ્વતંત્ર સુંદર કૃતિઓ તો જૂજ જ પ્રકટ થઈ છે. કલાપ્રેમીઓ તરફથી ચિત્રકારોને પુરતું ઉત્તેજન ન મળવાના કારણે હાજીને પરદેશી ચિત્રકળાના નમૂનાનો છૂટે હાથે ઉપયોગ કરવો પડતો હતો. એજ કારણથી અમારે પણ વિદેશી બદનને દેશી વસ્ત્રાભિધાન પહેરાવવાની પ્રથા ચાલુ રાખવી પડે છે અને 'કલા વિના રહેવા કરતાં પરદેશી કૃતિઓ ઉપરથી મારાવી કળાઓ ઉત્પન્ન કરવી એ સલાહ યોગ્ય છે એ સૂત્ર સખેદ સ્વીકાર્યું છે''.

'સદી'ના ચિત્રો દોરનાર પીંછીની પાછળ હાજી મહંમદના રસતરસ્યાં દિલની ચિનગારી હતી. 'ગુજરાત'ના અંકો જોનાર બોલી ઉઠે છે : ''આ સદી ન હોય' એ વાત અમે કબૂલીએ છીએ. 'ગુજરાત' સદીનું અનુકરણ બની રહે એ ~~વાત અમે કબૂલીએ~~ એ પણ કોઈ ઈચ્છતું નથી. 'ગુજરાત'માં દિલ બહેલાવે એવા ચિત્રો નજરે નહીં પડે. પથારી પર પડયાં પડયાં એકાદ ચિત્રને જાણે જીવનમાં ઉતારી લેતા હોય તેમ

નીરખી રહીએ એવા ચિત્રો પણ તેમાં નહીં જડે. 'ગુજરાત' રસના આશકનું - ઈશ્વર કે શયતાન ગમે તેના હાથમાંથી ગમે ત્યાંથી ગમે તે પ્રકારે રસપ્યાલી ઝૂંટવી લેવા તૈયાર હોય એવા રસના આશકનું પ્રીતિપાત્ર થઈ નહીં શકે. 'સદી' ના ચિત્રો જોનારને એકાદ રંગબાગ સાંભરશે તેમ 'ગુજરાત'ના ચિત્રો જોઈ નહીં થાય. હાજીની એ મસ્તકલાને આપણે સંસ્કારીકલા સાથે ભેળવી શકીએ. આનંદ અને મજાની વૃત્તિ પોષનાર કલાને આપણે ઉચ્ચ આદર્શો અને ભાવનાઓને પ્રેરનાર કલા જોડે મિશ્રિત કરી શકીએ તો સાચી સ્વતંત્ર ચિત્રકલા જન્મતા વાર નહીં લાગે. ચિત્ર વિભાગમાં અમે પણ દોષમુક્ત નથી. આરંભપ્રયાસ અધૂરો છે છતાંએ મુસીબતો દૂર કરવાની ઉમેદ છે"[૭]. હાજી મહંમદ અને તેના 'વીસમી સદી'ના પ્રભાવની અસર તળેથી ગુજરાતની પ્રજા જ્યારે બહાર નહોતી આવી ત્યારે 'ગુજરાત' નું આ નિખાલસ મંતવ્ય પોતાને માટે ચિત્રોની નક્કર ભૂમિકા શોધતું જણાય છે. સામયિકમાં ચિત્રાત્મકતા હોવી જોઈએ એવા આગ્રહ સાથે ચિત્રકારોને પ્રોત્સાહન આપવા પાછળનો જે પરિશ્રમ છે એ 'ગુજરાત'માં જોઈ શકાય છે. 'ગુજરાત'માં પ્રસિધ્ધ થતાં ચિત્રો માટે અનેક જાતની મીઠી અને કડવી ટીકાઓના પત્રો તંત્રી ને પ્રાપ્ત થયેલા પરંતુ આપણી ચિત્રકળાના પ્રારંભિક તબક્કે તંત્રી બે માર્ગો જુએ છે. કાંતો 'ચિત્રોનો સદંતરત્યાગ કરવો અથવા જે ચિત્રકારો મળી શકે એમ છે તેમની જેવી છે તેવી શક્તિનો વાચકવર્ગને પરિચય કરાવવો' 'ગુજરાતે' પ્રથમથી જ બીજો માર્ગ પસંદ કર્યો અને શક્ય હોય તેટલા ઉત્તમ ચિત્રો મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો. એ પ્રયાસ સફળ પણ થયો છે એમ માનવાનું કારણ 'ગુજરાત'ના ચૈત્ર - ૧૯૨૨ ના અંકમાં છપાયેલા રાધાકૃષ્ણની રંગીન ચિત્રની લોકપ્રિયતામાંથી મળે છે. રાધાકૃષ્ણની ચિત્રની પ્રત્યેક વાચકે મુક્તકંઠે પ્રશંસા કરેલી અને 'ગુજરાતે' એમની છૂટક નકલો કાર્યાલયમાં વેચાણ માટે પણ મૂકવી પડી હતી.

-૦ 'નવચેતન' અને 'ગુજરાત' : કેટલાક પ્રશ્નો :

'ગુજરાત'ના પ્રકાશનની સાથે આપણે એ સમયગાળામાં જ પ્રસિધ્ધ થયેલા 'નવચેતન' ની પણ કેટલીક વિગતો 'ગુજરાત'ના સંદર્ભે નોંધવી જોઈએ. અમદાવાદથી રવિશંકર

રાવળે કલકત્તામાં 'નવચેતન'નું પ્રકાશન કરવાની તૈયારીમાં પડેલા ચાંપશી ઉદ્દેશી પર 'ગુજરાત' સામે ન પડવાની સલાહ આપતો પત્ર મિત્રદાવે લખેલો. એ પત્રનો ભાવાર્થ કંઈક આવો હતો : ''મુંબઈમાં શ્રી ક.મા.મુનશીએ સ્થાપેલી સાહિત્યસંસદ નામે સંસ્થા તરફથી 'ગુજરાત' નામે માસિક બહું જ સધ્ધર પાયા પર શરુ થવાનું છે. તેના પહેલા અંકથી જ શ્રી મુનશી 'રાજાધિરાજ' નામે ઐતિહાસિક નવલકથા શરૂ કરવાના છે. તેનાં ચિત્રો કરવા પહેલાં બે પ્રકરણો મારી પાસે આવ્યાં છે એટલે મને આ વાતની જાણ થઈ છે. શ્રી મુનશીની લાગવગ જબરી છે. એમનું મંડળ સમૃધ્ધ છે અને સાહિત્યસંસદમાં વગવાળી અને વિધ્વાન વ્યકિતઓ જોડાઈ છે. તમે એ લોકો સામેં નહિ જ ટકી શકો અને આર્થિક રીતે ખુવાર થઈ જશો. પહેલો અંક થોડો છપાઈ ગયો હોય તો એ ખર્ચ વેઠી લઈને પણ તમે આ સાહસ સમેટી લ્યો કેમકે એ લોકો સામે થવાનું આર્થિક રીતે તમારું ગજું નથી. મારી વાતને ખૂબ ગંભીર ગણી એટલે હો ત્યાં જ અટકી જશો''[૮]. આ પત્ર વાંચીને ઉદ્દેશી નોંધે છે કે : ''હું રડવા જેવો થઈ ગયો. મુનશી એક માસિક કાઢવાના હતા તેની મને ખબર જ નહોતી. ખબર હોત તો માસિક કાઢવાનો વિચાર શુધ્ધ ન આવ્યો હોત''[૯]. 'નવચેતન' પ્રસિધ્ધ ન કરી શકાય તો મિત્રો પાસેથી ઉછીના લીધેલા ૫૦૦ રૂા. નો બોજ અને પાછું ડગલું ભર્યાનો વિષાદ અંતરને કોર્યા કરે અને 'નવચેતન' પ્રકટ કર્યા પછી 'ગુજરાત' સામે ટકી ન શકાય તો બે-ચાર અંકો કાઢયા પછી બંધ કરવાની હાસીપાત્ર સ્થિતિમાં મુકાવું પડે એ મુંઝવણ ઉદ્દેશીએ બરાબરની અનુભવી છે. ઉદ્દેશીને બિછાનામાં સૂતાં સૂતાં પણ મુનશીનો, સંસદનો અને 'ગુજરાત'નો વિચાર સતાવ્યા કરતો હતો. અંતે નર્મદની ઝઝૂમવાની શકિત જ એમને સામયિક શરૂ કરવાના એકલ સાહસ તરફ પ્રેરે છે. રવિશંકરને પત્રના જવાબમાં મુનશીના પૈસા અને લાગવગ, એમની વિશેષ પ્રતિભાની સામે પોતાની સામયિક નિષ્ઠાને મકકમતાપૂર્વક જણાવતા લખે છે કે : ''મુનશી ભલે 'ગુજરાત' કાઢે પણ હું એથી કરીને પાછા પગ ધરાવાનો નથી. 'નવચેતન' નો પહેલો અંક

લગભગ તૈયાર થઈ ગયો છે. 'ગુજરાત'ને તમે ખુશીથી ચિત્રો આપો. મને તેમાં કશો વાંધો નથી પણ મે તમારે આધારે કામ શરૂ કર્યું છે તો મને ચિત્રોથી થોડી મદદ કરતા રહેશો. મુનશી એમની રીતે 'ગુજરાત' ચલાવશે તો હું મારી રીતે 'નવચેતન' ચલાવીશ. આ બાબતમાં હું પૂરેપૂરો મક્કમ છું.''[૧૦]. એ પત્ર લખ્યાં બાદ ફરી પાછું મન ફરી ન જાય કે હિંમત હારી ન જવાય એ માટે ઉદ્દેશીએ હાથમાં પાણી લઈને ગમે એટલા કષ્ટ પડે પણ પ્રાણાન્ત સુધી 'નવચેતન'ને જીવાડવા ની પ્રતિજ્ઞા લીધી હતી ! મુનશીનું સાહિત્ય સામ્રાજ્ય કેટલું પ્રભાવક હતું એનો ખ્યાલ આ પ્રસંગ પરથી મળે છે. 'સાહિત્યસંસદ' અને 'ગુજરાત'ના રંગબેરંગી લેખકવૃંદ સામે બહુ ઓછું ગજુ ધરાવનારા ઉદ્દેશીના હૃદય ઉદ્દગારોમાં એ સમયે પ્રવર્તી રહેલી મુનશીની સત્તા અને કોઈપણ સંસ્થાકીય બળ વિના સામયિક શરૂ કરવાની ચિંતા – મથામણ સ્પષ્ટ જોઈ શકાય છે. ઉદ્દેશીની દૃઢ સામયિક પ્રીતિ જણાતાં રવિશંકરે જવાબ લખ્યો કે : '' તમારું હૃદય જો આટલું બધુ દૃઢ છે તો ખુશીથી ઝુકાવવું. મુનશીના માસિકને હું ગુજરાતનું માસિક લેખીશને તમારા માસિકને હું મારું માસિક લેખીશ''[૧૧].

૧૯૨૨ ની પહેલી એપ્રિલે 'નવચેતન' ના પ્રથમ અંકનું પ્રકાશન થયું એ પછીના આઠ દિવસે 'ગુજરાત'નો પહેલો અંક પ્રકાશિત થયો. આ બંને સામયિકોની ઉદ્દેશીએ કરેલી તુલના રસપ્રદ છે. તેઓ લખે છે : ''ગુજરાત'નો પ્રથમ અંક 'નવચેતન' ના પહેલા અંક કરતાં ચઢિયાતો તો જરૂર હતો પણ બે વચ્ચે બહુ વિશાળ અંતર નહોતું. 'ગુજરાત' વધારે સોલીડ લાગતું. 'નવચેતન' વધારે વૈવિધ્યવાળું અને ઈન્ટરેસ્ટીંગ લાગતું. મેં 'નવચેતન'નો બીજો અંક 'ગુજરાત'ના બીજા અંકની લગોલગ આવી જાય એવો દરેક યત્ન કરી છૂટવાનો સંકલ્પ કર્યો અને ખરેખર જ 'નવચેતન'નો બીજો અંક પહેલા અંક કરતાં ચઢિયાતો નીકળ્યો. 'ગુજરાત'વાળા પણ 'નવચેતન'નો દરેક અંક કેવો નીકળે છે એ જોવા આતુર રહેતા આમ, 'ગુજરાત' અને 'નવચેતન' વચ્ચે એ વખતે હેલ્ધી કોમ્પીટેશન ચાલતી. 'ગુજરાત' વધારે ખર્ચ કરતું પણ હું 'ગુજરાત' કરતા ઓછા ખર્ચે પ્રમાણમાં સારું કરી બતાવતો કેમકે,

'ગુજરાત' ચારપાંચ હાથ ચાલતું અને હું એકલે હાથે મારી ધગશને મારું હૈયાહીર રેડીને 'નવચેતન' ચલાવતો. સાહિત્યરસિક જનતા 'નવચેતન' અને 'ગુજરાત'ની આ સ્પર્ધા ઉત્સુકતાપૂર્વક જોતી. બેઉ માસિકના દરેક દરેક અંકની તુલના થતી. કોઈ અંકે 'નવચેતન'ની જીત તો કોઈ અંકે 'ગુજરાત' ની જીત થતી''[૧૨] અપાર આર્થિક મુશ્કેલીઓના અનુભવમાંથી પસાર થયેલા ઉદ્દેશીની આ તુલના પરથી કહી શકાય કે 'નવચેતન' ચલાવવામાં કે હાજીમહંમદને 'વીસમી સદી'નું પ્રકાશન કરવામાં જે ભીષણ આર્થિક તંગીનો માનસતાપ વેઠવો પડેલો એવી ઘટનાઓ મુનશીએ ભાગ્યે જે વેઠેલી. જોકે 'ગુજરાત' માટે મુનશીએ પુષ્કળ રૂપિયા ખર્ચ્યા છે પરંતુ મુનશીની આસપાસ સંખ્યાબંધ સહાયકો હતા. સાહિત્યજગતમાં સ્થાપિત લેખક – કવિઓના વૃંદમાંથી પણ 'ગુજરાત'ને આર્થિકપક્ષે મદદ થતી રહેલી છે. ગ્રાહકોની સંખ્યાને બાજુએ મૂકીએ તોયે ૧૯૩૫ની નોંધ મુજબ સંસદના ૬૦૦ જેટલા સભ્યો હતા. આ તમામ સભ્યો 'ગુજરાત'ના જમા-ઉધાર પાસાઓ સાથે સંકળાયેલા હતા. જ્યારે 'નવચેતન'ને ગ્રાહકો મેળવવાનો પણ ભારે પરિશ્રમ વેઠવો પડેલો. 'ગુજરાત' જેવા સામયિકની સામે પડીને 'નવચેતન' આજ સુધી પ્રકાશિત થતું રહયું છે એ ઘટના વિલક્ષણ છે. 'બુધ્ધિપ્રકાશ' પછી લાંબા સમય સુધી સામયિકને શી રીતે જીવાડી શકાય એની પ્રેરણા 'નવચેતને' પુરી પાડી છે.

-૦ 'સમાલોચક' અને 'ગુજરાત' :-

'સમાલોચક' સામયિકના વૃંદમાંથી અલગ થઈને મુનશીએ 'ગુજરાત'નું પ્રકાશન શરૂ કર્યું એ માટે એ વૃંદમાંના કેટલાક સાક્ષરો મુનશીને ક્ષમા નહોતા આપી શકયા. સામે પક્ષે મુનશીને પણ 'સમાલોચક' માટે ઝાઝો આદર નહોતો. 'ગુજરાત'માં કોઈવાર સામાન્ય કક્ષાના લેખો આવી ગયા હોય ત્યારે મનહરરામ અને વિજયરાયને 'ગુજરાત'ના અંકની યોજના ઘડતી સમયે મુનશી કહેતા : ''ભાઈ, આ વખતે આપણા અંકમાં 'સમાલોચકિયા' લેખો આવી ગયા છે હો હવેથી એવું ન થાય એ જોજો''[૧૩]. નરસિંહરાવે 'ગુજરાતનો નાથ'ની કલા 'સરસ્વતીચંદ્ર' થી ચઢિયાતી માની ત્યારે પણ 'સમાલોચકે' મુનશીની સખ્ત શબ્દોમાં ઝાટકણી

કાઢી હતી. અને સંસદે સાહિત્ય પરિષદ બોલાવવાની યોજના કરી (સમાલોચક' ના મતે ધૃષ્ટતા કરી !) એની સામે સમાલોચકે મુનશીની આકરી ટીકા કરેલી. 'સમાલોચક'ના આ મુનશીદૃષ્ટી વલણનો જવાબ 'ગુજરાત' વાળી લે છે. 'તંત્રી-સ્થાનેથી' નોંધમાં 'સાહિત્ય સંસદની લાયકાત પર વૃધ્ધ 'સમાલોચક' નો ધ્રુજારી જેવો લેખ પ્રકટ કરો પરિષદને સંસદે આપેલા આમંત્રણમાં અવિશ્વાસ મૂકતા 'સમાલોચક'ની ટીકા કરેલી. લેખના અંતે મુનશીએ નોંધ્યુ છે : ''સંસદનો મંત્ર સહચાર છે. વિરોધ નથી. એટલે તેના તરફ મૈત્રીભાવે જોવાથી જેફ 'સમાલોચક' ની પણ ગુંજાશ ઘટશે તો નહીં જ''[૧૪].

–૦ **'ગુજરાત'ની લેખનસામગ્રી :-**

'ગુજરાત'માં જ પ્રસિધ્ધ થયેલી સામગ્રી વિષાયક જાહેરાત જોવા જેવી છે. ''તમારા જીવનનો અમૂલ્ય સમય જો આનંદમાં ગાળવો હોય તો 'ગુજરાતના ગૌરવરૂપ અત્યુત્તમ લોકપ્રિય સચિત્ર માસિક 'ગુજરાત'ના તમે આજે જ ગ્રાહક થાઓ. (રમણીય ચિત્રોનો ભંડાર – રસભર્યા સાહિત્યનો ખજાનો) કારણ કે એમાં અત્યુત્તમ વિવિધરંગી વિવિધરંગી ચિત્રો અને અનેક સુપ્રસિધ્ધ લેખકોની સામગ્રી આપવામાં આવે છે''[૧૫].

આ જાહેરાતમાં સમૃધ્ધ ચિત્રો અને સમૃધ્ધ સામગ્રી એમ બંને બાબતો પર વાચકોનું લક્ષ ખેંચવાનો પ્રયત્ન થયો છે. અંકના ૮૫ થી ૯૦ પાનાઓમાં સામગ્રીનું વૈવિધ્ય વાર્તા, લેખો અને કવિતાઓમાં વહેંચાયેલું છે. તંત્રીની નીતિ નાટક, ઈતિહાસલેખ, હાસ્યલેખ કે વાર્તા, નવલકથા, પ્રવાસ વર્ણનો પર વધુ ઢળેલી રહે છે. તંત્રી સ્થાનેથી, સ્વીકારનોંધ નવું સાહિત્ય જેવા વિભાગો 'ગુજરાત'ના પાને નિયમિત પ્રસિધ્ધ થયા છે. અનુવાદોની તુલનાએ તંત્રી મૌલિક સાહિત્યના પ્રચાર-પ્રસારને યોગ્ય રીતે જ બિરદાવે છે. પ્રથમ અંકથી જ ઉત્તમ સામગ્રી પ્રકાશિત કરવાનો 'ગુજરાત'નો પ્રયત્ન રહેલો. એમની અનુક્રમણિકા જોતા એ વાત વધુ સ્પષ્ટ થશે.

અંક : ૧, ચૈત : સં : ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨)

| | |
|---|---|
| 'ગુજરાત' (કવર ડીઝાઈન) | રા. સુંદરરાવ ગોરક્ષકર |
| રાધાકૃષ્ણ (મુખપૃષ્ઠ ) | રા. પુરુષોત્તમ |
| એક અર્ધ્ય (કારાગૃહવાસી મહાત્માને અંજલિ) | કનૈયાલાલ મુનશી |
| સ્મરણમુકુર ( વિધ્વાન તેમ સામાન્ય વાચકોને પણ પ્રિય થાય તેવો રસપ્રદ લેખ. ડીઝાઈન : ગોરક્ષકર ) | નરસિંહરાવ દીવેટીયા |
| હેમીઓ (કાઠીઆવાડના કંઠસ્થ સાહિત્ય નો લાક્ષાણિક નમૂનો, ચિત્ર : રાવળ) | સ્વ. રણજીતરામ મહેતા |
| રાજાધિરાજ ('ગુજરાતનો નાથ'ના સમય પછીની ઐતિહાસિક વાર્તા, ચિત્ર : રાવળ) | કનૈયાલાલ મુનશી |
| સખિ ! આનંદ એક વસન્તે !(હૃદયંગમ કાવ્ય) | લલિત |
| ગુર્જર સંગીત ( વિધ્વતાપૂર્ણ અને મનનીય સમીક્ષા) | મનહરરામ મહેતા |
| મને નહીં ? ( વિનોદમય સામાજીક નાટક ચિત્ર : ગોરક્ષકર) | ખુશાલ શાહ |
| ગુજરાતણ રાધા (એક રમ્ય કાવ્ય - ચિત્ર પુરુષોત્તમ ) | ગોકુલદાસ રાયચૂરા |
| અમારી નવલકથા (માર્મિક કટાક્ષમયવાર્તા ચિત્ર : ગોરક્ષકર) | ધનસુખલાલ મહેતા |

જે સાહિત્ય સામયિકોમાં સચિત્રતાની રંગપૂરણી ઉમેરવાની હોય એ સામયિકો ચાર - પાંચ હજાર ગ્રાહકો વિના નભી શકે નહીં, 'ગુજરાત'ના એટલા ગ્રાહકો પણ નહોતા જ તે છતાં અહીં અનુક્રમમાં જોવા મળે છે, તેમ મોટા ભાગની સામગ્રીમાં ચિત્રોનો સંયોગ સધાયો છે. ઉપર દર્શાવેલી સામગ્રી એ પણ સૂચિત કરે છે કે 'ગુજરાત'ના મોટાભાગના અંકોમાં સાહિત્ય અને સંસ્કૃતિના પાયાને દૃઢ કરવાનો પ્રયત્ન ઝિલાયો છે.

o <u>શિષ્ટ સંસ્કારની જીવંત છબી : સ્મરણમુકુર :</u>

નરસિંહરાવે લખેલા સ્મરણચિત્રો 'સ્મરણમુકુર' નામે 'ગુજરાત'માં પ્રાપ્ત થયેલાં છે. અહીં નરસિંહરાવના શૈશવ, સ્વજનોના સંસ્મરણોની સાથે ગુજરાતી અને અન્ય ભાષાના સર્જકોની જીવનશૈલી પરિચય પ્રસંગો અને સ્વભાવગત ખાસિયતોને એમણે મૂકી આપી છે. શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ, હરદેવરામ માસ્તર, શંકર પાંડુરંગ પંડિત, રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, નવલરામ અને અંબાલાલ, મનસુખલાલ સૂર્યરામ, નારાયણ હેમચંદ્ર કે હાજી મહંમદના વ્યક્તિચિત્રો નરસિંહરાવની સ્મરણમંજૂષા માંથી સહજ ભાષામાં લખાયેલાં છે. મોટાભાગના વ્યક્તિઓની તસવીરો સાથે પ્રસિધ્ધ થયેલા સ્મરણમુકુરે વીતેલા ગુજરાતના શિષ્ટ સંસારને પ્રજા સમક્ષ મુકી આપ્યો. એ નરસિંહરાવની તેમ 'ગુજરાત'ની વિશિષ્ટ સેવા છે. તે છતાં કહેવું જોઈએ કે નરસિંહરાવના આ લખાણોએ એ સમયે ઉહાપોહ મચાવ્યો હતો. કેટલીક વ્યક્તિઓ વિશેના ઉઘાડછોગ આલેખનો ટીકાના ભોગ બનેલા છે. વિજયરાયે નોંધ્યુ છે કે : '' નરસિંહરાવના 'સંસ્મરણમુકુર' માં કેટલીયેવાર નવતર જ્યોર્જિયનની સત્યપ્રિયતા, નિખાલસતા અને વધુ પડતા આત્મભાનથી પોતાના વિષયનું ચિત્ર દોરતા જણાય છે. એ લેખમાળા સામેની ટીકાઓએ સ્વ. મટુભાઈ કાંટાવાળાના 'સાહિત્ય'ને પુષ્કળ ખોરાક પુરો પાડેલો. 'ગુજરાતી' પણ પોતાની રૂઢિવશ રીતે વાગ્બાણો વછોડવે જતું અને નરસિંહરાવના જ સમયના બ.ક.ઠાકોરે 'નિંદક' તખલ્લુસથી અમને એક લાંબુ ચર્ચાત્મક ચર્ચાપત્ર મોકલેલું જેને અમે 'વાર્તાના માસિકમાં ચર્ચાપત્ર હોય નહીં' એવા બચાવની ઢાલ આડી ધરીને રદ્દીપણાના ભાવને પચાડયું હતું''[16] 'સાહિત્ય' ના 'ચર્ચાપત્ર' વિભાગમાં 'સ્મરણમુકુર' વિષાયક લાંબી ચર્ચા પ્રાપ્ત થાય છે. જેમાં નિંદા વિશેષ છે. નરસિંહરાવ ધ્વારા થયેલાં અશુધ્ધ શબ્દલેખન ઉપર, જાહેર ચર્ચા અને ટીકા કરવામાં વિનયની અમર્યાદા પર ચાર-ચાર પાનાઓની ચર્ચા થયેલી છે. હરગોવિંદદાસ કાંટાવાળા પણ નરસિંહરાવે કરેલા પોતાપણાના વધારે પડતાં ઉલ્લેખો અને અન્યવ્યક્તિઓના અંગત જીવન વિશે પ્રકટ થયેલા અવિવેકનો ઉધડો લે છે. નરસિંહરાવ સામે થયેલી આ બધી ટીકા અને વિવાદો

છતાં 'સ્મરણમુકુર' 'ગુજરાત'માં ૧૯૨૬ સુધી પ્રકાશિત થઈ હતી એમાં વિશેષ તો નરસિંહરાવ પ્રત્યે મુનશીનો આદરભાવ જ દેખાય છે. મુનશી પોતે જ નોંધે છે કે : ''નરસિંહરાવ સંસદના શિરછત્ર હતા. પહેલેથી એમણે સંસદ જોડે તાદાત્મય સાંધ્યું. મારાં આગ્રહથી એમણે 'સ્મરણમુકુર' લખી ગત ગુજરાતના શિષ્ટસંસ્કારને સજીવન કર્યો. સંસદની સભામાં એમને હું હંમેશા પહેલા બોલવાની વિનંતી કરુ અને એ બોલે પણ ખરા પરંતુ દરેક વખતે પ્રસ્તાવના તો કરે જ : ''હું સંસદનો સભ્ય નથી તો પણ.... એક સંમેલનમાં મેં જવાબ વાળ્યો કે : 'એ સંસદના નથી પણ 'અત્યતિષ્ઠત દશાંગુલમ્' – સંસદને વ્યાપીને પોતે દશ આંગળ ઉપર રહ્યાં છે''[૧૭] નરસિંહરાવ પ્રત્યેની ભાવના અહીં સુપેરે વ્યક્ત થઈ છેપરંતુ આપણા માટે મહત્વનો મુદ્દો એ છે કે મુનશીના આગ્રહથી નરસિંહરાવ 'સ્મરણમુકુર' લખવી શરુ કરે છે. ઉત્તમ સર્જક પાસેથી સામગ્રીની સતત ઉઘરાણી કરીને તંત્રીએ સર્જકની સર્જકતાને સંકોરતો પણ હોય છે.આગ્રહને કારણે લખાયેલું અને એ પાછી સામયિક પાને છપાયેલું આવું સાહિત્ય ઘણીવાર સર્જનની નવી દિશા ચિંધનારું પણ બની રહે છે. 'સ્મરમુકુર' ની સાથે નરસિંહરાવના લેખ, ચર્ચાપત્રો 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયેલા છે. 'પ્રેરણા' અને 'ઉઠાંતરી' એ બે વચ્ચે ભેદક મર્યાદા શી હોઈ શકે ? એ 'ગુજરાત'ના તંત્રીએ પૂછેલા પ્રશ્નના જવાબરૂપે 'પ્રેરણા' જેવો લેખ પણ 'ગુજરાતે પ્રસિધ્ધ કર્યો હતો.

o <u>સર્જક મુનશીનું 'ગુજરાત'માં પ્રદાન :</u>

'ગુજરાતી' અને 'વીસમી સદી'માં ધારાવાહિ કથાઓ લખવાની સાથે જ બહોળી લોકપ્રિયતા મેળવનારા મુનશી જેમ એ સામયિકોથી સ્થાપિત થાય છે તેમ 'ગુજરાત' ધ્વારા એમની કલમ ને જુદાજુદા ક્ષેત્રોમાં કસાવાનો અનુભવ પ્રાપ્ત થાય છે. 'ગુજરાત'ના પ્રથમ અંકથી જ 'રાજાધિરાજ' જેવી નવલકથા વાચકોને આકર્ષવા માટે શરૂ થયેલી. જે ૧૯૨૫ સુધી એટલે કે 'ગુજરાત'ના ત્રણ વર્ષ સુધી ધારાવાહિ સ્વરુપે પ્રસિધ્ધ થયેલી. વાચકોએ નવલકથાના રસ સાથે એવા ઓતપ્રોત થયા હતા કે જ્યારે 'રાજાધિરાજ' ના છેલ્લાં પ્રકરણો છપાતા હતા ત્યારે મુનશી પર અનેક ભાવુક વાચકોના પત્રો મંજરીને મારી

મારી ^નાખશી^ નહી એ બાબતે આવ્યાં હતા. મુનશીએ લખ્યું છે કે : ''મંજરી ગુજરાતીઓની પ્રીયતમા બની ગઈ હતી. એ ગુજરાતી હૃદયમાં જે સ્થાન પામી હતી તેથી મને ઘણો ગર્વ થયો પણ હું તો મારી સાહિત્ય સૃષ્ટિનો વિધાયકને વિધ્વંસક બંને હતો. એ એવી અપૂર્વ બની હતી કે તેને જીવતી રાખી પરણીને છ છોકરાવાળી થવાની તક આપવામાં મને કલાનો વિધ્વંસ લાગ્યો અને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ મંજરીનું શબ માત્ર કાકમાં હાથમાં રહ્યું''[૧૮]. ધારાવાહિ લખતા સર્જક સામે લોકસમૂહનો પ્રબળ અવાજ રહેતો હોય છે. એ અવાજ જો સર્જક પર સવાર થઈને રહે તો કૃતિના આંતરસત્વને અંતે તો નુકશાની ભોગવવાનો સમય આવે. એક સભાન સર્જકના સ્વરૂપે મુનશી અહીં દેખા દે છે. 'ગુજરાત'ની આ પહેલી ધારાવાહિ કથા સાથે લીલાવતી શેઠનો ઉલ્લેખ કરવો પણ જરૂરી બની રહે છે. ૧૯૨૨ના 'ગુજરાત', શ્રાવણ અંકથી લીલાવતીશેઠ સાહિત્ય જગતમાં અને સંસદમંડળમાં પ્રવેશે છે. ૧૯૨૨ ના ઓકટોબરથી તો લીલાવતી અને મુનશીની સાહિત્ય વિધાયક ભાગીદારી શરૂ થાય છે. મુનશીએ નોંધ્યુ છે કે : ''અમે 'ગુજરાત' માટે લેખોની યોજના કરતા, પ્રૂફો તપાસતા અને ચિતકારોને ચિત્રોનો ખ્યાલ આપતા. એની પ્રેરણાનો પડઘો મારાં સાહિત્યમાં પડવા લાગ્યો. એનું વ્યકિતત્વ કંઈક અંશે 'ગુજરાત' માં પ્રકટ થતી મારી નવલકથા 'રાજાધિરાજ'ની મંજરીમાં પ્રવેશી ગયું. અમે જગતને અમારાં સાહચર્યની પરોણા સંભળાવવામાં મોજ માણતા અને 'રાજાધિરાજ' માં અમારી વધતી નિરાશા જે અમે એકમેકને કહી શકતા નહીં, તેના પડઘા સંભળાવા લાગ્યાં''[૧૯]. 'રાજાધિરાજ' નવલકથાએ 'ગુજરાત'ના વાંચન માટેનું આકર્ષણ ઊભું કરેલું એ બાબતની અનેક નોંધ 'ગુજરાત'માંથી મળે છે. 'રાજાધિરાજ' ના પાત્રોપ્રસંગો અને લીલાવતીના સાહચર્યની ઝંખનામાં અનુભવાતી મુનશીની નિરાશા એમના ચિત્ર મગનભાઈ પટેલ સાથેના સંવાદમાં પૂર્ણ રીતે વ્યકત થયેલી છે. મુનશી બળાપો કાઢતા લખે છે : ''નાડી ધડકયા વિના વાંચીને લખી શકાય એજ સાહિત્ય. માટે એવા બિલાડા ચિતરો અને હું 'ગુજરાત' બંધ કરું. 'સાહિત્ય સંસદ' સંકેલીલઉં. 'રાજાધિરાજ' બંધ કરું અને વેદાંત પર

ભાષ્ય લખવા મંડી જાઉં. અરે ભગવાન, આ નિર્જીવ ગંગાઓ જીવનનો મંત્ર ક્યારે શીખશે ?''[૨૦] પરંતુ મુનશીની આ નિરાશા લાંબો સમય ટકી શકતી નથી. ૧૯૨૫ થી 'સ્વપ્નદૃષ્ટા' નવલકથા 'ગુજરાત'માં આરંભાય છે. જે ૧૯૨૭ ના અંકો સુધી પ્રકાશિત થયેલી છે. 'સ્વપ્નદૃષ્ટા'માં ઈશુ ખ્રિસ્ત અને મહંમદ પયગંબરને માનપૂર્વક સરખાવવાનો પ્રયત્ન કરનારાં મુનશીના કેટલાક વિધાનો સામે મુસ્લિમ વાચકોનો રોષ પ્રજ્વળી ઉઠેલો. ઈસ્લામનું અપમાન મુનશી દ્વારા થઈ રહ્યું છે અને એ મતલબના ચર્ચાપત્રો અંગ્રેજી અખબારોમાં પ્રસિધ્ધ થયા. ઉશ્કેરાયેલા ટોળાએ મુનશીના નિરૂપણો સામે સૂત્રો ઉચ્ચાર્યા અને સાહિત્ય પરિષદના ચાલતા સમારંભે મુનશીએ ધૂંધવાતા મને સમારંભને મુસ્લિમોની ધાંધલ થી બચાવવા રોષિત બાંહેધારી આપવી પડી હતી. ત્યારબાદ મુનશીની 'ભગવાન કૌટિલ્ય' 'સ્નેહસંભ્રમ', 'જય સોમનાથ' (૧૨ પ્રકરણ સુધી) જેવી નવલકથાઓ અને 'શિશુ અને સખી' જેવું આત્મચરિત્ર 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયું છે.

નવલકથાની જેમ નાટકના ક્ષેત્રે પણ મુનશીનો પ્રવેશ નવી રંગભૂમિનો ઉદય ચીંધે છે. મુનશીના 'બે ખરાબ જણ' અને 'પુરંદર પરાજય' જેવા નાટકો 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયેલા છે. જો કે 'પુરંદર પરાજય'ની 'સાહિત્ય' સામયિકે આકરી ટીકા કરીને એને 'વેદના વારાનું નાટક' કહી નાખ્યું હતું. 'સુકન્યા જેવી ભારતીય આર્યનારીનું પાત્ર માનસ વિચિત્ર રીતે આલેખાયેલું છે જાણે વિલાયતની કોઈ વિલાસમયી લલનાનું ચરિત્ર ન કલ્પાયુ હોય' એવો 'સાહિત્ય'નો મત હતો.[૨૧] નવોદિત વિવેચક રતિપતિરામે મુનશીના આ નાટક સામે 'કલ્પનાશક્તિનો વ્યભિચાર' એવા મથાળા તળે 'સાહિત્ય'માં લેખ લખ્યો હતો અને એ વિવાદને જીવંત રાખેલો. મુનશીએ આમનો જવાબ 'ગુજરાત'માં 'સતીત્વની ભાવના' જેવી ટૂંકીનોંધ લખીને આપ્યો છે. સાહિત્ય અને કળા, સાહિત્ય અને જીવન વિશેની ચર્ચાઓથી ઉહાપોહ મચાવનારા મુનશીના વિચારો 'ગુજરાત'માં પ્રકટ થયેલા એમના 'અર્વાચિન ગુજરાતી સાહિત્યનો પ્રધાનસ્વર : ઉલ્લાસ' અને 'રસાસ્વાદનો અધિકાર' જેવા નિબંધોમાં પ્રકટ થયા છે. 'ગુજરાત'માં જ પ્રસિધ્ધ થયેલાં 'ગુજરાતના જ્યોતિર્ધરો' નામક ચરિત્રાત્મક નિબંધે એ સમયના વાચકોનું સારું

એવું ધ્યાન ખેંચેલું. 'એક પ્રવાસ : યુરોપની મારી બિનજવાબદાર કહાણી' હોય કે 'મારી કામચલાઉ ધર્મપત્ની', 'ફોજદાર સાહેબ' જેવી વાર્તા હોય, 'ભારતીય સાહિત્ય અને લાભા' જેવો લેખ હોય એ સાહિત્ય સર્જનમાં પ્રકટ થતી મુનશીની છબી 'ગુજરાત'માંથી વારંવાર ઝિલી શકાય તેવી છે. મુનશીને આત્મકથા લખવાનો વિચાર 'ગુજરાત' સામયિક દ્વારા જ આવ્યો હતો. 'અડધે રસ્તે' 'ગુજરાત'માં હપ્તાવાર પ્રકાશિત થઈ હતી. આમ, મુનશીએક નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, નિબંધકાર અને આત્મકથાકારરૂપે 'ગુજરાત'માં પ્રબળ પ્રતિભા ઉન્મેષ દાખવે છે તો બીજી બાજુએ 'ગુજરાત'ના તંત્રીરૂપે અન્ય સર્જકોના પ્રતિભાબીજને વિકસાવવા માટે પ્રોત્સાહક બનીને રહ્યાં છે. મુનશીની વિલક્ષણ લેખિનીનો આલેખ એક સામયિક માં મળે એ ગુજરાતી સાહિત્ય માટે નાનીસૂની ઘટના ગણાવી શકાય નહીં.

○ લીલાવતી મુનશી – 'ગુજરાત'ને સમર્પિત વ્યક્તિત્વ :-

મુનશી ૧૯૨૬ ના અંક : ૫ માં લીલાવતીના પતિ શેઠ લાલભાઈના અવસાનને 'ખેદજનક આપત્તિ' તરીકે નોંધે છે. એ પછી મુનશી લીલાવતીના લગ્નનો યોજાયેલ અભિનંદન સમારોહનો અહેવાલ 'ગુજરાત' અંક : ૬, ૧૯૨૬ માં પ્રકટ થાય છે. આમ, 'ગુજરાત'ના પરીણામે મુનશીને લીલાવતીશેઠનો થયેલો પરિચય પરિણય સુધી લઈ જવામાં નિમિત્તરૂપ બને છે. લીલાવતી પ્રત્યેનું અવશ ખેંચાણ – મથામણો અને લગ્નના સાહસિક નિર્ણયનો વત્તો – ઓછો પ્રભાવ 'ગુજરાત'માં નજરે ચઢશે. મુનશીની ડિસેમ્બર – ૧૯૨૨ માં છપાયેલ 'સ્ત્રી-સંશોધન મંડળનો વાર્ષિક સમારંભ' અને 'બે બોલ' – (૧૯૨૩) કૃતિમાં લીલાવતીની સ્પષ્ટ છબી ઝિલી શકાય છે. મુનશી સાથે લગ્નસંબંધે જોડાયા એ પહેલાં 'ગુજરાત'નો આકાર ઘડવામાં લીલાવતીનો સક્રિય સહયોગ રહયો હતો. લીલાવતીની નવલિકાઓ, 'ગુજરાતી સાહિત્યના સ્ત્રીપાત્રો' વિષયક સળંગ લેખ અને ગુજરાતી સાહિત્યમાં જુદી જ છાપ પાડતાં એવા ટૂંકા રેખાચિત્રો 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયા હતા. સ્વભાવદર્શન અને લાઘવના કારણે આ રેખાચિત્રોએ લીલાવતીને સહજ પ્રતિષ્ઠા અપાવી હતી. અમૃતલાલ પઢીયાર, કવિ લલિત, ક.મા.મુનશી, ન્હાનાલાલ જેવા અનેક વ્યક્તિઓના શબ્દચિત્રો અંગતતાની ભૂમિમાં સ્થિર થઈ જવાના બદલે

સમગ્રતયા વ્યક્તિત્વ રેખા ઊભી કરી આપનારા બન્યાં છે. અંબાલાલ દેસાઈ આ રેખાચિત્રોનો વિશેષ પામીને એટલે જે નોંધે છે કે : ''તેમની (લીલાવતીની) કૃતિઓ એક પછી એક વાંચી ત્યારે મને લાગ્યું કે તે પચાસ ટકાથી વધારે પુરુષ લેખકો કરતાં સારું લખે છે''[૨૨]. એ વિધાનને બીજી રીતે જોતા એમ કહી શકાય કે એ સમયના જ્યોત્સના શુકલ, ચૈતન્યબાળા મજમુદાર, શારદા મહેતા, જ્યમનગૌરી પાઠકજી જેવી સ્ત્રી લેખિકાઓની હરોળમાં લીલાવતીએ ગજુ કાઢયુ હતુ. 'ચુરોપ યાત્રા પ્રવાસના પત્રો' લીલાવતીની સૌન્દર્યદૃષ્ટિનો નમૂનો પૂરો પાડે છે. મુનશી - લીલાવતીના મિત્ર મહાદેવભાઈનો અભિપ્રાય હતો કે : 'ગુજરાત' એ બે જણ (મુનશી - લીલાવતી) સાથે યજ્ઞ કરવા બેઠા હોય એવું છે''[૨૩] આ વિધાન કંઈક અંશે યથાર્થ પણ છે કેમકે 'ગુજરાત' સાથે સક્રિય રીતે સંકળાયા પછી મુનશીની સાથોસાથ લીલાવતી પણ 'ગુજરાત'ને માટે પોતાનો સર્જનફાલ આપે છે.

○ કવિતા : 'ગુજરાત'માં દર અંકે બે થી ત્રણ કાવ્યો પ્રસિધ્ધ કરવાનું તંત્રી વલણ ધ્યાન ખેંચે છે. આ કાવ્યોમાં જેમ વૈવિધ્ય છે તેમ પ્રસિધ્ધ થયેલી રચનાઓમાં સત્વ પણ જોવા મળે છે. લલિત, દેશળજી પરમાર, ત્રિભુવનવ્યાસ, ન્હાનાલાલ, બોટાદકર, પ.ક. ઠાકોર, પાદરાકર, સુંદરમ્, ઈંદુલાલ, પતીલ, પુંજાલાલ, રામપ્રસાદ શુકલ, નાથાલાલ દવે, ઉમાશંકર જોશી જેવા કવિઓ 'ગુજરાત'માં નિયમિત દેખા દે છે. નાથુભાઈ દયાળજી, હરગોવિંદ પ્રેમશંકર, જ્યોત્સના શુકલ, કનુબહેન દવે, પુષ્કરરાય દેસાઈ, વાસુદેવ શેલત, કેશવ શેઠ રમણીક અરાલવાળા, ચમનલાલ ગાંધી, સુરેશ ગાંધી, નટવરલાલ ગાંધી, નેત્રમણિ વૈદ્ય, હરીહર ભટ્ટ જેવા કવિઓની રચનાઓ એકથી વધુ વાર 'ગુજરાતે' પ્રસિધ્ધ કરેલી છે. ઉપનામોના વ્યાવર્તક મોહના એ સમયમાં 'સનાતન જ્યોત', રસવિહારી, સુવાસ, રસબાલ, રસભિક્ષુ જેવા કવિ ઉપનામે રચનાઓ પ્રકટ થઈ છે. ચંન્દ્રવદન મહેતાના કાવ્યો પ્રથમવાર 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયેલા. ૧૯૩૫ પછીના સમયમાં કાવ્યોનું વૈપુલ્ય

'ગુજરાત'માં નજરે પડે છે. જેમાં નવી કાવ્યરીતિનો અણસાર પણ સાંભળી શકાય છે. એ સમયે શરદ મહેતા, શાસ્કર વ્હોરા જેવા નવોદિતોને પ્રકાશમાં લાવવાનું કામ 'ગુજરાતે' કર્યું છે. વિરંચી દવેનું કાવ્ય 'ગુજરાત'ને પ્રસિધ્ધિ અર્થે મળ્યું ત્યારે એ કાવ્ય અસ્પષ્ટ હોવાથી પ્રકાશિત કરી નહીં શકાય એવા લખાણ સાથે વિરંચી દવેએ ખુલાસો કરી કાવ્ય સમજી શકાય તો પ્રસિધ્ધિ કરવા વિનંતી કરે છે ત્યારે એ વિગતની નોંધ લેતા તંત્રી લખે છે કે : ''અસ્પષ્ટતાના વિષયમાં તેમજ અમને જે અસ્પષ્ટ લાગ્યું તે બીજા ઘણાને લાગશે એમ ધારીને પોતાના કાવ્યો સાથે લખેલી સમજૂતી છાપવાની વર્તમાન યુગના કવિકુલે પ્રચલિત કરેલી પ્રથા અમે પણ અહીં અનુસરીએ છીએ''[૨૪]. ઉપજાતિ – વસંતતિલકાની આઠ પંક્તિના આ કાવ્યના શબ્દોની સમજૂતી છે બે પાનામાં ! કાવ્યના નૂતન વર્ણન ની મુગ્ધતા જે રીતે સર્જકોમાં વ્યાપ્ત હતી તેમ એ નૂતનતાને મુકવાનો ઉત્સાહ તંત્રીઓ દ્વારા વ્યક્ત થયા કર્યો છે. ગુજરાતની સંસ્કૃતિના દર્શન વ્યામોહના કારણે ક્યારેક કાવ્ય પ્રવૃત્તિમાં સપાટી પરની કૃતક રચનાઓનું પ્રકાશન થતું રહ્યું છે એ કારણે લલિતના 'વીજોગણ વાંસલડી'નું અનુકાવ્ય 'વિજોગણ પાડલડી' (કવિ ભરત) જેવું કાવ્ય પણ આવે છે અને શ્રીકૃષ્ણ અર્જુનનું ગુજરાતમાં નિવાસસ્થાન હોવાના મતે, જો એ મત સાચો હોય તો ગુર્જર ગિરામાં ગીતા કઈ રીતે લખી શકાય તેનો નમૂનો હરિહર ભટ્ટ 'ગ્રામગીતા' કાવ્યમાં આ પ્રમાણે આપે છે :

' – અરજણીયો કે'સે :

નાનાયે મારવા ને મોટાયે મારવાને મારવાનો નો મળે આરો
એવું રાજ કેદીકને નો કર્યું તો કીયો ગભો રઈ ગ્યો કુંવારો ?
કરહણીયા હું તો નથી લઢવાનો.

– કરશીયો કે'સે :

'આ અજરામર મનખ્યાનો આતમ્યો ઈ માર્યો નો મરાય
એવું હમજીને એલા, દીધે રાખની એમાં તારા બાપનું શું જાય ?
અરજણીયા મેલ્યની મૂરખવેડા.'

જેવી કવિતાઓ પણ 'ગુજરાતમાં' સ્થાન લેતી હતી. તો બીજી બાજુએ રશિયા ના જાણીતા લેખક ટોર્ગોનિયેફની કથા પરથી 'માતૃસ્નેહ' જેવા ૧૧ કાવ્યોનું ગુચ્છ બ.ક. ઠાકોરની કલમે 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયેલું અને ખબરદારે ખાસ

આઠમી સાહિત્ય પરિષદ માટે રચીને મોકલેલું કાવ્ય 'સદાકાળ ગુજરાત' ગુજરાતના 'સાહિત્ય પરિષદના ખાસ અંક – ૨ (૧૯૨૬) માં પ્રસિધ્ધ થયેલું એનું સ્મરણ કરવું જોઈએ. આમ, એ સમયે ટૂંકીવાર્તાઓ જે મથામણકાળ સામયિકોમાં પ્રકટ થયો છે એ જ રીતિએ ઉત્તમ, મધ્યમ અને ક્યારેક તો જોડકણાં પ્રકારના કાવ્યોમાં કાવ્યરીતિને શોધવાનો અને શુધ્ધ કાવ્યને પામવાના પ્રયત્ન અહીં જોવા મળે છે. અપવાદ બાદ કરતાં મોટા ભાગના સામયિકો કવિતા દુષ્કાળમાંથી પસાર થયા હોય એમ જણાઈ આવે છે.

○ <u>ટૂંકીવાર્તા :</u>

વાર્તા સ્વરૂપને લોકપ્રિય કરવામાં સામયિકોની ભૂમિકા લાક્ષણિક રહી છે. 'ગુજરાત'ના અંકોમાં દર અંકે બે થી ત્રણ વાર્તાઓ આપવાનો પ્રયત્ન રહ્યો છે. વાર્તા સ્વરૂપને પ્રોત્સાહન આપવા ગુજરાતે બે ખાસ વાર્તા અંક પ્રકાશિત કરેલા. જેમાં એક તો ૧૯૨૨-૨૩ ના ગાળામાં, ગુજરાત શરૂ થયાના બીજા વર્ષે જ વાંચકોના હાથમાં મૂકેલો. 'આ લેખકની ઐતિહાસિક ટૂંકી વાર્તાઓ માત્ર 'ગુજરાત'માં જ અવારનવાર દેખાશે' એવી નોંધ સાથે પ્રસિધ્ધ થયેલી ધૂમકેતુની કેટલીક વિશિષ્ટ વાર્તાઓ 'ગુજરાત'માં મળે છે. 'ભૈયાદાદા', 'આત્માના-આંસું', 'હૃદય પલટો', 'છાયાપુરુષ', 'સ્વતંત્રતાની દેવી', 'મશહૂર ગવૈયો' 'એની છબી', 'મૃત્યુ પછી મળેલ દંપતી', 'અદ્રશ્ય સત્તા' અને 'પરપોટા' વાર્તાઓમાં ધૂમકેતુની વાર્તાકળાનો પરિચય સાંપડે છે. અન્ય વાર્તાકારોમાં મુનિકુમાર ભટ્ટ, લીલાવતી શેઠ, જગેન્દ્ર દૂરકાળ, ધનસુખલાલ મહેતા, ગગનવિહારી મહેતા, મનહરલાલ ધારેખાન, શાંતિનાથ મહેતાએ એક થી વધુ વાર્તાઓ 'ગુજરાત'ને આપી છે. નરસિંહરાવની 'શતપથ બ્રાહ્મણમાંની એક નવીન કથા', ર.વ. દેસાઈએ લખેલી 'ઘોડેસવાર' બટુભાઈ ઉમરવાડીયા કૃત 'ઉમા', અંબાલાલ પુરાણીની 'બાકુલનાથનો આદેશ' અને મટુભાઈ કાંટાવાળાની 'અનુલોમ વિ. પ્રતિલોમ' જેવી વાર્તાઓ 'ગુજરાત'ના પ્રકાશનમાં પ્રાણ પૂરનારી છે. નવલિકાના

વિકાસશીલ સ્વરૂપને પ્રોત્સાહિત કરીને 'ગુજરાત' જે સર્જકોને મૂકી આપે છે. એમની યાદી જોઈએ તો યાદી ઘણી લાંબી થવાનો સંભવ છે. માત્ર અછડતી નજર નાંખીએ તો પણ વિશાળ સંખ્યામાં નવીનયુગનો સંદેશ ઝિલતા વાર્તાકારો આપણી સમક્ષ આવે છે ! એ સમયના યુવાવાર્તાકારો વિનોદીની નીલકંઠ, મુરલી ઠાકુર, દુર્ગેશ શુકલ, વૈકુંઠ શાહ, સુમન મોદી, છેલશંકર વ્યાસ, રવિન્દ્ર મોદીની વાર્તાઓ 'ગુજરાત'ના પાના પર મળી આવશે. ટૂંકીવાર્તા એ 'ગુજરાત' નું અભિન્ન અંગ હતુ અને મોટાભાગના અંકોમાં વાર્તાઓનું વૈવિધ્ય પામી શકાય એવું છે.

'ગુજરાત'ના વાચકોને આકર્ષવા માટે ૧૯૨૬ ના અષાઢ અંકથી ગુજરાતે વાર્તાક્ષેત્રે એક નવીન પ્રયોગ હાથ ધરેલો. એ સમયના પ્રસિધ્ધ સર્જકોએ 'કસોટી' નામની વાર્તાના અંતને પકડીને ધારાવાહી રૂપે વાર્તાને આગળ ધપાવવાનું સાહસ કરેલું. જેમાં વાર્તાની શરૂઆતે જ જાહેર કર્યા મુજબ પ્રથમ પ્રકરણના લેખક ધનસુખલાલ, પ્રકરણ – ૨ – લીલાવતી પ્રકરણ – ૩ – મુનિકુમાર ભટ્ટ, પ્રકરણ – ૪ – ધૂમકેતુ, પ્રકરણ – ૫ – જયંતકુમાર ભટ્ટ અને પ્રકરણ – ૬ ના લેખક મુનશી રહયાં હતા. જુદા જુદા સર્જકોનો હાથે સર્જાયેલી આ વાર્તાની લોકપ્રિયતાને બાજુ પર રાખીએ તો પણ કહેવું જોઈએ કે એક જ ઘટનાને મેં કેન્દ્રમાં રાખીને. વાર્તાને સફળતાની કોટિએ પહોંચાડવાનો સર્જક જે પરિશ્રમ કરે છે એ અહીં મહત્વનો છે. વાર્તાકળાના ક્ષેત્રની શકયતાઓ તપાસવા, સર્જકોને આ દિશાએ પ્રવૃત્ત કરવાની 'ગુજરાતે' યોજેલી આ કાર્યશિબિર જ છે, એ પધ્ધતિને અનુસરીને 'પ્રસ્થાને'પણ આવો પ્રયોગ કરેલો છે. કેટલાંક વર્ષો પહેલાં 'લોકસત્તા' રવિવારીય પૂર્તિમાં ગુલાબદાસ બ્રોકરની ટૂંકીવાર્તા 'બા' પરથી લોકખ્યાત સર્જકોએ હપ્તાવાર નવલકથા પ્રસિધ્ધ કરી હતી જેને એક નવીન પ્રયોગ તરીકે ઓળખાવાયેલો પરંતુ આ પ્રયોગ તો 'ગુજરાત' છેક ૭૦ વર્ષ પહેલાં કરી ચૂકયું હતું !

પ્રયોગદશાએ રહેલી મૌલિક ટૂંકીવાર્તાઓની સામે પ્રસિધ્ધ થયેલાં પુષ્કળ અનુવાદો સામયિકો માટે ટેકણલાકડીરૂપ હતા. અનુવાદના આ પસારા સામે મુનશી અને ધૂમકેતુ જેવા કેટલાયે સર્જકોએ 'મૌલિક સાહિત્ય'ની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. એ કારણે અનુવાદોની સંખ્યાએ મૌલિક રચનાઓને 'ગુજરાત'માં પ્રાધાન્ય મળેલું છે. તે છતાં, રવિન્દ્રનાથ, બંકીમચંદ્ર ચેટરજી, પ્રભાતકુમાર મુખોપાધ્યાય, ઝાકીર હુસેન, સીતાદેવી, પ્રેમચંદ જેવા ભારતીય સર્જકો અને થીયોફિલ ગોતીય, ચેખોવ, મોપાસાં, આનાતોલા ફ્રાંસ કે પિરાન્દેલો જેવા જગપ્રસિધ્ધ સર્જકોની ઉત્તમ કૃતિઓના અનુવાદો 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયા હતા.

## * નાટક :

'ગુજરાત'ના પ્રથમ અંકથી જ નાટ્યસ્વરૂપને આવકાર આપવાનો પ્રયત્ન દેખાય છે. 'ગુજરાત'માં લાંબા નાટકો એટલે કે એક વર્ષના સળંગ અંકો સુધી ચાલે એટલા દીર્ઘ અને એકાંકી સ્વરૂપને તાંકવાની મથામણો પ્રકટ થઈ છે. સાહિત્ય સ્વરૂપના પ્રારંભિક તબકકે પ્રવર્તતી શિથિલતા આપણા નાટ્ય પ્રયોગો ને સમજવામાં મદદરૂપ બને છે અને વધુ તો, સ્વરૂપની પ્રયોગાત્મક ભૂમિકા નકકર દિશા સુધી જતી અનુભવાય છે. નાટ્યસ્વરૂપનો આ સંઘર્ષકાળ 'ગુજરાત'માં ઠીકઠીક પ્રમાણમાં ઝિલાયો છે. 'ગુજરાત'ના એક સમયના વ્યવસ્થાપક અને સાહિત્ય સંસદના સભ્ય ખુશાલ શાહે ૧૯૨૨ – ૨૩ ના ગાળામાં સતત દોઢ વર્ષ સુધી 'મને નહી?' નામે નાટક 'ગુજરાત'માં લખેલું. નાટકને આટલા લાંબા સમય સુધી પ્રસિધ્ધ કરવા માટે 'ગુજરાતે દાખવેલી તૈયારી આપણામાં અનેક તર્ક – વિતર્કો જગાવે છે. અમીર કુટુંબની કથાને નાટકમાં મૂકીને ગુજરાતના જીવનને ઉપસાવવાનો પ્રયત્ન અહીં થયો છે. સામાજિક સંદર્ભ સાથે રમૂજી પ્રસંગોને મૂકી આપતા આ નાટકની તખ્તાલાયકી, વસ્તુસંકલના જેવા અનેક મુદ્દાઓ ઉપસ્થિત થાય. નિષ્ફળ નાટક ની પ્રસિધ્ધિ અંગે વિજયરાય જે એકરાર કરે છે તે આપણા સંપાદકોએ ધ્યાનમાં લેવા જેવો છે. જૂઓ એ રસપ્રદ નોંધ : ''અમે લેખ પસંદગી કરતા હોઈએ ત્યારે એ (મુનશી) કોઈવાર કહેતા : 'વી મસ્ટ હેવ એ ગુડ નેઇમ ઓર એ ગુડ આર્ટીકલ'

મતલબ, લેખક પ્રસિધ્ધ હોય તો એનો સાધારણ કે નબળો લેખ પણ લેખક નામની છાપ વાંચનાર પર પડે માટે સ્વીકારવો' લખાણ સ્વીકારવાની આ રીતને લીધે પ્રો. ખુશાલ તલકશી શાહના 'મને નહી?' નામે લાંબા નાટકની નીરસતા ને લીધે અમે ભેરવાઈ પડયા હતા. એ દુઃખે-આપે છાપીને પુરું તો (મુનશીએ જ સારી આશા બાંધી નોતરેલાં એ પરમ સ્વામીની જાણીતા બેરિસ્ટરને અર્થશાસ્ત્રી લેખક એટલે વિરોધી ટીકા થવા માંડી છતાં) કર્યું''[૨૫]. એ જ સર્જકનું 'મોહનમાયા' જેવા ત્રિઅંકી નાટકનું પ્રકાશન પણ 'ગુજરાત'માં થયેલું. ઈંદુ ભાજકનું 'એક ઉપાય ચાર પ્રવેશોનું નાટક છે, મોરીસ મૅટરલીંકના નાટકનું રુપાંતર ભાઈશંકર ત્રિવેદીએ આપ્યું છે. મુનશીના 'પુરંદર પરાજય', 'બે ખરાબ-જણ' નાટકનું પ્રકાશન અને એની ભજવણી નાટક દિશાએ નવા દિગ્દર્શનો આપે છે. મુનશી સ્વીકારે છે કે : ''ગુજરાતી નાટયકલાનો ઉધ્ધાર એમેચ્યોરના જ હાથમાં છે. પણ આ પ્રયોગ પુરવાર કરી આપે છે કે નવી નાટયકલાએ ગુજરાતી હ્રુદયોને વશ કરી દીધા છે. જૂની રીતે કેળવાયેલાં અભિનેતાનું પ્રેક્ષકો તરફ જોઈને બોલવું, અસ્વાભાવિક ઘાંટા પાડવા, ભાષાણિયા પધ્ધતિએ વાત કરવી, વગર કારણના વધુ પડતા ને એક જ રીતના અભિનયો કર્યે જવા આ ખોડો આપણા રંગભૂમિ રસિકો કયારે છોડશે?''[૨૬]. એવો પ્રશ્ન મૂકીને નાટયભૂમિ પર નવી રીતે કામ લેતા દિગ્દર્શકો, સંચાલકો તૈયાર થવા જોઈએ એવું સૂચન મૂકી જાય છે. ગુજરાતી નાટકના વિકાસ અર્થે મોટી નાટયસંસ્થાની જરૂરીયાત જોતા 'ગુજરાત'ના એક વાંચકે ૧૯૩૬ ના જાન્યુઆરી અંકમાં લખ્યુ હતુ : ''ગુજરાતના નાટયકારોને એકત્ર નથી કરી શકતા એ દિલગીરીની વાત છે પણ આ બાબતમાં 'ગુજરાત' ના આધ્યાત્રી કંઈક પ્રયાસ કરે તો સફળતા મળે' આ અપેક્ષા મુનશી અને એ સમયના નાટયકારો સમક્ષ 'ગુજરાત' ધ્વારા મુકાઈ છે. એક બાજુએ સંસદના વાર્ષિકોત્સવમાં નવા નાટયપ્રયોગોની ભજવણી અને બીજી બાજુએ નાટકોનું પ્રકાશન, ચર્ચા-વિચારણાઓને 'ગુજરાત'ના પાને મૂકી આપીને વાચકોમાં નવી રંગભૂમિની અપેક્ષા જગાવવાનું કાર્ય 'ગુજરાતે' કર્યું છે.

અહીં કેટલાંક નોંધપાત્ર રૂપાંતરોની વાત પણ નોંધવી જોઈએ. રમણીક દલાલે 'નાગાનંદમ' સંસ્કૃત નાટકના પાંચ અંકોને ગુજરાતીમાં મૂકી આપ્યાં છે. ગાલ્સવર્ધીના 'ધ મોબ' ઉપરથી 'હુલ્લડખોર' નામનું રૂપાંતર રામચંદ્ર શુક્લ ધ્વારા પ્રાપ્ત થયુ છે તેમજ જોનપુલના 'સ્કેપ ગોટ' ઉપરથી ર.પ મહેતાએ 'ઠપકાને પાત્ર' જેવું નાટ્ય રૂપાંતર આપ્યું છે.

'એકાંકી' સ્વરૂપના વિકાસમાં સિંહફાળો આપનારા બટુભાઈ ઉમરવાડીયાના 'કૃપાલ', 'રક્ષા અથવા સુખડની જેલ' અને 'શકુંતલા' જેવા એકાંકીઓ, યશવંત પંડયાના 'જલકમલ', 'મહાજન', 'જરા ખાનગી', 'કુબ્જાના કામણ' જેવા નાટકો 'ગુજરાત' માં અંકોમાં મનહરરામ મહેતા, જયંત શ્યામ વરલ નીવાસી, ઈંદુલાલ યાજ્ઞિક, કુસુમાકર, મંજુલાલ દવે, રમણિક વકીલ દુર્ગેશ શુકલ, લલિત મોહન ગાંધી, સનાતનબુચ, નલિનભટ્ટ, પ્રહલાદ પાઠક, વૈકુંઠ શાહના નાટકોનું પ્રકાશન થયું છે.'કાન્ત'નું સુપ્રસિધ્ધ નાટક 'રોમન સ્વરાજ' 'ગુજરાત'માં જ પ્રથમવાર પ્રસિધ્ધ થયું હતું.

o <u>'એ અમે બધા', હળવા નિબંધો અને 'ગુપ્તાની નોંધપોથી':</u>

'ગુજરાત'માં ધનસુખલાલ મહેતા, જયોતીન્દ્ર દવે અને મસ્તફકીરનું ગણનાપાત્ર સાહિત્યસર્જન પ્રસિધ્ધ થયું છે. ધનસુખલાલની વાર્તાઓ, લેખોના અનુવાદો 'ગુજરાતે' ઉમળકાભેર પ્રકટ કરેલા જેમાં પ્રકટતાં નર્મ - મર્મ ધનસુખલાલની હાસ્યકાર તરીકેની છબી ઉપસાવી આપે છે. 'ગુજરાત'ના માનીતા લેખકોમાં ધનસુખલાલ હોવાને કારણે 'ગુજરાત'ના મોટાભાગના અંકોમાં એમનું કંઈને કંઈ લખાણ જોવા મળે છે. પાછળના વર્ષોમાં તો તેઓ 'ગુજરાત'ની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી પણ વહન કરતા જોઈ શકાય છે. 'ગુજરાત'માં ધનસુખલાલે કરેલા પ્રદાનને વર્ણવતા ભાનુશંકર વ્યાસ એટલે જ નોંધે છે કે : ગુજરાતને અપનાવવામાં અને દફનાવવામાં ધત્તુભાઈએ એકથી વધારે વાર ભાગ

ભજવ્યો છે''૨૭. 'ગુજરાત'માં નિયમિત રીતે લખનારા ધનસુખલાલ વચ્ચેના સમયમાં કોઈ કારણોસર લખતા અટકી ગયા હતા ત્યારે જ્યોતીન્દ્ર દવેના લખવા પ્રત્યેના આગ્રહને જોઈને ધનસુખલાલે વિષય અંગેની મૂંઝવણ વ્યકત કરેલી. એના જવાબમાં વાતચીતો દરમ્યાન જ પુસ્તક પ્રકાશનો અંગેના મુદ્દા પર જ્યોતિન્દ્ર દવેએ લખવાનું સૂચવ્યું પરીણામે ધનસુખલાલ પાસેથી બે - ત્રણ દિવસમાં જ 'ગુજરાત' માટે 'પુસ્તક પ્રકાશન' પરનો લેખ (સંગ્રહિત - ભૂતનાં ભડકા-૧૯૩૨) મળ્યો હતો. આમ, જ્યોતિન્દ્ર દવે ધનસુખલાલના 'શસ્ત્રસન્યાસ'ના ત્યાગનું નિમિત્ત બન્યા.[૨૮] એકથી વધુ મૌલિકવાર્તાઓ, 'અમારી નવલકથા', સીનેમાનું જગત' જેવી લેખમાળા અને અનુવાદીત વાર્તાઓ 'ગુજરાતે પ્રસિધ્ધ કરીને ધનસુખલાલને વ્યાપક લોકપ્રિયતા અપાવી હતી.

ધનસુખલાલની સર્જનાત્મક શકિતને 'અમે બધા' એ શગ ચઢાવી હતી. જ્યોતીન્દ્ર દવે સાથે હાસ્યરસિક નવલકથાનું સોપાન જેમ 'ગુજરાત'ની સીમાચિહનરૂપ ઘટના છે તેમ ગુજરાતી સાહિત્યક્ષેત્રે પણ ધ્યાનાર્હ બને છે. ગુજરાતી હાસ્ય સાહિત્યમાં અપૂર્વ રહેવા સર્જાયેલી 'ભદ્રંભદ્ર' રમણભાઈ નીલકંઠના 'જ્ઞાનસુધા'માં હપ્તાવાર પ્રકાશિત થયેલી અને 'અમે બધા'નું પ્રકાશન પણ 'ગુજરાત'માં થાય છે. આમ ગુજરાતને હાસ્યરસિક નવલકથા આપવાનું શ્રેય સામયિકોને ફાળે જાય છે એ સાહિત્યિક પત્રકારત્વનું ગુજરાતને બહુમૂલ્ય પ્રદાન છે.

જ્યોતીન્દ્ર દવે 'ગુજરાત'ના સંચાલનમાં મુનશીના સહભાગી હતા. એ નાતે 'ગુજરાત'માં સર્જન અને વિવેચનની દિશાએ જ્યોતીન્દ્રનું લખાણ સંગ્રહાયેલું પડ્યું છે. ગુજરાતના હાસ્યલેખક તરીકે બહોળી પ્રસિધ્ધિ મેળવનારા જ્યોતીન્દ્ર ના હાસ્યનિબંધો 'મુરબ્બી', ખોટી બે આની, 'ઘૂંઘટવાળી' જેવી વાર્તા, જયાજયંત અને કલાપીના કાવ્ય વિશે હાસ્યરસિક શૈલીમાં થયેલું વિવેચન વાચકને ભરપૂર હાસ્યરસમાં ખેંચી જાય છે. એ લખાણોમાં વ્યકત થયેલી પંડિતયુગીન સંસ્કારિતા જ્યોતીન્દ્રનો વિશેષ છે. જ્યોતીન્દ્ર ધ્વારા ૧૯૨૭ થી શરૂ થયેલી

'ગુપ્તાની નોંધપોથી' અનેક રીતે વિલક્ષણ છે. આજના સમયે પ્રાધ્યાપકની ડાયરી' (નરોત્તમ પલાણ) કે 'મોડીયામેનની ડાયરી' (ઈન્દુ પુવાર) અને 'જિજ્ઞાસુની ડાયરી (પુરુરાજ જોશી)માં વિશેષત: કોઈ પ્રવૃત્તિ અને એ સાથે કોઈ ગંભીર ભાવના - વિચારને મૂકાયા છે. જ્યારે 'ગુપ્તાની નોંધપોથી સમકાલીન ઘટનાઓ ને હાસ્ય વ્યંગની નજરે જોવાયેલી છે કયારેક વાતને વળ ચઢાવી, અત્યુકિત કરીને એને બહેલાવવામાં જ્યોતીન્દ્ર અહીં પૂરા સફળ થયા છે. મુનસીની ધારાસભામાં જવા અંગેની ઉમેદવારી, મહાપુરુષોની જયંતિ, ઉત્સવો જેવી નોંધ સાથે કજોડાં, દૂધ, અખબારના વાચન, પાદપૂજા નામને બગાડવાની કળા જેવા અનેક ગિત - પરિચિત વસ્તુવિષયમાં સધાયેલા નિર્ભેળ હાસ્યો જ્યોતિન્દ્ર દવેને ઉત્તમ હાસ્યકાર તરીકે ઠેરવે છે. એ કારણે જ 'ગુપ્તાની નોંધપોથી' 'ગુજરાત'નું વિશિષ્ટ અંગ બની રહેલી. તંત્રી જ્યોતીન્દ્રને બિરદાવતા ઉમળકાથી નોંધે છે : ''રા.ગુપ્તા ગુજરાત ના ઉકરડામાંથી અમને મળી આવેલું એક મહામુલું રત્ન છે અને તેથીયે અધિક મૂલ્યવાન એ ગુપ્ત પણ મહાન વિચારકની નોંધપોથી છે. મહાનુભાવની નોંધપોથીમાંથી આજના બળતા પ્રશ્નો ઉપર ખૂબ જ ઠંડુ પાણી નંખાશે''[૨૯] એ વિધાન ખરે જ યોગ્ય લાગે છે. 'ગુપ્તાની નોંધપોથી'માં રમૂજપ્રિયતા સાથે વિચારનો ઝોક જે કુશળતાએ નિરૂપીત થયો છે એ વિચાર સમકાલીન પ્રશ્નોની સાથે માનવજીવનના પ્રશ્નો-મર્યાદાઓને ચીંધી આપે છે એ રીતે આ નોંધપોથી સ્મરણમાં રહેશે.

'સદી'થી જાણીતા થયેલા મસ્તફકીરના 'એ શું હતું ? મારા કાકાનો કાકાકૈઆ' જેવા હાસ્યલેખો 'ગુજરાત'માં સ્થાન પામેલા છે. અન્ય હાસ્યલેખકોમાં 'વિનોદકાંત' ઉપનામે લખતા વિજયરાય 'ગુજરાત'ના કેટલાક અંકોમાં હાસ્યસર્જન પ્રતિભાનો પરિચય કરાવે છે. 'ખુલ્લા બટન', શરીર મહિમાનું સ્તોત્ર', 'અગ્નલેખનું લેખન', 'વિદ્વાનોને અર્પણ' જેવા વિનોદલક્ષી નિબંધો ગુજરાતે પ્રસિદ્ધ કર્યા છે. એ ઉપરાંત 'દરના', દેવેન્દ્ર રણછોડરાય મજમુદાર જેવા અજાણ્યાં લેખકો પણ 'ગુજરાત' માં હાસ્યલેખો આપે છે. વિજયરાયના 'સંસદ' છોડી જઈને 'કૌમુદી'નું પ્રકાશન

પ્રકાશન હાથ ધરવાના સાહસ અને મુનશી સાથે છંછેડાયેલા વિવાદનું રમૂજપ્રિય આલેખન 'વજો તંતરિયો' કથામાં પ્રસિધ્ધ થયું છે. 'ઉર્મિ' અને 'પ્રજાબંધુ' એ 'અપરસ' ઉભો કરતી કથા કહીને આ કથાના લેખક ચન્દ્રવદન મહેતાની ટીકા પણ 'ગુજરાત'માં જ કરેલી. આ કથાના અન્ય પ્રકરણો 'કૌમુદી' અને 'માનસી' માં પણ પ્રસિધ્ધ થયા હતા. વિજયરાય - મુનશીના સ્વભાવ ગુણ-દોષોને આલેખતા રમૂજી કથાને 'ગુજરાત'ના સંચાલકોએ ખેલદિલીથી સ્વીકારી હતી એ વાત નોંધવા યોગ્ય છે. મુનશી તો 'ઉર્મિ' ની ટીકાને 'ઉપદેશ આપવાની ખ્વાહેશનું નિષ્ફળ પ્રવચન' ગણાવીને 'ગુજરાત'માં કટાક્ષલેખકોની જરૂર પર અને કટક્ષાથી ન ધવાય એવા માનસની જરૂરિયાત પર ભાર મૂકે છે. એ ઉપરથી અનુમાન થઈ શકે છે કે લેખ, વાર્તા કે નાટક જેવા સર્જન સ્વરૂપોમાં વિનોદીઅંશનો સ્વીકાર 'ગુજરાતે' વધાવ્યો જ છે.

o <u>સંવાદ</u> :- અંગ્રેજીમાં પ્રસિધ્ધ એવા લેન્ડોરના કાલ્પનિક સંવાદોમાંથી પ્રેરણા લઈને એ સમયમાં 'કાન્ત', ચોંપશી ઉદ્દેશી, ગજેન્દ્રરાય બુચ જેવા સર્જકોએ આ વિશિષ્ટ સાહિત્ય પ્રકારને પ્રયોજવાનો પ્રયત્ન સામયિકો ધ્વારા જ કર્યો છે. ગજેન્દ્રરાય બુચના કાલ્પનિક સંવાદો અને વાસ્તવિક વાતચીતોનું પ્રકાશન 'ગુજરાતે' કર્યું હતું. કલ્પના અને વાસ્તવિકતાના પ્રદેશ વચ્ચે કેટકેટલી ભિન્નતા છે એ દર્શાવવાનો હેતુ અહીં કંઈક અંશે સફળ બન્યો છે. 'વીસમી સદી', 'નવચેતન', 'ગુજરાત' અને એ અગાઉના સામયિકોમાં જોવા મળતો 'સંવાદ' સાહિત્ય પ્રકાર એ જ સમયગાળામાં લુપ્ત થયો છે.

o <u>'મારી હકીકત' નું પ્રકાશન</u> :-

નર્મદની આત્મકથા 'મારી હકીકત' ની પ્રસિધ્ધિ 'ગુજરાત'માં ૧૯૨૫ થી શરૂ થઈ હતી. નર્મદની આ પ્રસિધ્ધ આત્મકથાના કેટલાંક વિરામો 'ગુજરાત'ના પાને જ સજીવન થયા છે એ રીતે મુનશીએ વર્ષો સુધી દબાવી રાખેલી ઈચ્છા અને નર્મદ પ્રત્યેનો અહોભાવ આત્મકથાના વિરામોને પ્રકટ કરવામાં જોઈ શકાય છે.

○ <u>લેખ સામગ્રી</u> :-

વિધ્વાન લેખકોની કલમે અનેકવિધ વિષયોનું ખેડાણ કરતી 'ગુજરાત'ની લેખ સામગ્રી સમૃધ્ધ છે. એક અંતિમે વિજયરાયનો 'પ્રિયા વિરહના સંસ્કૃત કાવ્યો' જેવો લેખ તો બીજા અંતિમે અનંતરાય રાવળ જેવા ઉગતા વિવેચકે ગુજરાતી સાહિત્યમાં ગવાયેલા આંસુ મહિમાના ઉદાહરણો સાથે રસપ્રદ ચર્ચા કરતો લેખ પણ 'ગુજરાત'માં પ્રકટ થયો છે. વ્યકિતચિત્રો દોરતા લેખોનું ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વ આંકી શકાય એવા લેખોમાં 'કાંત' વિશે લાભશંકર ભટ્ટ, સ્વ. આશુતોષ મુખરજી વિશે - એરચ જહાંગીર સોરાબજી તારાપોરવાળા, ભગવાન કૃષ્ણના યોગેશ્વર પણા વિશે દુર્ગાશંકર શાસ્ત્રી, ઓમરખયામના જીવનકવનનો પરિચયલેખ કૃષ્ણલાલ ઝવેરી પાસેથી સાંપડે છે. નરસિંહરાવની ભાષાશાસ્ત્ર વિષયક વિચારણાને તપાસતો વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો લેખ ઉત્તમ અભ્યાસ લેખ બની રહે છે તો સુપ્રસિધ્ધ નાટયકાર મોલિયેર, બાદશાહ ઝફર જેવા વ્યકિતઓનો જીવન-વિષયક પરિચય આસ્વાદ્ય છે.

સમાજજીવનને ધ્યાનમાં લઈને લખાયેલા લેખોમાં મુખ્યત્વે તો ગુજરાતના સાંસ્કારિક પાસાને અભિવ્યકત કરવાનો પ્રયત્ન જોવા મળે છે. 'ધર્મનો દૃષ્ટિકોણ બદલાવો. ગિરજાશંકર ત્રિવેદી, કલા અને ધર્મ - હરિપ્રસાદ દેસાઈ, ગુજરાતનું રાષ્ટ્રીય વ્યકિતત્વ - ખુશાલ શાહ, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં સ્ત્રીઓનું સ્થાન મોતીચંદ કાપડીયાના લેખોમાં સમકાલીન સ્થિતિ અને ગુજરાત સુધારા વિષયક પ્રશ્નોનો જે સામનો કરી રહયું હતુ. એ વિષયની ચર્ચાઓ ~~જ~~ જોવા મળે છે. 'સ્નેહરશ્મિ'નો 'આધુનિક ઈતિહાસને ઘડતા સમાજબળો' લેખમાં ઉદ્યોગવાદની સાથે ~~xxxx~~ ટાગોર, રસેલ, રશિયાનો સ્વૈરવાદી પ્રીન્સ કે. પોટસ્કીનની વિચાર ચર્ચાઓ ગૂંથાયેલી છે.

સંસ્કૃતિથી પૂર્ણરંગે રંગાયેલા 'ગુજરાત'માં ઐતિહાસિક લેખોનું વૈવિધ્ય જોવા મળે છે. ભરતરામ મહેતા, દુર્ગાશંકર શાસ્ત્રી, મુનશી, રમેશ રંગનાથ પારેખાન,

નાજુકલાલ ચોકસી, નરોત્તમ પટેલ, ગજેન્દ્રશંકર પંડયા , હીરાલાલ કાપડીયા, ધનપ્રસાદ મહેતા જેવા અનેક લેખકો દ્વારા મળતાં ઐતિહાસિક લેખોમાં ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિની સાથે સમગ્ર વિશ્વના ઈતિહાસ તરફ જોવાની વિશાળ દૃષ્ટિ નો પરિચય મળી રહે છે.

'ગુજરાત'માં રમતગમત, કેળવણી, વિજ્ઞાન વિષાયક લેખો પણ પ્રસિધ્ધ થયેલાં છે. 'ગુજરાતનું શરીર' જેવા 'સૈનિક' ના લેખમાં શરીર કેળવણી વિશે જાણકારી અપાઈ છે. 'ગુજરાતમાં વ્યાયામ શાળાઓની સ્થાપના અને વિકાસ' વિષાયક મહત્વના સૂચનો કરતો અંબાલાલ પૂરાણીનો લેખ અહીં મળે છે. 'મગર અને માનવી ની મલ્લકુસ્તી' જેવો લેખ છેલશંકર વ્યાસે લખ્યો છે. એ લેખની સાથે મૂકાયેલી તસવીરો વાચકોને રોમાંચક અનુભવ કરાવી રહે છે. કેશવપ્રસાદ દેસાઈનો 'વગર તારે સંદેશા મોકલાશે' લેખ વિજ્ઞાન સિધ્ધિઓની મહત્તા દર્શાવે છે. આ પ્રકારના લેખોને જોતા એમ કહી શકાય કે 'ગુજરાતે' પ્રજાકીય રસ-રુચિને પોષક એવી સામગ્રીનું પ્રકાશન કરવામાં સજાગ વૃત્તિ કેળવેલી. સાહિત્યની સાથે ધર્મ, કેળવણી, ઈતિહાસ, ઐતિહાસિક સ્થળો -સ્થાપત્યો અને શરીર કેળવણીના લેખો એ જમાના ના માંગની જ નીપજ છે.

'ગુજરાતે' પ્રસિધ્ધ કરેલા સાહિત્ય વિષાયક લેખો મધ્યકાળના સાહિત્યથી માંડીને સાંપ્રત સાહિત્યની ગતિવિધિઓ પર પ્રકાશ ફેંકે છે. કવિ ખબરદારના મુક્તધારા છંદ વિશે મનહરરામ મહેતાએ અહીં વિસ્તૃત ચર્ચા કરી છે. 'ગાંધીયુગ' અને પૂર્વયુગ' ની તુલના કરતો અંબાલાલ પુરાણીનો લેખ, ઉષાહરણ કે અનિરુધ્ધ હરણ ? વિશે ચર્ચા કરતો ચૈતન્યબાલા મજમુદારનો લેખ ધ્યાન ખેંચે છે. ભરૂચના જૈન કવિ જયસિંહસૂરિના સાહિત્યની ધનપ્રસાદ મુનશીએ સમાલોચના કરી છે. 'ભારતીય સાહિત્ય અને ભાષા વિષાયક મુનશીએ કરેલી ચર્ચા, 'ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીનું સ્થાન' જેવા અભ્યાસલેખો તેમન ગુજરાતી સાહિત્યના કેટલાંક સ્ત્રીપાત્રો' ની ચર્ચા કરતો રંજિતલાલ પંડયાનો લેખ 'ગુજરાત'ની અભ્યાસકીય દૃષ્ટિનો ખ્યાલ આપે છે. મુનશીનો 'અર્વાચીન સાહિત્યનો પ્રધાન

સ્વર : જીવનનો ઉલ્લાસ', 'દયારામ – ગુજરાતનો પ્રણયકવિ' તેમજ 'ગુજરાતના જ્યોતિર્ધરો'માં ગુજરાતની વિરલ પ્રતિભાઓને દર્શાવી આપવાની લેખક કુશળતા અહીં જોઈ શકાશે. 'રસાસ્વાદનો અધિકાર' જેવો લેખ મુનશીની કળાવિભાવનાને પ્રકટ કરીને 'કલા ખાતર કલા' ના વાદને પુરસ્કારે છે. જીવન મૂલ્યની સામે કળાકૃતિના રસકીય મૂલ્યને, કળાકૃતિના સૌંદર્યને પ્રકટ કરવાની ધારદાર દલીલો કરતો આ લેખ 'ગુજરાત'માં પ્રકટ કરીને મુનશીએ ગુજરાતી સાહિત્યના સ્થિરજળ સામે નવો પડકાર મૂકયો હતો.

'ગુજરાત'માં પ્રકટ થયેલા કેટલાંક લેખોમાં સમકાલીન સ્થિતિનું પૂર્ણરૂપે પ્રતિબિંબ ઝિલાયું છે ચ્યવનરાય શુકલનો 'કેટલાંક સંવનન' નામે મળતો લેખ એ દિશાનો છે. ઉર્મિરાય શૈલીમાં પ્રસિધ્ધ થયેલા આ લેખમાં સર્જક પ્રારંભે જે નોંધે મૂકે છે એ આજના સમયે પણ એટલી જ યથાર્થ લાગવા સંભવ છે. લેખકે નોંધ્યું છે : ''સંવનનનું સાહિત્ય ગુજરાતી ભાષામાં નથી જ એમ કહીએ તો ચાલે ખુદ સંવનન શબ્દનો અર્થ જ આપણામાંના ઘણાંને અપરિચિત છે અને જયાં પ્રેમ યાચના, લગ્નગોઠડી જ ન હોય ત્યાં એના સાહિત્યની આશા શી રીતે રાખી શકાય ? પણ જેમ બીજી કેટલીક બાબતોમાં બન્યું છે તેમ અંગ્રેજી નવલકથાઓ તથા સંસ્કૃત નાટકો વાંચી વાંચી આદર્શવાદી બની 'હૃદયદ્વિતીયા' શોધનારા નવલોહિયા યુવક યુવતીઓ સંજોગો પ્રમાણે દબાતાં, ચંપાતા કે ઉઘાડ છોગે લાયબ્રેરીના ખુણા કે બાગની ઘટાઓના આશ્રય લેતા થયા છે''[30] યોગ્ય જીવનસાથીની પસંદગીના ક્ષેત્રથી સંવનન સુધીના સમયગાળાનું મહત્વ આ લેખ આંકી આપે છે. સાથોસાથ આપણા રૂઢિગત સમાજના મૂલ્યોની સામે એ ચેતવણીનો સ્વર પણ સંભળાવે છે. 'ગુજરાત યુનિવર્સિટી' વિશે આનંદશંકર ધ્રુવે લખેલા લેખોમાંનો એક લખે 'ગુજરાત યુનિવર્સિટી' 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયો છે. અમદાવાદમાં યુનિવર્સિટી શા માટે જોઈએ ? એ વિશે મુદ્દાવાર સમજૂતી આપતા આનંદશંકરે લખ્યું છે : ''મુંબઈની ઉચ્ચ કેળવણી અને સ્વતંત્રતાનું વાતાવરણ જે મુંબઈમાં જ ભરી મૂકયું છે. તેનો વિસ્તાર ગુજરાતના સર્વભાગોમાં

૩૧.

થવો જોઈએ અને એજ ખરું પ્રજાજીવન છે રાજધાની એ જ પ્રજા નથી. કૂપમંડુકવૃત્તિ બેરાક ખોટી છે પણ કૂવા અને નદીઓ વિના મનુષ્ય જીવન કેવું ? સાગરથી નદીઓની ગરજ સરે ? બલ્કે નદીઓ વિના સાગર કેવો ? ગુજરાત વિના મુંબઈ માં પણ તેવું જ''[૩૧]. આનંદશંકરની કેળવણી વિષાયક દૃષ્ટિ અને તેમની 'વાતાવરણ' રચવાની આતુરતાનું દર્શન આ લેખ કરાવે છે 'પ્રાસંગિક ચર્ચા' લેખ માં સુમંત મહેતા સ્ત્રી ઉન્નતિના યુગ વિશે નોંધે છે કે : ''જેવી રીતે ૧૯૧૯ થી ૨૪ સુધીના પાંચ વર્ષ રાજકીય અસહકારના યુગ ગણાય છે તેમ ૧૯૨૫ થી ૩૦ સુધીનો યુગ સ્ત્રી ઉન્નતિના ક્ષેત્રો ઉઘડવાની આશા જે રીતે વ્યક્ત થઈ છે એમાં એ સમયના સામાજિક ઉત્થાનના પગરણ સાંભળી શકાશે. સ્ત્રી જાગૃતિના એ સમયગાળામાં 'ગુજરાત'ની પ્રશ્નાવલિ, વાસુદેવ જોશીના 'હિંદુ સ્ત્રીઓના કાયદેસર હક' જેવા ચર્ચાલેખો અને તંત્રીની કલમે મળતી નાની - મોટી નોંધમાં સ્ત્રીઓને સમાજના અન્ય ક્ષેત્રો પ્રતિ દોરવાનો, ઉત્સાહ પ્રેરવાનો આશય વ્યક્ત થયા કર્યો છે.

'ગુજરાત'માં કેટલાક લેખો લેખમાળા સ્વરૂપે પ્રકટ થયેલા જે જુદી જુદી દિશાની વિશદ માહિતીઓ અને અભ્યાસ પુરો પાડનારા છે. વિવિધ નૃત્યની અંગ-ભંગિઓની તસવીરો સાથે 'નૃત્યકલા' નો શાસ્ત્રીય પરિચય આપતો ફીરોજશાહ મહેતાનો લેખ સળંગ ચાર અંકોમાં પ્રકાશિત થયેલો ભાલણના સમગ્ર જીવન, કવન અને ભાષાવિકાસે 'ગુજરાત' માં લેખમાળા સ્વરૂપે જ પ્રસિધ્ધ થયો છે. 'ગુજરાતી સાહિત્યના યાત્રાળુઓ' એ લેખમાળામાં શંકરપ્રસાદ રાવળે ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર સર્જકોના સર્જન વિષાયક સમીક્ષા હાથ ધરી હતી. 'મહાગુજરાતના સંસ્થાનો' અને 'બેકારીની મીમાંસા' જેવા વિસ્તૃત લેખો ડુંગરશી સંપટ દ્વારા અહીં લખાયેલા છે. માર્ચ - ૧૯૩૨ થી શરૂ થયેલી જયસુખલાલ મહેતાની 'જગતના અરણ્યમાં' લેખમાળા સમાજચિંતન આપે છે. આમ, 'સાહિત્ય', 'વીસમી સદી' થી 'પ્રસ્થાન' સુધી નજર નાંખીએ છીએ ત્યારે તેમાં પ્રકટ થયેલી લેખમાળાઓ વિશેષ ધ્યાન ખેંચે છે.

આવી લેખમાળાઓ અભ્યાસ દૃષ્ટિએ, સમાજચિંતન અને સાહિત્ય આબોહવાનું નિદર્શન આપવાનો સફળ પરિશ્રમ કરે છે દેશના ખ્યાત સ્ત્રી પુરુષોના જુદા જુદા દૃષ્ટિબિંદુથી આલેખાતા શબ્દચિત્રો પશ્ચિમના સાહિત્યમાં વ્યાપકપણે પ્રકટ થઈ રહ્યાં હતા ત્યારે ગુજરાતી સાહિત્યમાં વ્યાપકપણે પ્રકટ થઈ રહ્યા હતા ત્યારે ગુજરાતી સાહિત્યમાં પણ એવા શબ્દચિત્રો આલેખવાનો પ્રયાસ 'ગુજરાત'માં જોઈ શકાય છે ' આપણા કેટલાક મહાજનો'ની તીખી તમતમતી લેખમાળા 'સુંદરરામ ત્રિપાઠી' ના ઉપનામે બટુભાઈ ઉમરવાડીયાએ લખેલી. પહેલાં જ મણકામાં એ સમયની પ્રચૂર ગાંધીભકિત દ્વવાય એવા ગાંધીજીના ચરિત્રનું પૃથ્થકકરણ કર્યું ન્હાનાલાલને આનંદશંકરની પણ ઝાટકણી કાઢી એટલું જ નહી પણ 'ગુજરાત'ના તંત્રીની (મુનશી) 'ગુજરાત'ના પાનાઓ પર જ આકરી ટીકા કરી. આ લેખમાળાને કારણે બટુભાઈ અને 'ગુજરાત'ને ઘણાં વાદ-વિવાદનો સામનો કરવો પડેલો. મુનશીએ નોંધ્યુ છે : ''એ લેખમાળાને કારણે દુશ્મનો વધ્યા. લોકોએ તો માન્યું કે એ લેખો મેં લખાવ્યા હતા. પણ હું તો કમને એને 'ગુજરાત' માં પ્રસિધ્ધ કરતો''[૩૩]. આ લેખમાળા નિરીક્ષણ-શકિત અને સચોટ આક્ષેપાત્મક શૈલીનો સુંદર નમૂનો છે અને કેટલાંક ભાગોમાં તો એ 'જૂનિયસ' નું સ્મરણ કરાવે છે તેવું મુનશીનું માનવુ હતું. એ સમયે પ્રસિધ્ધની ટોચે બેઠેલા વ્યકિતઓ વિશે જાહેરમાં બેધડક લખવાની અને એ લખાણને પ્રકાશિત કરવાની વાત આજે પણ રોમાંચનો અનુભવ કરાવે એવી છે.

○ <u>વિવેચનનાં ધોરણો</u> :-

'ગુજરાત'ના લેખકોમાં વિજયરાય વૈદ્ય, બટુભાઈ ઉમરવાડીઆ અને શંકરપ્રસાદ રાવળે કંઈને કંઈ લખતા રહીને 'ગુજરાત'ને પ્રાણવાન બનાવ્યુ છે જેમાં અવલોકન સમીક્ષાલેખો મુખ્ય છે, અતિખ્યાત સર્જકોની કૃતિઓના દેખાતા દોષોની સામે પણ એમણે તટસ્થ બુધ્ધિએ અને સમતોલભાવે કડક પરીક્ષણ કર્યું છે. કેટલીક વાર અન્ય વિધ્વાનોને હાથે પણ સમીક્ષાઓ થઈ હોવાને કારણે તેમાં જેમ

નાવિન્ય છે તેમ જુદા જુદા અભ્યાસીઓને તક આપવાની નીતિ અહીં જોવા મળે છે. વિવચનના વિસ્તૃત લેખ અભ્યાસો 'ગુજરાત'માં ઓછા છે તે છતાં 'ગુજરાત'ના વિવેચન ધોરણો હંમેશા આકરા રહયાં હતા. બ.ક. ઠાકોરના 'ઉગતી - જુવાની' માટે વિજયરાયે ઉચ્ચારેલું નિર્ભીક કથન આનું ઉદાહરણ છે. વિજયરાયે લખ્યું છે કે : '' 'ઉગતી જુવાની' પ્રતિભાની જે કસોટી છે તેમાંથી પાર નહીં ઉતરી શકે કેમકે તે કવિની કૃતિ નથી એટલી વિધ્વાનની છે નહી રતિ, નહી શૃંગાર, નહીં ઉત્સાહ, નહી વીરત્વ, નહી શોક - માત્ર જેનો સ્થાયીભાવ શમ છે. આ નાટક કથીર તો નથી જણાતું પણ કંચન છે એમ કહેતા બહુ સંકોચ થાય છે''[૩૪].

વિવેચનના આ ધોરણોમાં કેટલીકવાર એ વિવેચક પાસેથી પ્રજાસમૂહના ઝોકની અને એમના વલણની ચિત્રાવલી પણ સાંપડતી હોય છે. 'ગુજરાત'માં ઐતિહાસિક લેખોની વૈવિધ્યસભર શ્રેણી આપનાર દુર્ગાશંકર શાસ્ત્રી પણ આ વિભાગમાં સમીક્ષા લખતા રહયા હતા. છેક ૧૯૨૬ માં સ્ત્રી લેખિકાનું જાતીય શિક્ષણ અંગેનું 'જુવાનાએ જાણવાનીને પરણેલાઓએ પાળવાનો '(લે. દિવાળી ત્રિવેદી) જેવા પુસ્તક વિશે એમણે રસપ્રદ અવલોકન કર્યું હતું. ઉછંગરાય ઓઝાના 'અજોજી ઠાકર' પુસ્તકના કદના પ્રમાણમાં કિંમત વધુ જોતા તેઓ સ્પષ્ટ કહે છે કે : '' વાર્તા ગમે એવી સારી હોય છતાં વધારે પડતી કિંમતને લીધે તેનો પ્રચાર થવો જોઇએ તેવો થતો નથી. એકની ચોપડીએ પચાસ જણ ચલાવી લેનારા ગણતરીબાજ ગુજરાતના વાચકોની નાડ પારખીને જ પુસ્તકોની કિંમત અંકાવી જોઇએ''[૩૫]. શંકરપ્રસાદ રાવળે ન્હાનાલાલના નાટક 'રાજર્ષિ ભરત'ની સમાલોચના કરતી સમયે કવિની આ કૃતિ અને એમના જીવનવિકાસને લક્ષમાં લઈને કૃતિની નબળી બાજુઓ ચીંધી આપી છે. 'ઇંદુકુમાર' કે 'જયા-જયંત' ની નીતરેલી નવીન ભાવનાઓ કે નવીન વિચારોની પરંપરા સામે 'રાજર્ષિ ભરત'માં નવીનતાના અભાવ વિશે થયેલી ચર્ચા નિર્ભીક વિવેચનનો દાખલો બેસાડી આપે છે. ન્હાનાલાલના 'સાહિત્યમંથન' વિશે વિજયરાયે લખેલી નોંધ પણ એ જ દિશાની છે. વિજયરાયે લખ્યું છે : '' ન્હાનાલાલ કૃત 'સાહિત્યમંથન' 'ગુજરાતને અવલોકનાર્થે મોકલાયું

૩૪.

ન હતું. છતાં એમના જેવા લબ્ધપ્રતિષ્ઠ લેખક જેમનાથી ગુજરાતી લેખકો હજી ઘણે ભાગે મુગ્ધ છે. તેમની કૃતિના ગુણાવગુણની માહિતીથી વાચકોને વંચિત ન રાખવાના શુભ હેતુથી લખેલા આ વિવેચનમાં ન્હાનાલાલના 'વિવેચન મંદિરની ચારે દિવાલોના બિંબ પાયાની' વાત કરતા કહેવાયું છે : '' કોણ નથી જાણતું કે આ મોહમયી શબ્દાવલિની મૃગતૃષ્ણા તરફ ધસવા કરવામાં કવિ કલ્પનાએ જબરી થાપ ખાધી છે ? રસતત્વની પિછાન કરવા કરાવવાને બદલે મૂલ કૃતિની ખીંટી પર પોતાના અપ્રસ્તુત કે અર્ધપ્રસ્તુત રસાલંકારો લટકાવીને તેની રસિકતા ને નષ્ટ કરવાનો ઉદ્યમ આદર્યો છે ?''[36] માત્ર, કૃતિ પરીક્ષા જ નહીં પરંતુ સમગ્ર વિવેચન પ્રક્રિયામાં વ્યાપ્ત જડ અને રૂઢતત્વો સામે પોતાનો રોષ પ્રકટ કરીને વાર્ષિક ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા રીતિ પ્રત્યે કેવો વિચાર 'ગુજરાત' મૂકી આપે છે તે જૂઓ : ''થોડાક વર્ષો ઉપર પ્રતિવર્ષે જૂજ પુસ્તકો પ્રસિધ્ધ થતા અને તે સમયના સાક્ષરો સરકારી સિવિલિયનોની પેઠે દરેક દરેક કાર્યમાં નિષ્ણાત ગણાતા એટલે કદાચ તે સમયે વાર્ષિક સમાલોચના કરવાનું કાર્ય એક જ વ્યક્તિને સોંપવામાં આવત તો બહુ વાંધાભર્યું લેખાત નહિ પરંતુ આધુનિક સમયની પરિસ્થિતિ જુદી છે. પ્રસિધ્ધ થતાં પુસ્તકોની સંખ્યા વધી ગઈ છે અને વિભાગોના પ્રકારમાં પૈ વૃધ્ધિ થઈ છે, આ વસ્તુસ્થિતિમાં અમુક વ્યક્તિ ગમે તેવી પ્રભાવશાળી હોય છતાં પણ જુદાજુદા વિષયના અનેક પુસ્તકોને એ ન્યાય આપી શકે તેમ ધારવું હાસ્યજનક છે. નવલકથા, નવલિકા, સાહિત્યસબંધી નિબંધો કાવ્યો, વિવેચન, મુસાફરી, નવલિકા, ધર્મ, સમાજ, રાજકારણ, જીવની, રસાયણ, વિજ્ઞાન, આદિશાસ્ત્રો પરત્વે લખાયેલ પુસ્તકોનું એક જ વ્યક્તિ વિવેચન કરી શકે એવી સમર્થ વ્યક્તિ જવલ્લેજ જોવામાં આવે છે. તે ઉપરાંત આ જમાનો સ્પેશલાઈઝેશનનો છે અને પ્રજાજીવનનો વિકાસાર્થ એ જ ઉત્તમ છે. આ બધુ ધ્યાનમાં લેતા પુસ્તકોને મોટામોટા ત્રણ કે ચાર વિભાગમાં વહેંચી નાંખી તે તે વિભાગના નિષ્ણાત વિવેચકને આ કાર્ય પ્રત્યેક વર્ષે સોંપવામાં આવે તો આવી સમાલોચના કરાવવા પાછળ રહેલ ઉચ્ચ આશય ફળીભૂત થવાના સંભવ વધારે છે એમ ખાતરીપૂર્વક કહી શકાય''[37] વિવેચનના ખરા

આશયના આ દિશાસૂચન પરથી સ્પષ્ટ છે કે યોગ્ય વ્યક્તિ ધ્વારા યોગ્ય કૃતિની સમીક્ષાનું વલણ 'ગુજરાતે' મૂકી આપ્યું છે. વિવેચનની દિશાને સ્પષ્ટ કરવા માટે એક સામયિક જાગૃત પ્રહરીની ભૂમિકા કેવી રીતે નિભાવી શકે તેનો દાખલો પણ 'ગુજરાત' બેસાડી આપે છે. મહાસુખભાઈ ચુનીલાલના 'કાવ્યસરિતા' પુસ્તકનું ર.વ. દેસાઈએ લખેલા આમુખનો ઉધડો લેતા વિજયરાયનું વિધાન આ દિશાનું છે તેમણે લખ્યું છે કે ''પ્રતિષ્ઠિત લેખકોએ પ્રસ્તાવનાઓ લખી આપવામાં સસ્તા થવાની કંઈ જરૂર નથી. આપણા સાહિત્યના આ યુગે તેના સાહિત્યકારો પ્રત્યે ઉદારતા દાખવવા સાથે એટલા જ કડક થવાની પણ જરૂર છે''[૩૮] વિવેચનક્ષેત્રમાં વિવેચકોની આંખ કેવી સમગ્રતાથી ફરી રહી હતી તેનો આ ઉપરથી અંદાજ આવી શકશે. વિવેચનનાં કડક વલણો અને રોકડું પરખાવવાનો સ્વભાવ ધરાવનારા આ વિવેચકોએ વિવેચનનું એક નિશ્ચિત વલણ ઉભું કરવામાં 'ગુજરાત' ધ્વારા પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે એમ સ્વીકાર્યા વિના રહી શકાશે નહીં.

'ગુજરાત'માં વિગતે થયેલા અવલોકનોની સંખ્યા ઓછી હોવા છતાં સ્વતંત્ર અવલોકના રૂપે લખાયેલા સમીક્ષા લેખોનું મહત્વ એટલું જ છે. એ સમયગાળાના છિદ્રાન્વેષી વિવેચનની સામે રોષ વ્યક્ત કરીને રતિપતિરામ પંડ્યાએ કરેલી 'રાજાધિરાજ'ની સમીક્ષા કે નવલરામ ત્રિવેદી, અનંતરાય રાવળના લેખો આ પ્રકારના છે. 'ગુજરાત'નાં પાછળનાં વર્ષોમાં પુસ્તકોને વિભાગવાર અવલોકવાનું વલણ દેખાય છે પુસ્તકોની મુદ્રિત સામગ્રીના વ્યાપને કારણે આવા વિભાગીકરણનો આશ્રય 'ગુજરાત' લે છે એવું અનુમાન થઈ શકે. આ સમીક્ષાઓમાં મહત્વની કૃતીઓને યોગ્ય ન્યાય આપીને એનુ વિસ્તારથી અવલોકન કરાયું છે જેમાં ઉધાડછોગે આકરા વિધાનો કરવાનું અને કૃતિમાં ઉત્તમતા જણાય તો નવલરામના મત મુજબ 'દસ વાર પીઠ થાબડવાનું' પ્રાબલ્ય જોવા મળે છે. એ સાથે એ વાત પણ નોંધનીય છે કે અહીં સ્વતંત્રતાનો જે પ્રકટ અવાજ છે એ આજેપણ વિલક્ષણ લાગવા સંભવ છે. આવી દ્રષ્ટિનો પરીચય 'અમે બધા'નું અવલોકન કરતાં બાનુશંકર

વ્યાસ પાસેથી મળે છે. જૂઓ એ નોંધ : ''આ પ્રમાણે તમે દર વખતે એકાદ પુસ્તક મોકલો અને મ્હને પત્ર લખવાની ફરજ પાડો એ મ્હારી પ્રકૃતિને એટલું પ્રતિકૂળ છે કે ત્હમારી એ રીત સામે હું મારો વિરોધ જાહેર કરું છું. અમુક પુસ્તક વાંચ્યા પછી એ વિશે ત્હમે મારો અભિપ્રાય પૂછાવો તો એ લખવામાં મ્હને વાંધો નથી તનને રૂચે એ સ્વરૂપમાં પણ હું અભિપ્રાય લખી મોકલુ પણ ત્હમે એક જ પુસ્તક મોકલો અને એ જ મારે વાંચવુ અને તે વિશે જ મારે લખી મોકલવું એ કેવો જૂલમ ! માટે હવેથી બે - પાંચ પુસ્તકો સાથે જ મોકલજો અને તેમાંથી મારી મરજી પ્રમાણે મારે એક વાંચવું (બે પણ વાંચુ) એટલું સ્વાતંત્ર્ય લેવાનો તે નોંધી રાખજો''[૩૯] વિવેચનરીતિના આ નિરીક્ષણો વિશિષ્ટ શૈલીનાં અને એ સમયની સમકાલીન સાહિત્યિક સ્થિતિને આંકી આપનારા સીમાચિહનરૂપ છે.

○ સમકાલીન સાહિત્યનો પરિચય :-

(૧) સ્વીકારનોંધ :-

'સ્વીકાર નોંધ' જેવા મહત્વના વિભાગમાં પુસ્તકના લેખક, પ્રકાશક વિક્રેતા અને પ્રકાશકનું સરનામું કિંમત દર્શાવીને પુસ્તકોની મિતાક્ષરી નોંધ મુકવામાં આવતી. જેના કારણે વાચકોને વિવિધ પુસ્તકોના પ્રકાશનની, વિભાગવસ્તુ અને પુસ્તકના વિશિષ્ટની જાણ થતી. 'સ્વીકારનોંધ' વિભાગ મિતાક્ષરી નોંધ સરખો હતો. રવિન્દ્રનાથના નાટક 'રાજારાણી'નો ઝવેરચંદ મેઘાણી પાસેથી અનુવાદ મળે છે ત્યારે 'સ્વીકારનોંધ' માં જ એની ટૂંકી સમીક્ષા કરતા લખે છે કે : ''નાટકનું વસ્તુસ્વરૂપ અને તેની અનુક્રમણિકા જોતા વાચક-વર્ગના હૃદયમાં તે વાંચતા જે એક રસાદ્રતા ઉત્પન્ન થવી જોઇએ તે થવાનો સંભવ હોય એમ જણાતું નથી. ટાગોરના અનેક ઉત્તમગ્રંથોમાંથી અન્ય કોઈ ગ્રંથનો અનુવાદ કરવા પ્રયત્ન કર્યો હોત તો એ વધુ યોગ્ય થાત''[૪૦].

'ગુજરાત'ની બહોળી પ્રસિધ્ધિ અને ચિત્રાત્મક શૈલીના કારણે જાહેરાતોનું મોટું પ્રમાણ અંકોમાં દેખાય છે. પંદરથી વીસ જેટલી ધંધાકીય જાહેરાતો અંકો માં પ્રસિધ્ધ થતી રહેલી અહી જોઈ શકાય છે જેમાં અન્ય સામયિકોની જાહેરાતો અને નોંધ વિશિષ્ટ છે. ગ્રાહકોના નામ સાથે નહીં પણ ગ્રાહક નંબર સાથે

મળતા અભિપ્રાયોની પ્રસિધ્ધિ, ગુજરાતના માત-પિતાઓ પર 'કુમારે' લખેલો પત્ર 'ઉર્મિ', 'પ્રસ્થાન' અને 'યુગધર્મ' જેવા સામયિકોની જાહેરાત જુદી જ ભાત પાડે છે. અહીં આણંદથી પ્રસિધ્ધ થતાં 'બાલમિત્ર', વાર્ષિક 'શરદ' ની ઉલટભેર લીધેલી નોંધ પ્રાપ્ત થાય છે. 'શરદ' વાર્ષિકને આવકાર આપતા 'ગુજરાતે' વર્ષમાં પ્રવૃત્તિઓને કારણે માસિક પાક્ષિક કાઢી ન શકાય તો સાહિત્યિક ખેવનાને લીધે વાર્ષિક પ્રકટ કરવાના યત્નને ધ્યાનાકર્ષક ગણીને એની યોગ્ય નોંધ લીધેલી. એ જ રીતે એ સમયમાં પ્રકાશિત થયેલા 'શારદા' 'કુમાર', 'વ્યાયામ', 'દંપતી', 'છાયા' અને 'પડકાર' જેવા અનેક સામયિક પત્રોની વિશિષ્ટ બાજુઓની ચર્ચાઓ પણ 'ગુજરાતે' નોંધી છે. જેમાં ક્યારેક નમ્ર સૂચનો કરીને ક્ષતિઓ પ્રત્યે ધ્યાન પણ દોરાયું છે. 'ગુજરાતી' ના દિવાળી પર્વ (૧૯૨૪) અંકમાં 'નવલતા ને વિવિધતા વધારે રખાય' એવી અપેક્ષા ચીંધી છે તો 'શરદ' વાર્ષિકના સાહસની પ્રશંસા કરીને 'કાલિદાસ ના નાટકો' એ તલસ્પર્શી લેખ સાથે બળવંતરાયે અવેતન લેખકવર્ગને ઉત્તેજતી જે પ્રતિજ્ઞા લીધેલી તેને પણ સમાવી આપીને આપણી સાહિત્યિક સ્થિતિનું ચિત્ર આંકે છે. 'ગુજરાતે' લખ્યું છે : ''વિના પુરસ્કાર લેખ ન આપું કોને હવે' - શ્રી ઠાકોરની આ ભીષ્મપ્રતિજ્ઞા આપણા લેખકો લે, આચારમાં મૂકે એ બહું જ ઈચ્છવા જેવું નથી ? બીબાં ગોઠવનાર પ્રેસ સંપાદક, તંત્રી, મંત્રી, માલિક, વ્યવસ્થાપક, મુરબ્બી અને ખુદાબક્ષ વાચક બધા જ વેતન ઓછું - વત્તું મેળવે તો લેખકને કહેવાનો અધિકાર છે કે મને કાં નહી ? પણ ઠાકોરના આ સન્યાસાવસ્થાના ઉગ્ર સન્યાસને અને પ્રતિજ્ઞા લે તેવા લેખકોની પ્રતિજ્ઞાને વેપારી ગુજરાત કુશળતાથી ચાલવા દે એટલે અંશે સાહિત્યક્ષેત્રમાં પેઠેલો આ શોષણવાદ નિર્મૂળ કરવા સ્થળે સ્થળેથી વ્યવસ્થિત કાર્ય થવું જોઈએ''[૪૧] શંકરપ્રસાદ રાવળે લખેલી આ નોંધ સામયિકમાં લખતા લેખકોને માટે પ્રોત્સાહનરૂપ છે. સાથોસાથ એ સમયમાં અવેતનરૂપે લેખની માલિકી કરી લેવાની તંત્રી પરંપરા સામેનો આક્રોશ પણ વ્યક્ત થયેલો જોઈ શકાશે.

(૨) રોજનીશી અને વર્તમાન સાર :-

અંકના અંતિમે પ્રસિધ્ધ થતો આ વિભાગ 'ગુજરાત'નું વિશિષ્ટ છે. એક પાનામાં છપાતી રોજનીશીમાં એક માસ દરમ્યાન બનેલા મહત્વના બનાવોની નોંધ મૂકવામાં આવતી. જો કે આ નોંધમાં એ સમયની રાજકીય અસ્થિરતાને કારણે વારંવાર દેશની રાજકારણીય ઘટનાઓ અહીં સ્થાન પામેલી છે. તે છતાં 'વર્તમાન સાર' માં કેટલીકવાર વધુ વિગતથી સાહિત્ય વિષયક માહિતીઓને મૂકવાનો યત્ન જોવા મળે છે. આવી નોંધમાં ગોવર્ધનરામની અમર કૃતિ 'સરસ્વતી ચંદ્ર' નવલકથાનું પારાયણ કરવાનો નવીન પ્રયોગ ચંદ્રશંકર પંડયાએ નડીયાદમાં કર્યો હતો એ ખબરની સાથે પારાયણમાં રસપૂર્વક ભાગ લેવા આવેલા આનંદશંકર ધ્રુવ અને લલિતની નોંધ પણ કરી છે. મેકીસમ ગોર્કીના અપ્રસિધ્ધ નાટકની હસ્તપ્રત મળવાની ઘટના, રુડીયાર્ડ કિપલિંગની અવસાન-નોંધ, ગુજરાતી યુવકોની હિમાલય આરોહણ સિધ્ધિ જેવી અનેક ઘટનાઓ 'ગુજરાતે' નોંધી છે. આ નોંધમાં પ્રકટ થયેલું ગુજરાત અને વિશ્વજીવન સમાજ-સંસ્કૃતિની જે તસવીરો ઝીલી છે એ સરાહનીય છે.

(૩) દોહન અને ચયાર્પિતો :-

'ગુજરાત'માં ૧૯૩૫ ના વર્ષથી 'દોહન' અને 'ચયાર્પિત' જેવા વિભાગો શરૂ થયેલા. 'દોહન' વિભાગમાં પ્રસિધ્ધ પુસ્તકોના અંશોનું ચયન કરીને એ અંશોને પ્રકટ કરવામાં આવતા. 'સ્વાધીનતા' વિશે મહાત્મા ગાંધીના વિચારો 'હરિજનબંધુ' માં પ્રકટ થયા હોય. તેનો ઉતારો અપાયો હોય કે પછી મુનશીના 'ગુજરાત એન્ડ ઇટસ લીટરેચર' માંથી 'ગુજરાત અને હિંદ' નામનો પેરેગ્રાફ મૂકવામાં આવ્યો હોય. આવા અવતરણોમાં મલયાનિલની 'પ્રતિમા કે પ્રિયા? વાર્તાનો અંશ પણ લેવાયો છે. આ વિભાગમાં 'ઉત્તમતા'નું જે સંકલન અને સંપાદન છે તે વાચકોને ફરીને ફરી વાંચવા પ્રેરે એવું છે. રમણભાઈ નીલકંઠ,

રત્નમણિરાવ, કિશોરલાલ મશરૂવાળા, ર.વ. દેસાઈ, કે.કા. શાસ્ત્રી, નરહરિ પરીખ૫ હીરાલાલ પારેખ જેવા અનેક વિદ્વાનોની કૃતિઓના અંશો આ વિભાગ માંથી મળી આવે છે.

'ગુજરાત'માં ચર્ચાપત્રોની સંખ્યા નહીવત છે એમાં કદાચ 'વિજયરાયનું વાતઓિો ના માસિકમાં ચર્ચાપત્ર ન હોય' એ વલણ પ્રવર્તતુ જણાય છે તે છતાં છૂટાછવાયા ચર્ચાપત્રો 'વક્તવ્યો અને અભિપ્રાયો સાથે તંત્રીમંડળને નિસબત નથી' એવી અગમચેતી સાથે જોવા મળે છે. સાક્ષરતાની સૂગવાળા ગાંધી ભક્તો અને ગાંધીજીની ચર્ચા, 'સાદગી' શબ્દ સાથે કવિતાના સબંધ વિશેની મુદ્દાસર વિચારણા હરદેવ જોશી એ કરેલી છે. ગુજરાતમાં મોટી નાટયસંસ્થાની જરૂરીયાત જોતો અરૂણ વૈદ્યનો ચર્ચાપત્ર, નવી લિપિ વિશે બળવંતરાયનો પત્ર તત્કાલીન સમયના પ્રશ્નોને વાચા આપે છે. પરંતુ આ વિભાગ 'ગુજરાત'માં કોઈ ચમકારા જેવો જે બનીને રહયો છે. 'પ્રકીર્ણ' નામનો વિભાગ પ્રણ ૧૯૩૫ થકિ મુનશી દ્વારા શરૂ થયેલો. જેમાં સાહિત્ય વિષયક ચર્ચા-વિચારણાઓને સ્થાન મળેલું છે.

(૪) તંત્રી લેખો :-

સાહિત્ય સંસદના મુખપત્ર તરીકે શરૂ થયેલું 'ગુજરાત' મુનશીના સાહિત્યિક અને રાજકીય ઉતાર - ચઢાવનું સાક્ષી રહયું છે ૧૯૨૦ થી ૧૯૪૦ સુધીના બે દાયકા ઓમાં ગુજરાત ભરમાં છવાઈ ગયેલા મુનશીએ સાહિત્યમાં પ્રધાનરસ એવા ઉલ્લાસ ને જ કેન્દ્રમાં રાખેલો અને એ નિમિત્તે તેમણે 'ગુજરાત' તેમજ 'સાહિત્યસંસદ' દ્વારા અવાજ ઉઠાવ્યો હતો. પુસ્તક પ્રકાશનોની 'ગુજરાત' સંસદ ગ્રંથાવલિ અને સાહિત્ય સંસદની યોજના ઘડવામાં મુનશીનો મોટો ફાળો છે. એ યોજના દ્વારા આપણને રણજીતરામના નિબંધો, લીલાવતી મુનશી કૃત રેખાચિત્રો, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, શાપસંભ્રમ અને બીજી કવિતાઓ, 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'મારી કમલા' અને બીજી વાતો' જેવા અનેક પુસ્તકો

મળ્યાં છે. 'ગુજરાત'ના વાચકોને ૨૫% જેટલું માતબર વળતર આપવાની જાહેરાત માં વાચકો પુસ્તકોને વસાવી શકે એવા શુભહેતુ સાથે ગ્રાહકોને આકર્ષવાની વ્યાપારી કુનેહનો પણ પરિચય થયા વિના રહેતો નથી. 'ગુજરાત'માં 'તંત્રી નોંધ' ના બે પાનાના લખાણો મુનશીની પ્રખર પ્રતિભાના બીજરૂપ છે. સામયિક ની નીતિ, યોજનાઓ, ઉદ્દેશ, મુશ્કેલીઓની સાથે રાજકીય, સાહિત્યિક અને સામાજીક દિશાઓમાં ઘૂમી વળતી મુનશીની સ્થિર દૃષ્ટિનો પરીચય અહીં મળે છે. એક સાથે ચાર-પાંચ પ્રશ્નોને ચર્ચામાં વણી લઈને કેટલીકવાર વાતચીતીયા ઢબે મૂકાયેલી આવી નોંધમાં એક સામટી રંગીન સામગ્રીઓ મળી આવે છે. કર્વે યુનિવર્સિટીની સ્થાપના સમયે મુનશીએ લખેલી નોંધ એમના કેળવણી વિષયક વલણની તો દ્યોતક છે જ સાથે ગુજરાત પ્રત્યેની લાગણી પણ એ નોંધમાં કેવી વ્યક્ત થતી આવે છે તે જુઓ : ''હિંદી કન્યાઓને હિંદી સંસ્કૃતિ અનુસાર શિક્ષણ આપવામાં આવે એનાથી બીજું રૂડું હોઈ શકે જ નહી અને તેથી કર્વેએ પોતાનો મનોરથ પાર પાડ્યો તેથી એમને અમે મુબારકબાદી આપીએ છીએ પણ આ સંસ્થાને લીધે ગુજરાતને જેવો જોઈએ તેવો લાભ મળશે કે કેમ એ સંશયાસ્પદ છે કારણ એ તો અનુભવસિધ્ધ છે કે પરપ્રાંતિઓને હસ્તક ચાલતી એવી ઘણી સંસ્થાઓ અમારા જાણવામાં છે કે જેમાં પૈસા મુખ્યત્વેકરીને ગુજરાતના હોવા છતાં ગુજરાતીઓને તો આટાની એક મુઠ્ઠી સરખીયે મળતી નથી. ત્યાં પણ પૈસાના કરતા આવી સંસ્થાથી ઉત્પન્ન થતી વાતાવરણ નીપજાવવાની અમૂલ્ય તક આપણે ખોઈ તે સાલે છે. આવી વિદ્યાપીઠ સ્થાપવા સારું જોઈતા વિધ્વાનોની શું ગુજરાતમાં ન્યુનતા છે કે સુરતના મહિલા વિદ્યાલય અને બીજી સંસ્થાઓને છેક પૂના લગણ લંબાવવું પડે''[૪૨] અહીં પ્રકટ થતી ચિંતા સમસ્ત ગુજરાતને લાગુ પડે એવી છે. પ્રો.સી.સી. શાહની વ્યાયામ સાધનાનો ઈતિહાસ મૂકીને ગુજરાત ના શરીરને સુદૃઢ બનાવવાના એમના હેતુની યોગ્ય પ્રશંસા કરાઈ છે તેમાં પણ 'ગુજરાત'ને નવામાર્ગે લઈ જવાની વાતને ગૂંથે છે. એ નોંધમાં લખ્યું છે કે :

''ગુજરાત ! તારે આંગણે કાર્ય કરનાર માણસ છે સાધન છે એનો ઉપયોગ કરતા તને આવડે તો નવયુગની અનેક નવીનતાઓ તું રચી શકે છે''.[43] આવી નોંધમાં પ્રકટ થતાં સામયિકોના વિશેષાંને પણ તંત્રી મૂકી આપે છે અને કયારેક સામયિકના પ્રકાશન સમયે ઉમળકાભેર આવકારે છે. 'શારદા' માસિકના પ્રકાશન સમયે મુનશીએ લખ્યું છે : ''લોકસેવા કરતાં કરતાં જે પ્રદેશનું જે જે જૂનું સાહિત્ય ઉપલબ્ધ થાય તેને પ્રસિધ્ધ કરવા આ માસિકની યોજના કરેલી છે. 'શારદા'નું વિશિષ્ટ અંગ લોકગીત અને પ્રાચિન કંઠસ્થ સાહિત્યમાં દટાઈ રહેલી વીર, શૃંગાર અને કરુણમિશ્રિત વાર્તાઓ છે અને એ અંગ ખીલવવા પાછળ ભાઈ રાયચૂરા પૂરતો શ્રમ લેશે તથા આપણા સાહિત્યને સમૃધ્ધ કરવા પ્રયાસ કરશે એવી અમને આશા છે''[44] રમણભાઈ નીલકંઠ, ચિત્તરંજનદાસ, સુરેન્દ્રનાથ બેનરજી, નૃસિંહ વિભાકર જેવા સર્જકોની અવસાન નોંધ સાથે એમની સાહીત્ય સેવાની વિગતે થયેલી નોંધ સર્જક પ્રત્યેનો આદરભાવ વ્યકત કરે છે આમાં 'ગુજરાત'માં લખતા શરદ મહેતા જેવા નવોદિત સર્જકની મૃત્યુનોંધ મૂકવાનું પણ મુનશી ચૂકયા નથી.

મુંબઈ શારદાપીઠના ઉપકુલપતિ સર ચીમનલાલ સેતલવડના વ્યાખ્યાનનીચર્ચા મુનશીએ કરેલી છે જેમાં ભાષાપ્રેમી મુનશીનું વ્યકિતત્વ આપણી સામે આવે છે. હિંદની એકતા મોગલ બાદશાહો અને મુસ્લિમો જાળવી ન શકયા એ એકેટા ઈગ્લેન્ડે ભારતમાં આવીને સિધ્ધ કર્યુ છે. એમ માનતા સેતલવડની દલીલનો ધારદાર ઉત્તર મુનશી ઘડી કાઢે છે. મુનશીએ નોંધ્યું છે : ''આ દલીલ એક સ્વદેશી વાઈસ ચાન્સેલરના મુખમાંથી સં: ૧૯૭૮ માં નીકળે એ અત્યંત શોકજનક છે. અંગ્રેજી સામ્રાજ્યને કેળવણીથી આર્યાવર્ત એક બન્યુ અને પહેલા કદી નહોતું એ સિધ્ધાંત ગઈ ખ્રિસ્તી સદીમાં સંભળાતો પણ તેના પડઘા હજુય ગયા નથી એ વાતની નોંધ લેતા અમારું હૃદય અત્યંત ખિન્ન થાય છે''[45] પ્રશ્નોની સામે યોગ્ય દલીલ અને મુદ્દાઓ શોધવામાં મુનશીની આ 'વકીલાત' ધાર્યું નિશાન પાર પાડે છે. મુદ્દાઓની સબળ રજૂઆત આ નોંધની વિશિષ્ટ

બાજુ છે એ કારણે ઘણીવાર તંત્રીનોંધ આઠ પાના જેટલી વિસ્તૃત બને છે. આવી લંબાણપૂર્વક થયેલી ચર્ચા - નોંધમાં કેટલાક પ્રશ્નો તો આજે પણ તાજા લાગવા સંભવ છે '. માતૃભાષા સામે અંગ્રેજી કેળવણીના પ્રભાવને વર્ણવતા સેતલવાડ જ્યારે કહે છે કે દબણને ગુજરાતમાં આટલા સાહિત્યકારો છે તે અંગ્રેજી કેળવણીને પ્રતાપે જ' સેતલવાડની આ માન્યતાને મુનશી હસી કાઢીને અંગ્રેજી ભાષાને 'જાદુઈ લાકડી' કહી આક્રોશ વ્યકત કરતાં કહે છે કે : ''અંગ્રેજ જ સંસ્કૃત ને સબલ જાતો છે. અંગ્રેજી શીખવાથી જ આપણે માણસાઈ મેળવી શકીશું એની જાદુઈ અસરથી જ આપણે આપણી રાષ્ટ્રીય ને સાંસ્કારિક અસ્મિતા સાધી શકયા નથી''[૪૬] એ આક્રોશમાં એક બાજુએ વરતાયેલો પૂર્ણપણે સંયમ અને બીજી તરફ સ્વ-ભાષા, માતૃભાષા ના ગૌરવનો ખ્યાલ આપણી નજર સામે તુરત આવે એવો છે કેટલીકવાર 'પ્રકીર્ણ' જેવી નોંધમાં પણ મુનશી વાચકો ધ્વારા મળેલા પત્રોની ચર્ચા ઉપાડે છે. આ સૌહાર્દ પૂર્ણ વાતચીતમાં સાહિત્યિક આબોહવાનું ચિત્ર ઝિલાયુ છે. કશા પણ છોછ વિના પોતાને લાગ્યું તેવું લખવા પ્રેરાયેલા એક વાચકનો પત્ર રસિક છે એ વાચકે લખ્યું છે કે : ''ઠાકોરે ગુજરાતી કવિતાનું નાક વાઢી નાંખ્યુ છે તે જાણો છો ? સાહિત્યમાં આજકાલ ભયંકર ઔરંગઝેબશાહી ચાલી રહી છે એ જાણો છો ? સંગીતદેવીને હિન્દી મહાસાગરમાં ડુબાડી દેવામાં આવ્યા છે. હું જેને સાંબેલા યુગ કહું છું તે પ્રવર્તી રહયો છે સુરજ - ચંદ્ર તારા, વસંત, આશા, સ્મૃતિ, સ્વપનો આ વિષયો હવે કવિતાના વિષય માટે ઘરડા થઈ ગયા છે. હવે તો ભંગડીની બંગડીના ગીતો ગાવાના ને જાજરુની માખીના બમણાટે મ્હેંકવાનું છે. ઠાકોરની ડુગડુગીએ આજ સહુ કોઈ નાચે છે. નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, દયારામ, નર્મદ, ગોવર્ધનરામ, કાન્ત, ન્હાનાલાલ, કલાપી લલિત અને કુસુમાકરની વર્ષોની તપશ્ચર્યા આજકાલ ધૂળમાં રગદોળાય છે. આજકાલ સંગીતને સ્થાન નથી. ભાવનાને સ્થાન નથી. ઉર્મિને સ્થાન નથી. આજે કાવ્યના આનંદનું, રસનું, કિલ્લોલનું ખૂન થઈ રહયું છે. આ તમે બધા શી વાત કરી રહયાં છો ? ખરૂ આપને સંભળાવવું જ રહયું.

આ ઠાકોરીયા કવિતા - કવિતા છે એમ કે ? ૫૦ વરસ પછીનો વિવેચકને સાહિત્યકાર પેટ પકડીને હસશે.... જો એ જ કવિતા હોય અને એવું બિલાડું ચિતર્યે જ કવિતથવાતું હોય તો સાત જન્મારે કવિ નથી થવું - નથી જોવું'' મુનશી આ પત્રમિત્રને ઠાકોરની કાવ્યાબાની સમજવાનો પ્રયત્ન કરવાનું કહે છે. ઠાકોરના પ્રતાપે શુધ્ધ સ્વરૂપે કાવ્યને સેવવાનો અને સમજવાનો સમય ગુજરાતને પ્રાપ્ત થયો છે એ સુભાગ્ય માટે તંત્રી ઠાકોરને ધન્યવાદ આપીને મુનશી ઉમેરે છે કે : ''ચક્રવાક મિથુન' છોડી ભંગડીની બંગડી' ને જાજરૂં ની માખી' નો વિષય સેવતા જરૂર આપણું હૈયુ ધવાય અને આજે કાલપુરુષનો મહિમા એટલો મોટો છે કે દલિતવર્ગોને અને ગંદી ચીજો તરફનો અણગમો ઓછો થતો જાય છે તે સંસ્કારી સ્ત્રી પુરુષ પાસે નરક ઉંચકાવે તો નવીનતા શોધતા કવિઓ આવા પ્રયત્નો કરે એમાં શું અસ્વાભાવિક છે ? છતાં એક વસ્તું તો સ્પષ્ટ છે. સરસતા વિષયમાં નથી તેને ભાવનાત્મક અપૂર્વતાથી આલેખવામાં છે આ સિધ્ધાંત સંપુર્ણ અંશે સ્વીકાર્યા છતાં પણ કેટલાક વિષયને સરસ કરવાની શકિત કાલિદાસમાં પણ નથી, ખોપરી પર ઉર્મિગીત લખી શકાય પણ એને સરસ કરવાને પ્રતિભાનો કેટલો દુર્વ્યય કરવો પડે ?''[૪૭]

ગુજરાત કલા સમાજ વડોદરાએ ભજવેલા 'શકિત હૃદય' ના પ્રયોગની સચિત્ર નોંધ, રવિશંકર રાવળની પીંછીએ દોરાયેલા સોળ સુંદર ચિત્રોના સંગ્રહની ચર્ચા, ડૉ. આંબેડકર અને એમના અનુયાયીઓએ હિંદુધર્મના ત્યાગ કરવાની અને બૌધ્ધ ધર્મને અપનાવવાની કરેલી જાહેરાતની ઉગ્ર ટીકા, ઉદયશંકર અને ગુજરાતમાં કલાકારોની દેખાતી ઉણપ વિશેની નોંધમાં મુનશીનું પ્રકટ થતું સાહિત્યધર્મી માનસ અનેક સાહિત્યિક ચર્ચાઓને ધડે છે અને વાચકો સમક્ષ વિગતે ચર્ચા - વિચારણાઓ મૂકી આપે છે.

## * 'ગુજરાત'ની કેટલીક યોજનાઓ અને વિશેષાંકો :-

'ગુજરાત'ના વાચકોને અને 'ગુજરાત'ના કાર્યકરોને 'ગુજરાત'માં પ્રત્યક્ષ રસ ઉભો કરવા માટે 'તમારું પ્રિય પુસ્તક કયું ? જેવા સવાલો કે 'નવ-ગુજરાતના સૌંદર્યનો આદર્શ કલ્પવાની સ્પર્ધાઓ રચેલી. આવા મુદ્દાઓની

વાચકો દ્વારા ઉલટભેર ચર્ચા થતી જેમાં દયાશંકર ભટ્ટ, લીલાવતી જેવા સર્જકો પણ જોડાતા. દયાશંકર આ રસપ્રદ લેખમાં સંપાદકોએ ધારેલા પ્રતિસાદ માં મળેલી નિરાશાને વ્યક્ત કરતાં નોંધે છે કે : ''મારે ખેદ કહેવું જોઇએ કે આપણે જેટલો ફાંકો રાખીએ છીએ એટલી કલ્પનાશક્તિ કે વિચારશક્તિને આપણે કસતા નથી. ગુજરાત ભરમાંથી અમને આ પ્રશ્નના ૧૫-૨૦ ઉત્તરો મળ્યાં છે પણ તેમાં ઘણાખરાંમાં સૌંદર્યનો આદર્શ નહીં પણ સૌંદર્ય અને નીતિ એ બેની વ્યાખ્યા આપી છે''[૪૮]

'ગુજરાત'ના મુખપૃષ્ઠમાં વૈવિધ્ય આણવા ત્રિરંગી ચિત્ર દોરવા માટેની સ્પર્ધા 'ગુજરાતે' માત્ર ગુજરાતી ચિત્રકારો માટે યોજી હતી. ગુજરાત પ્રદેશ ની વિશિષ્ટતા, વ્યક્તિત્વ અને રાષ્ટ્રીયતાને પોષે એવા ભાવવાળી ચિત્ર માટે ૩૦ રૂા. જેવું ઈનામ પણ બહાર પાડ્યું હતું પરંતુ આ હરીફાઈનું કોઈ સફળ પરીણામ આવ્યું જણાતું નથી. ગુજરાતને માટે કલા-સંસ્કૃતિની વર્કશોપ જરૂરીયાત જોતા રવિશંકર રાવળનો અવાજ આવી ઈનામી યોજનાઓ પાછળ સંભળાયા કરે છે. આજ રીતે ઈ.સ. ૧૯૩૨ માં 'ગુજરાતે' છબીકળા સ્પર્ધાનું આયોજન પણ કર્યું હતું. 'સાહિત્ય'થી માંડીને 'ગુજરાત' સુધીના, એ સમય-ગાળાના સામયિકો કોઈને કોઈ વિષય પરની સ્પર્ધાઓ, ચર્ચા - વિવાદો અને પ્રશ્નાવલીઓ છેડે છે. એ ઉપરથી અનુમાન કરી શકાય છે કે એ સમયના સામયિકો પ્રજાજીવનમાં જે રીતે ઉત્કટતાપૂર્વક રસ લેતા હતા, સામયિક અને પ્રજા વચ્ચે જે જીવંતતા હતી તેની મોટી ખામી આજના સાહિત્ય સામયિકો માં જણાય છે. કોઈને કોઈ રીતે જનસમાજનો સાહિત્ય સાથેનો અનુબંધ જાળવી રાખવાના 'ગુજરાત'ના આવા પ્રયત્નોને કારણે જ વિ.ક.વૈદ્ય નોંધતા જણાય છે કે : ''ગુજરાતે રસસાહિત્ય અને ઉછરતી પત્રકારી, કદીક શીષ્ટ કલાને ખીલવવાને પોષવામાં મદદ કરી છે તેમજ ચઢ ઉતર કક્ષાના વાંચનારને સંતોષવા ઉપરાંત સાહિત્યકલાના વિષયમાં ગુજરાતી આલમનું દ્રષ્ટિબિંદુ જ નવા સ્વરૂપે ઘડવાનો ભારે પ્રયાસ કેટલીક જુદા જુદા પ્રકારની અપૂર્વ

કૃતિઓ ધ્વારા કર્યો છે એ પ્રયાસને પ્રતાપે જ નવા સાહિત્યમાંથી ગયા જમાનાના શબ્દાવડંબર, અતિ ગાંભીર્યને પાડી શુષ્કતા નષ્ટ થતાં જાય છે''[46]

૦ વિશેષાંકો :-

'ગુજરાત'ના વૈશિષ્ટયની નોંધ લેતી સમયે એમણે પ્રકાશિત કરેલા ખાસ અંકોની નોંધ પણ લેવી જોઈએ. ૧૯૨૨માં 'ગુજરાત'નું પ્રકાશન થયુ અને એ વર્ષે જ તંત્રીએ'વાર્તાઅંક' ની જાહેરાત કરેલી. આજ રીતે ગુજરાતે ૧૯૨૩ માં 'સ્ત્રી અંક' પ્રકટ કરેલો. નરસિંહરાવની 'સ્મરણમુકુર' લેખમાળાનો મણકો આ અંકમાં 'અડધા સૈકામાં ગુજરાતની સ્ત્રીજાતિમાં રુપાંતર' નામે મળે છે જેમાં નરસિંહરાવે રમૂજ કરતાં લખ્યું છે કે : ''સ્ત્રી અંક' ની આજ્ઞા નીકળી એટલે એમાં કાંતો સ્ત્રીઓ જ લખે અથવા તો સ્ત્રી વિશેના લેખ આવે સ્ત્રી બનીને લખવું અશકય. 'ગુજરાત'ના તંત્રીને શું શકય બનશે અથવા તે શું કરશે એ પ્રભુ જાણે'' આઠમી સાહિત્ય પરિષદ વિશેનો ખાસ અંક અને એમાં છપાયેલા અનેક સર્જકોના, પ્રસંગોને તાદૃશય કરતી તસવીરો આ અંકની વિશેષતા છે. ૧૫૦ જેટલા પૃષ્ઠોમાં છપાયેલાં દળદાર અંકમાં પરિષદનો અહેવાલ, કાર્ય-પ્રવૃત્તિઓના વિસ્તૃત લેખો અપાયા છે. આ લેખમાળાઓ અને એમની ચર્ચાઓ 'ગુજરાત'ના બે અંકો સુધી વિસ્તરેલી છે. એ પછી ૧૯૩૬ ના ૧૨ માં સાહિત્ય પરિષદના સંમેલન વિશેષાંક માટે તંત્રી અને સંસદના તમામ સભ્યો એ જીવંત રસ દાખવેલો. નાવિન્ય આપવાની ઉત્સુકતા પણ આમાં દેખાય છે. પરિષદની બેઠક વખતે જ વાચકોના હાથમાં અંક આવે અને વિવિધ પ્રવૃત્તિઓનું અને પરિષદની સિધ્ધિઓનું દિગદર્શન કરાવી શકાય એ હેતું પુરઃસર અંકોમાં માત્ર સાહિત્ય સંમેલનની કાર્યવાહી કે ઠરાવો જ નથી. વિભાગીય પ્રમુખોના વ્યાખ્યાનો જ નથી પણ સાથોસાથે ઈ.સ.૧૯૦૫ થી ૧૯૩૬ સુધી એટલે કે સાહિત્ય પરિષદની સ્થાપનાથી તે સમય સુધીની પ્રવૃત્તિઓનું દિગ્દર્શન છે. એ અંકમાં ગુર્જર ગિરીના સ્તોત્રરૂપ નર્મદ, ખબરદાર ના જાણીતા કાવ્યોને પ્રસિધ્ધ કરવાનું 'ગુજરાત' ચૂકયું નથી. એ સાથે હિંદની પાંચ પ્રધાન સાહિત્ય પરિષદની ગુજરાતી સાહિત્ય પરીષદના ઈતિહાસ લેખો ધ્વારા સાહિત્ય પરિષદની વિશદ્ બાજુઓને રજુ કરવાનો

પ્રયત્ન અહીં ફળદાયી રહ્યો છે. વ્યક્તિવિશેષ અંકોમાં લલ્લુભાઈ સ્મારક અંક અને ૧૯૩૭ નો નરસિંહરાવ અંક અપૂર્વ બની રહ્યો છે. જેમાં આ બંને પ્રતિભાઓના વ્યક્તિત્વની સર્વગ્રાહી સમીક્ષા કરાઈ છે. ડીસેમ્બર-૩૬, જાન્યુઆરી : ૧૯૩૭ નો 'ગુજરાત' સળંગ અંક ફરીવાર 'વાર્તા અંક' તરીકે પ્રસિધ્ધ થાય છે નવલિકાના સ્વરૂપની લોકપ્રિયતા ૧૯૨૨ થી ૧૯૩૭ એ નાગે સમયગાળામાં કેટલી ટોચે પહોંચી હશે એનો અંદાજ આ અંકો પરથી આવશે સાથે ગુજરાતી વાર્તાના કલાસ્વરૂપને તપાસવા માટેનો આ પુરુષાર્થ આદર ઉપજાવે એવો છે.

અખબાર સાંપ્રત ઘટના વહેણોને ઝિલતું હોય છે જ્યારે સાહિત્યના સામયિક પાસે આપણી અપેક્ષાઓ જુદી જ રહે છે. સાહિત્યિક સામયિક પણ સમકાલીન પરિસ્થિતિથી અલગ રહીને પોતાની સાહિત્યપ્રવૃત્તિ કરી શકે નહી સાંપ્રત ઘટના પર પોતાની વિચારણા - ચર્ચાઓ મૂકી આપીને સાહિત્યિક સામયિક પોતાની પ્રજાનું વિશ્વાસબળ સંપાદન કરતું હોય છે. ૧૯૨૭ ના જુલાઈ માસમાં આવેલા જળપ્રલયની વિનાશક અસરોને નિરૂપતો અને જળપ્રલયથી અસર પામેલાઓ તરફ અનુકંપાની નજરે જોતો 'રેલસંકર અંક' ગુજરાતે ૧૯૨૭, અંક : ૬ (પુસ્તક - ૧૧) નામે પ્રકટ કરેલો જેમાં અનેક તસવીરો પ્રસિધ્ધ કરીને ગુજરાતના વિવિધ પ્રદેશ પર ફરી વળેલી કાળની ક્રુર થપાટોનું ચિત્રણ છે. આ અંકના શ્રેષ્ઠ લેખ માટે વિશેષ પુરસ્કારની યોજના પણ 'ગુજરાતે' કરેલી. છોટાલાલ પુરાણીના 'ઢાઢરનો જળપ્રલય' નામનો લેખ પુરસ્કાર યોગ્ય ગણીને ૧૫ રૂપિયાનું ઈનામ આપવામાં આવેલું. આ વિશેષાંકો તરફ નજર માંડતા એક વસ્તુ પર તરત જ ધ્યાન જાય છે કે એ એવં અંકોમાં નિયમિત (ચાલુ) વિભાગો અટકતા તો નથી જ એ ઉપરાંત અન્ય વિષયના લેખ અને કાવ્ય પણ કયારેક પ્રસિધ્ધ થયા છે.

o <u>'સાહિત્ય સંસદ' એટલે જ 'ગુજરાત' ?</u>

* ૧૯૨૭ સુધી 'ગુજરાત'નાં પ્રકાશનનું કાર્ય વણથંભ્યું ચાલ્યુ. આ સમયમાં 'ગુજરાતે' સમગ્ર સામયિકો વચ્ચે પોતાનું અલગ સ્થાન જમાવવી લીધેલું

..૪૭.

'ગુજરાત'ના લેખક વૃંદની શિસ્તબધ્ધ ટોળીએ 'ગુજરાત' માટે કેટકેટલી સામગ્રીઓનો રસથાળ ભરી દીધો ! રૂઢ – જૂના વલણોની ભાંગતોડ અને નિત્યનૂતનતાનો સ્વીકાર એ મુનશી ટોળીનું લક્ષ રહેલું. મુનશીએ જ નોંધ્યું છે કે : ''અમે નવા વિચારો, નવી શૈલી, નવી દૃષ્ટિઓ મહિને મહિને રજૂ કરી ગુજરાતી સાહિત્યની ડાહી રીતિ વિચ્છેદવા લાગ્યાં. 'મારી કમ-ચલાઉ ધર્મપત્ની' નામની મારી નવલિકા પ્રકટ કરી ત્યારે રવિશંકર રાવળે તેના પોતે ચિતરેલા ચિત્રો પર પોતાનું નામ લખવા દેવાની મને મનાઈ કરી આમ, ગુજરાતના રોમેન્ટીક સ્કુલ – વિવિધગ પ્રધાન સાહિત્ય સંપ્રદાયનો પ્રારંભ થયો''[૫૦]

'ગુજરાત'માં પ્રકટ થયેલી સામગ્રી, ધારદાર તંત્રીલેખો અને અન્ય વિભાગોમાં આ રોમેન્ટીક સ્કુલના પડઘાઓ સંભળાય છે પરંતુ 'સાહિત્યસંસદ' સંસ્થા મટીને સંપ્રદાય બનીને રહી જતી નથી ને ? એ વિચાર કરવો જોઈએ. એ વર્તુળની સીમાઓમાં બંધન છે કે વિસ્તાર ? એ તપાસનો રસપ્રદ મુદ્દો બની રહે છે. મુનશીની સત્તાકાંક્ષા અને પોતાના પ્રભાવ તળે જ જોવા ઈચ્છતા સ્વભાવ કારણે જ કોઈ વાચકે 'પારસી સંસાર' અને 'લોકસેવક' ના ૧૪-૩-૨૫ ના અંકમાં 'ગુજરાતે' બે જ વર્ષમાં એક જાતનો વાડો, પંથ કે સંપ્રદાય ઉભો કરી દીધાની ફરીયાદ કરી છે. વધુમાં એ લખે છે કે : ''એનાં પાના સર્વ માટે ખુલ્લા રહયાં નથી. ડિગ્રીધારી લેખક જાણે એમાં લખી શકે એવું લાગે છે કેમ જાણે સભ્ય – સાહિત્યસંસદની ડિગ્રી વગર એમાં લખનારાઓને સ્થાન હોતું નથી તેમાં એ પારસી લેખકોને જરાયે સ્થાન મળતું નથી. અરદેશર કે એરચનો અપવાદ બાદ કરીએ તો એ સિવાય સારું શુધ્ધ લખી જાણતા પારસી લેખકોના લેખને 'ગુજરાત'ના તંત્રી દાદ આપતા નથી. હિંદુ લેખકોના અનેક નમાલા લેખો તેમાં દાખલ થયા છે. કલાનું ય તેમાં ખૂન થતું રહે છે પણ 'સભ્ય – સાહિત્યસંસદ'માં બધું ચાલી જાય છે !'' પારસી લેખકોના પક્ષે રહીને લખેલા આ પત્ર સામે દલીલ કરી શકાય એમ છે કે સાહિત્યસંસદના

સભ્ય ન હોવા છતાં અનેક લેખકોને 'ગુજરાત'માં સ્થાન મળ્યું છે જો કે એ વાત સ્વીકારવી જ પડશે કે સાહિત્યસંસદના સભ્ય હોવાના નાતે નબળી કૃતિઓ પણ 'ગુજરાતે' સમાવી છે 'મને નહી ?' એ નાટકનું પ્રકાશન આ દિશાનું સ્પષ્ટ ઉદાહરણ છે. મુનશીકુળના કૃટિલ લેખકનો શિરપાવ પામેલા અને મુનશીના હાથ નીચે કામ કરવામાં ગુલામગીરી અનુભવતા એવા વિજયરાય 'લેટ મી પેરીશ ઇન માય પ્રાઇડ' જેવા મુનશીના શબ્દોમાં તેમની સમજાવટને ઠુકરાવીને 'ગુજરાત'ને ૧૯૨૩ ના અંતમાં છોડી જાય છે ત્યારે ૧૯૨૪માં શરૂ કરેલા પોતાના સામયિક 'કૌમુદી'માં વિજયરાયે દરેક સામયિકોને ખિતાબો આપ્યાં હતા. 'ગુજરાત'ને પણ ખિતાબથી નવાજીને વિજયરાયે 'ગુજરાત એટલે સાહિત્યસંસદ' એમ કહેલું જેમાં સંસદ* સભ્યોના આધિપત્યની ગંધ સહેજે ડોકાય જ છે. વિજયરાયે 'ગુજરાત'ના લેખકગણની સમીક્ષા કરતા એક જગાએ એમ પણ નોંધ્યુ છે કે : ''એ મુનશીની આખી સ્કુલ જ કોલાહલબાજ છે. આમત 'નવજીવન' ના એક ચીવટ ઉપાસકે ઉચ્ચાર્યો હતો અને એક નજરે એ છેક ખોટો નથી. અશાંતિ, અસ્થિરતા, ઝગમગાટ, અંજાવી નાંખવું આઘાત કરવા' - આ બધી 'ગુજરાત'ને ગમતી વસ્તુ છે''[૫૧] આમ કહ્યા પછી પણ વિજયરાયે 'ગુજરાત'ની નોંધનીય કામગીરીની પ્રશંસા કરી છે. પશ્ચિમનો સત્કાર સામયિકમાં કર્યો હોવા છતાં 'ગુજરાત'નું વ્યક્તિત્વ અને વૈવિધ્ય નિરાળું રહયું છે એ વાત તેમ જ 'ગુજરાત'ની અખંડિત રહેલી સર્ગશક્તિનું તેઓ ગૌરવ કરે છે. પ્રથમ બે વર્ષના 'ગુજરાત'ને જોઇને સહેજે કહી શકાય એમ છે કે એમણે આદર્શ સંસ્કૃતિની કિંમત આંકવાનો જ યત્ન નથી કર્યો એ કિંમતને અનેકગણી ઉંચી લઇ જવાનો પુરુષાર્થ પણ કર્યો છે. શુધ્ધ રસિકતાની સાહિત્યમાં જરૂરીયાત જોનાર, ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ સાધવાના મનોરથો સેવનાર અને કલાના આદર્શને પાળવાની વાત કરતાં 'ગુજરાત'માં ગુજરાતના લોકસમુહ પ્રત્યેની જે ભાવના દેખાય છે તે 'વીસમી સદી' જેવી જ વિરલ છે. 'ગુજરાતે' પસાર કરેલા બે વર્ષના સમયગાળાનું સરવૈયું કાઢતા તંત્રી પોતાની મર્યાદાઓને બરાબર જાણે છે અને એથી જ કહે છે કે : ''અમારી ભાવનાઓના

પ્રમાણમાં અમારા પ્રયત્નોએ હજુ સફળતા પ્રાપ્ત નથી કરી કારણ કે આપણે ત્યાં કલા અને સાહિત્યમાં થતાં થોડાઘણાં પ્રયત્નોમાં પ્રૌઢતા આવી છે. આવી રાજકીય અશાંતિના સમયમાં સંસ્કાર વિકસાવવાનું, કલા અને ભાષા વિકસાવવાનું ધૈર્ય બહુ થોડાઓમાં હોય છે પણ અમારાથી બને એટલું આ દિશામાં કરવાનો અમે સદાયે પ્રયત્ન કર્યો છે. અમારી ન્યૂનતાઓ, અમારા યત્નોની ખામીઓને લીધે નથી રહી એટલું કહેતા અમને સંતોષ થાય છે''[52]

નવા વર્ષની ઉમેદો વિશે ગુજરાતે નોંધ્યુ છે કે 'આ નવા વર્ષમાં ગુજરાતી સાહિત્ય અને સંસ્કારમાં છુટા છુટા રહેલા ઘણાં નવા બળોને એકત્ર કરવાની એ અમે ધારણા રાખીએ છીએ. ધ્રુવના તારાના આધારે નાવ જાય તેમ અમારી દિશા તો ચોકકસ છે''[53] 'ગુજરાત'ની આ આશાના આધારસ્તંભો તંત્રી એ સાહિત્યકારો, કલાવિદો અને વાચકોના સહકાર પર મૂકે છે ત્યારે સાહિત્યસંસદના સભ્ય માત્રનું જ 'ગુજરાત' સામયિક બની રહયું છે એ આક્ષેપ ઘણાં બધા અંશે દૂર થાય છે.

o <u>'ગુજરાત' : કેટલાંક વ્યવધાનોની વચ્ચે :-</u>

* 'યુગધર્મ' અને 'ગુજરાત' :-

ઈ.સ. ૧૯૨૫ શ્રાવણના પુસ્તક - ૭ થી 'ગુજરાત'માં 'યુગધર્મ' ભળી ગયું એ 'ગુજરાત'નો નોંધપાત્ર ઘટના છે. 'યુગધર્મ' અને 'ગુજરાત'ના આ જોડાણ પાછળ મુનશી અને ઈંદુલાલ યાજ્ઞિકનો આશય ગુજરાતી સાહિત્યને સંસ્કારવાનો, ગુજરાતના ભૂતકાળના રહસ્યને પામવાનો અને પ્રત્યેક ગુ રાતીના જીવનમાં સાંસ્કારિક અસ્મિતા પ્રકટાવી તેના વર્તમાનને નવરંગે રંગવાનો રહયો જણાય છે. આ જોડાણને બંને તંત્રીઓએ યોગ્ય રીતે જ 'પ્રયોગ' જેવું નામ આપેલું છે એક માતબર સામયિકમાં અન્ય સામયિકનું સામેલ થઇ જવું એ આપણી સામયિક પ્રવૃત્તિમાં છેક 'ડાંડીયો'થી દેખા દે છે. એમાં વધુ સામયિકોની આર્થિક વિટંબણા સપાટી પર ઉપસી રહે છે એક જ હેતુને વરેલા બે સામયિકો પરસ્પર

સમજૂતીથી એક સાથે પ્રકટ થાય એ વધુ ઈચ્છનીય ગણાય. આ કારણે બંને સામયિકોનું વિત્ત એકીસાથે પ્રકટ થતાં સામયિક સમૃધ્ધ બને અને મુખ્ય સામયિક ના પ્રવાહમાં ભળેલાં સામયિકના ગ્રાહકવર્ગનો લાભ પણ પ્રાપ્ત થાય તેમજ સામયિક માટે સમર્પિત એવા માણસો એકસૂત્રે બંધાય ત્યારે સોનામાં સુગંધ ભળે એ શકયતાઓ ફળદાયી બની રહે છે પાંચ - દસ મૃત:પ્રાય સામયિકોના પ્રકાશનની સામે એક જ હેતુને વરેલું એવું પ્રતિષ્ઠિત એક સામયિક પણ જો પ્રસિધ્ધ થતું રહેતું હોયતો એ 'સિંહબાળ' આપણું ધન્યભાગ્ય ગણી શકાય ! 'યુગધર્મ' અને 'ગુજરાત'ના આદર્શ અને સ્વરૂપ સામ્યના કારણે બંને માસિકો એકત્ર કરવાથી ગુજરાતી પ્રજાની વધારેમાં વધારે સેવા થઈ શકશે તેવી આશા સેવતા તંત્રીઓ 'ગુજરાત'ના વાચકોને કેવી આશાઓ આપે છે એ જોવું રસપ્રદ છે. તેઓએ લખ્યું છે : ''વાચકો જાણીને ખુશ થશે કે 'યુગધર્મ' ના કેટલાક ખાસ તત્વો પણ હવે કૈંક જુદી રીતે 'ગુજરાત'માં સામેલ કરવામાં આવશે. દા.ત. જેવી રાજકીય અને સામાજિક નોંધ 'યુગધર્મ'માં ઘણું ખરું પ્રકટ થતી હતી તે પણ હવેથી 'ગુજરાત'માં આપવાનો ઇરાદો છે તેમજ 'રાજકીય' કે આર્થિક, ધાર્મિક કે સામાજિક વિષયમાં વિધ્ધતાપૂર્ણ અને મનનીય લેખોને હાલ 'ગુજરાત'માં જોઈતું સ્થાન આપી શકાતું નથી તેનો લાભ વાચકવર્ગને આપવાને માટે વર્ષમાં ચાર વખત લગભગ સવાસો પાનાનો 'ગુજરાત'નો અંક આપવાનું ધાર્યું છે. આમ, આ બે માસિકોનો સંયોગ કેવળ સ્વરૂપમાં જ નહીં થાય પરંતુ તે બંનેના ઉત્તમ તત્વોનું મિશ્રણ થશે''[૫૪] તંત્રીઓની આ આશા વાચકો માટે ઉત્સાહવર્ધક બને એવી છે.

o <u>ઉત્તમ સામગ્રીની ખોજ : 'ગુજરાત'ની ચિંતા :-</u>

'યુગધર્મ'ના જોડાણથી 'ગુજરાત'માં નવાનવાં અંગો ઉમેરાયા 'યુગધર્મ'નો લેખકવર્ગ પણ 'ગુજરાત'માં સામગ્રી આપવા માંડયો. નાવી-ચભરી કૃતિઓ અને અભ્યાસશીલ લેખોની ઉણપ વિશેષ અંકો ધ્વારા 'ગુજરાતે' પૂરવા માંડી તે છતાં ઉત્તમ સામગ્રીની અપેક્ષા ન સંતોષાતા ઓકટોબર - ૧૯૨૫ ના

'કૌમુદી' ને વાંચીને મુનશી જે હૈયાવરાળ કાઢે છે તેમાં 'ગુજરાત'ને શ્રેષ્ઠ બનાવવા અંગેની જ ચિંતા સમાયેલી છે મુનશી લખે છે કે : ''એ લોકોએ સમાલોચનાત્મક સાહિત્યનો અભ્યાસ સારો માંડયો છે ને આપણામાં (ગુજરાત) એવું કાંઈ નથી. એ લોકોને એમ લાગતું જણાય છે કે આપણે હવે જૂના થયા છીએ અને એ વાત પણ ખરી છે. હમણાં આપણે કંઈ નવું કરતા નથી. જૂને ચીલે ચાલીએ છીએ. એકવાત સ્પષ્ટ થતી જાય છે કયાં તો વ્યવસ્થાપક તરીકે આગળ વધી સાહિત્ય ધપાવવું કે કયા તો કલાકાર બની નવી સૃષ્ટિ સરજાવવી આપણને વ્યવહારને આદર્શમયતા બંને પ્રિય છે એટલે બંને ક્ષેત્રમાં શ્રેષ્ઠ થવા મથીએ છીએ પણ બે સાથે કરવા જતાં મુશ્કેલી જરૂર નડે છે''[55] મુનશીનું આત્મમંથન એકબાજુએ સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે વિકસી રહેલા વિજયરાય ને બિરદાવે છે અને બીજીબાજુએ 'ગુજરાત'માં પ્રવર્તતી ઉદાસીનતાની નોંધ લે છે . સામયિકને માટે નિત્યનૂતનની ખોજ કોઈપણ તંત્રીને માટે કસોટીરૂપ છે. મુનશી જ્યારે આ વિચાર કરે છે ત્યારે એમાં સામયિકને સમૃધ્ધ જોવાનો એમનો પ્રકટ થયેલો આગ્રહ સહજ લાગે છે પરંતુ સામગ્રીની દૃષ્ટિએ કેટલાક ઉત્તમ લેખકો 'ગુજરાત'ને મળ્યા હોવા છતાં 'સાહિત્યસંસદ'ના સભ્યોની પ્રવર્તતી આણ ને કારણે કેટલાક સર્જકોનો 'ગુજરાત'ના વર્તુળમાં પ્રવેશ શકય બન્યો નથી તો કેટલાક સર્જકોએ મુનશીના સત્તાપ્રિય માનસથી છંછેડાઈને 'ગુજરાત'થી જાણી જોઈને દૂર રહેવાનો આગ્રહ રાખ્યો હતો. દીર્ઘસૂત્રી નાટકોના કર્તા ખુશાલ શાહ જેવા સર્જકના ઉંચા નામને જોઈને જ એમની નિરસ કૃતિઓને 'ગુજરાત'માં સ્થાન મળ્યું છે. આપણા પ્રતિભાવંત સર્જક બળવંતરાય ઠાકોરે મુનશીને 'ગુજરાત'ને 'સુધારવાનો' જે આગ્રહ કરતો પત્ર લખ્યો હતો તે પત્ર આપણી સમગ્ર સાહિત્યિક પત્રકારત્વ પ્રવૃત્તિને માટે દિશાસૂચનરુપ છે. એ અવિસ્મરણીય પત્રમાં ઠાકોરે લખ્યું છે : '' ગુજરાત' માટે તો લખવાની ઈચ્છા જ થતી નથી. તમારા પૂજ્ય અને ચંદ્રશંકર આદિ ઘણાં (નરસિંહરાવ) ના 'સ્મરણમુકુર' થી અને એના ઉપરથી ભાવ જ ઉતરી ગયો છે એ પાછો થવા માટે એમાં સુધારો હજી તો મને દેખાતો નથી ઈલેસ્ટ્રેટેડ ગ્રેઅલાઈટ લીટરેચર માટે મારા જેવા થોડાનો રુચિને માન આપવાનું ન પરવડે. એનું

લક્ષ્ય તો પીટ રંજન કરવાનું જ હોય એ હું સમજું છું તથાપિ જીવનકલહમાં ઉભા રહેવાની પ્રવૃત્તિ પણ સાહિત્યકલાનો જે બને તેમ ઓછો બટ્ટો લાગે એ પ્રમાણેની જ કરવી જોઈએ. તે તમારા જેવાના સહકારથી અને આગેવાનીથી આ મહત્વની બાબત સચવાશે એવી મારા જેવાની આશા આજ સુધી તો તમે સાચી નથી પાડી આપી. 'વીસમી સદી' ના કેટલાક દૃષ્ટ અને અધમ વલણો 'ગુજરાત'માં ચાલ્યા કરે છે - ચાલ્યા જ કરે છે. ઉપલી ભાતમાં કૈક ફેર છે. અંદરનું ખમીર તો એને એજ ચાલે છે કે બગડતું જાય છે. હાજીએ પોતાના બણગા પોતાના માસિકમાં કદાપિ નહોતા ફૂંકયા એ ચોકકસ એણે એકથી વધારે લાયક લેખકોને બહાર પાડ્યા એ પણ ચોકકસ.

રીઝર્વના અમુક અમુક ધોરણો જાળવાવા જ જોઈએ. લેખો આવે તેમાં પસંદગી અને અમુક પ્રકારના લેખ અને વિભાગોને ઉત્તેજન અમુક અમુક ધોરણે એકસરખા ચાલ્યા જ કરવા જોઈએ. તંત્રીનું તંત્રીપણું તે આ.......

યુ હેવ નોટ ઈનફ ટાઈમ ટુ ડુ ધીસ લાભ (લાભશંકર) હેઝ નોટ ધ એબીલીટી ઈનફ વિજયરાય લેફટ બીકોઝ હિ કુડ નોટ ગેટ ઓને વીથ યુ એડ લાભ યુ મસ્ટ ડીસ્કવર સમવન એલ્સ કમ્પટેન્ટ ઇનફ. હાલની સ્થિતિનો બીજો કોઈ ઉપાય છે જ નહી લાભ મેય હેવ એકવાયર્ડ ધ ટેકનીક ઓફ રનીંગ એ પ્રેસ આઈ હોપ, ઈ ઈફ સો, કન્ફાઈન હિમ ટુ ધેટ એન્ડ સમ ઓફ યોર અધરવર્ક પર્સનલ એન્ડ પબ્લીક 'ગુજરાત' બાય ઈટસેલ્ફ મસ્ટ હેવ એ હોલ ટાઈમ મેન, ઈન્ડીપેડન્ટ,ઓફ લાભ-શંકર ઓલ ધીસ ઈઝ રીટન અંડર ધ એઝમ્પશન ધેટ સમ ઓફ ધ રસ્ટ એન્ડ મોસ્ટ ઓફેન્સીવ ફિચર્સ ઓફ 'ગુજરાત' આર ધેર ઓનલી એઝ લોંગ એઝ યુ કેન નોટ રિપ્લેસ ધેમ બાય સમથીંગ બેટર''.

શેઠની શિખામણ ઝાંપા લગી એ જાણું છુ. તથાપિ લખી જવાય છે તમારા ઉપર ના ભાવનો લીધે, તમારામાં શ્રધ્ધા છે તેથી સાહિત્ય અને કલાના પ્રચારક લેખે

તમારી પ્રતિષ્ઠા વધારે સારી બંધાવા પામે એવી લાગણીથી અને 'અમારા પ્રયત્નોને તું પણ મદદ કર ! ' એમ પાછું ઉથલાવી મને કહેશો જ નહી''[૫૬] સામયિકને સંપુર્ણ સમય આપી શકે એવા તંત્રીની, યોગ્યતા ધરાવતા એવા માણસોની અને ઉત્તમ સામગ્રીની 'ગુજરાત' માટે અનિવાર્યતા જોતો ઠાકોરનો પત્ર વિચારણીય છે. કોઈપણ સામયિકની અંગત ભૂમિકાએ પણ આટલી કડક સમાલોચના ઠાકોરની સાહિત્યનિષ્ઠાનો પરીચય આપે છે.

૧૯૨૭ના વર્ષ સુધી એટલે કે પાંચ વર્ષના ગાળા સુધી 'ગુજરાત'નું નિયમિત પ્રકાશન થયુ હતું. એ પછી પ્રેસમાં મોટી ખોટ જવાને કારણે એને વેચવાનો નિર્ણય લેવો પડેલો. પ્રેસ જવાની સાથે 'ગુજરાત' પણ મુંબઈથી ખસીને વડોદરા ખાતે કોઠારી પાસે આવ્યું. આ સંજોગોમાં અત્યંત નિયમિત રહેલા 'ગુજરાત'ને ઘણાં લાંબા સમયગાળાની અનિયમિતતાનો સામનો કરવો પડયો હતો. 'ગુજરાત'ના તંત્રીઓ મુંબઈમાં અને વ્યવસ્થાનો વિભાગ વડોદરા ખાતે હોવાથી આ દ્વિમુખી વહીવટે પ્રકાશન પર મોટી અસર પાડેલી. ગ્રાહકોની ખાત્રી આપવા છતાંયે અંકોમાં અનિયમિતતાનો પગપેસારો થવા લાગ્યો. 'ગુજરાત'નું પ્રકાશન શરૂ થયું ત્યારે એને પ્રકટ કરવાનો કારભાર ભમગરા પાસે હતો ૧૯૨૩માં સાહિત્યપ્રેસનો આરંભ થયો ત્યારે 'ગુજરાત'ને પ્રકટ કરવાનું કામ લાભશંકરના હાથમાં ગયું. ૧૯૨૭થી 'ગુજરાત'ને વડોદરા ખસેડતા એમના પ્રકાશનની જવાબદારી મોહનલાલ કોઠારી પર આવી પડી હતી. એક વર્ષના ટુંકાગાળામાં વળી પાછું 'ગુજરાત' મુંબઈમાં સ્થાનાંતર પામ્યુ. આ હેરાફેરીની ખેંચતાણમાં 'ગુજરાત' એટલું અનિયમિત થયેલું કે એનો ૧૯૨૯નો અંક છેક અઢી મહીને પ્રકાશિત થયો હતો. 'ગુજરાત' નિયમિત પ્રકાશિત થાય એવા હેતુસર કવિ શયદા અને સાદિકે કમરકસી અને 'ગુજરાત'ના બાહ્યરૂપરંગની વિશિષ્ટ બાજુઓને સાચવી રાખવાનો પુરૂષાર્થ કર્યો. વડોદરાથી કાર્યાલયને મુંબઈ લઈ આવવાની, મુંબઈમાં છપાવવાની યોગ્ય વ્યવસ્થા કરવાની અને અંકજોગી સમૃધ્ધ સામગ્રીને મેળવવામાં જે વિલંબ થાય છે એ માટે મુનશી વાચકોની ક્ષમા માંગતા નોંધે છે : ''ને આ

પાપનું પ્રાયશ્ચિત હવે પછીના અંકોની નિયમિતતાથી જ થઈ શકે''[૫૭] પરંતુ 'ગુજરાત'ની પ્રારંભિક અવસ્થામાં લેખક વૃંદનો જેવો સહકાર હંમેશા મળ્યો હતો તેવો જ પ્રોત્સાહક પ્રતિસાદ આ વર્ષોમાં સંપાડતો નથી. સાહિત્યસંસદના મોટાભાગના સર્જકો અને સભ્યોની જુદી જુદી પ્રવૃત્તિઓના કારણે એ સહકારમાં મોટી ઓટ પ્રવર્તતી જોવા મળે છે. વળી, મુનશી પણ વિવિધ પ્રવૃત્તિઓમાં સંકળાતા 'ગુજરાત'ના પ્રકાશનમાં વિલંબ થાય છે. શરદા અને સાદીકે બંધાવેલી આશા માત્ર બે અંકો સુધી જ ટકી શકે છે અને એ બંને વ્યવસ્થાપકોએ 'ગુજરાત'ના બે અંકો પ્રસિધ્ધ કરીને પ્રકાશન મુલત્વી રાખ્યુ આને લીધે અમદાવાદથી ૧૯૨૮ આસપાસ પ્રકાશિત થયેલા નવા અઠવાડીક 'નૂતન ગુજરાત'માં 'ગુજરાત' બંધ થવાના સમાચારો પણ અણધારી રીતે ચમકયા હતા ! 'ગુજરાતે' આનો રહિયો આપતા લખેલું કે : ''અમારા ગ્રાહકોને અમે ખાત્રી આપીએ છીએ કે આ સમાચાર તદ્દન બીનપાયાદારને જુઠ્ઠા છે. કદાચ આ તર્ક 'નૂતન ગુજરાત'ના નૂતન તંત્રીશ્રીના માત્ર અતિજ્ઞાનનું જ પરીણામ હશે એમ અમારું માનવું છે બાકી અમરપટો તો આ ક્ષણભંગુર જગતમાં એ કે અમે કોઈપણ લઈને કયાં આવ્યું છે ? આ માત્ર નવા પ્રયત્નોમાં તંત્રીશ્રીની ભવ્ય કલ્પનાશકિત, ભવિષ્યભાખતાની શકિત વગેરેથી વાચકોને પરિચિત કરી ગ્રાહકોને આકર્ષવાની આએક રીત હોય તો કૈં નવાઈ નથી''[૫૮] એ સાથે વાચકોનો વિશ્વાસ મેળવવા 'ગુજરાતે' નવા વર્ષથી 'ઐતિહાસિકને અદ્ભૂત રસિક નવલકથા 'ભગવાન કૌટિલ્ય' અને યુરોપ મુસાફરીની બીનજવાબદાર કહાણી' ની જાહેરાત કરી હતી. પ્રકાશનની ગેરવ્યવસ્થા સામગ્રીમાં વિવિધતાનો અભાવ જેવા પ્રશ્નો સામે 'ગુજરાત'ના કાર્યવાહકો પુરેપૂરા ચિંતિત રહેલા જણાય છે એ સમયના સાહિત્યસંસદના મંત્રી મનહરરામ મહેતાએ સાહિત્યસંસદની વાર્ષિક સભામાં 'ગુજરાત'ને વડોદરા મોકલવાના પ્રયોગની નિષ્ફળતા સ્વીકારીને મુનશીની રાજ્યવારી પ્રવૃત્તિઓની ઝાટકણી કાઢી હતી. 'ગુજરાત' માટે સક્રિય બનવાની જરૂરીયાતને ચીંધીને મનહરરામે નોંધ્યુ છે કે : ''જે પળે આપણા પ્રમુખે રાજ્યવારી ક્ષેત્રમાં ઝંપલાવવાનો નિશ્ચય કર્યો તે પળે અમને ભય લાગેલો કે એમના કાર્યથી

રાજ્યવારી ક્ષેત્ર સમૃધ્ધ થશે પણ પરીણામે સંસદની પ્રવૃત્તિ પર અનિષ્ટ અસર થયા વિના રહે નહી અને ખરેખર અમારો એ ભય મોટા અંશે ખરો પડયો છે. એની મુખ્ય અસર તો આપણા માસિક 'ગુજરાત' પર કેવી થઈ છે તે આપ જોતા જ હશો. એ માસિક ચાલે છે એમ ચાલે છે ખરું પણ આજનું 'ગુજરાત' આગલા વર્ષના 'ગુજરાત' જેવું નથી તે તો અમારે સખેદ કબૂલવું પડે છે''[૫૬] આમ, ૧૯૨૮ થી 'ગુજરાત'ની વ્યવસ્થા મુનશીની અનેકવિધ પ્રવૃત્તિઓના કારણે કથળી જાય છે. 'ગુજરાત'નું પ્રકાશન કેટલાક મહીના તદ્દન બંધ પડયું. 'ગુજરાત'ને સમેટી લેવાનો પ્રશ્ન સાહિત્યસંસદ સામે આવતા સમર્થલાલ વૈદ્યે 'ગુજરાત'ની વ્યવસ્થા કરવાનું સ્વીકાર્યું. ૧૯૨૯ માં 'ગુજરાત'ને ત્રૈમાસિક સ્વરૂપે પ્રકાશિત કરવાનું સાહિત્યસંસદે નકકી કર્યું. 'ગુજરાત'નો આ નવો અવતાર ગુજરાતી વાચકોના હૃદયમાં સ્થાન લે અને એની ડગમગતી પ્રતિષ્ઠા સ્થિર બને એટલામાં તો સમગ્ર ભારતમાં અસહકારનું મોજું ફરી વળ્યું જેમણે દેશના નાના મોટા તમામ માણસોને એકસાથે પોતાનાં વહેણમાં ખેંચ્યા. સાહિત્યસંસદના કેટલાક સભ્યો અને સમર્થલાલ વૈદ્ય અસહકારી પ્રવૃત્તિ - ચળવળની સજારૂપે જેલમાં ગયા અને ફરી એકવાર 'ગુજરાત'ને બંધ કરવાનો પ્રશ્ન આવીને ઉભો રહયો. થોડા સમય સુધી લીલાવતી શેઠ અને નગીનદાસ માસ્તરે 'ગુજરાત'ને ટકાવી રાખ્યુ પરંતુ સમગ્ર દેશમાં ફરી વળેલું લોક આંદોલન લીલાવતી અને નગીનદાસને ચુંબકની માફકત ખેંચતું હતું એમની સાથે 'ગુજરાત'ના રહયા સહયા કાર્યકર્તાઓ પણ જેલમાં ગયા આ કારણે 'ગુજરાત'નું પ્રકાશન રાષ્ટ્રીય પ્રવૃત્તિ બંધ થયા પછી ફરી શરુ કરવાની આશા સાથેનો નિર્ણય સંસદને કમને સ્વીકાર્ય કરવો પડયો.

મહાત્મા ઓ સરકારની વચ્ચે ૧૯૩૧ માં સંધિ થતાં અસહકારની પ્રવૃત્તિ સંકેલી લેવામાં આવી. જેલવાસીઓ ફરી 'ગુજરાત'ને ચેતનવંતુ બનાવવાના પ્રયત્નો કરવા લાગ્યા. સૈરાષ્ટ્ર સાહિત્ય મંદિર તરફથી અમૃતલાલ શેઠે 'ગુજરાત'ને માસિક સ્વરૂપે સૌરાષ્ટ્રમાંથી પ્રકટ કરવાની જવાબદારી લીધી.

૫૬.

પ્રકાશન વ્યવસ્થાની ચિંતા ટળી જતાં તંત્રીએ ઉત્સાહપૂર્વક લખ્યું છે કે : ''ગયા વર્ષના સત્યાગ્રહ પછી ઘણાં નવાજીવે જીવવા લાગ્યા છે તેમ 'ગુજરાત' પણ જીવવા લાગશે. ગયા વર્ષમાં આખા દેશની દરેક સાધારણ પ્રવૃત્તિએ વધતો ઓછો પ્રાણાયામ કર્યો હતો તેમ 'ગુજરાત'ને શ્વાસ રોધવાની જરૂર પડી હતી''[૬૦] નવ વર્ષના પ્રકાશનગાળામાં ગુજરાતી પ્રજાએ 'ગુજરાત' પ્રત્યે જે મમતા દાખવેલી એ ઋણાનુબંધ સ્વીકારીને તંત્રીએ વાચકોના ઉત્સાહની કદર કરી છે તે છતાં 'ગુજરાત'નું પ્રકાશન અને દેશની પ્રવૃત્તિઓમાં ગાંધીભાવનાથી જીવંત બનેલી પ્રજા વચ્ચે કોઈ સંવાદ સ્થાપી શકાશે કે કેમ એની સહજ ચિંતા મુનશીને હોય એ સ્વાભાવિક છે. એટલે કે જ ઓગષ્ટ : ૧૯૩૧ ના અંકમાં તેઓએ નોધ્યું છે કે : ''આ નવી પ્રજાના હૃદયમાં હવેથી શરૂ થતાં 'ગુજરાત'નો પડઘો પહેલાની માફક પડશે કે કેમ તે કેમ કહેવાય ? જો ન પડે તોય મને અસંતોષ નથી થવાનો કોણ કહી શકે કે સફળતા માત્ર સિધ્ધિમાં છે. પ્રયત્નમાં નથી ? 'ગુજરાત'ને માટે પ્રકટ થયેલી આ ચિંતા સકારણ હતી ટૂંક સમયમાં જ મહાસભા અને સરકાર વચ્ચેની સમજૂતી નિષ્ફળ ગઈ સુષુપ્ત અવસ્થામાં રહેલી અસહકારી ચળવળને ફરી જાગૃત કરવાના મરણિયા પ્રયત્નો થવા લાગ્યા. સરકારે દ્વારા મહા-સભાના નેતાઓને ફરીથી કારાવાસમાં ધકેલી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો. પરીણામે મુનશી, લીલાવતી, અમૃતલાલ શેઠ જેલમાં ગયા આ પરિસ્થિતિમાં પણ 'ગુજરાત'ને ચાલુ રાખવા મુનશી 'ગુજરાત'નું તંત્ર જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલના હાથમાં સોંપે છે. સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર તરફથી 'ગુજરાત' ની વ્યવસ્થાનો ભાર રામુ ઠક્કરે હાથમાં લીધો હતો. ૧૯૩૨ ના જુલાઈ સુધી 'ગુજરાત' પ્રકાશિત થતું રહયું ત્યારબાદ દેશની રાજકીય પ્રવૃત્તિના અનેક વિઘ્નો અને મુશ્કેલીઓના કારણે 'ગુજરાત'ને બંધ કરવું પડયુ. આ ગાળાની વચ્ચે પણ 'ગુજરાતે' અનિયમિતતાનું રોજિંદુ પાનું જ નિભાવ્યે રાખ્યું. વળી જાન્યુઆરીથી માર્ચ સુધીના અંકોમાં ચિત્રો જ નહી સામાન્ય રેખાંકનોને પણ છોડી દેવા પડયા છે. એ અંકો 'ગુજરાત'ના આગલા અંકોના મુકાબલે દૂબળા અને નિસ્તેજ જણાય છે. આશ્વાસનરૂપે મુનશીની 'સ્નેહ સંભ્રમ' નવલકથા, ભાવ-વિચારમાં

લાક્ષણિક એવી જયસુખલાલ મહેતાની લેખમાળા અને બંને તંત્રીઓ (જ્યોતીન્દ્ર દવે - ધનસુખલાલ મહેતા) દ્વારા 'અમે બધા' પર 'ગુજરાત'નો પ્રાણ ટકી રહ્યો હતો.

✻ 'સાહિત્ય સંસદ'નું મુખપત્ર 'ગુજરાત'ને બદલે 'કૌમુદી' :

'ગુજરાત'ને ફરી સજીવન કરવાના પ્રશ્ને સાહિત્યસંસદે એવો ઉકેલ વિચાર્યો કે એ સમયમાં પ્રકટ ✻✻ થતાં અનેક માસિકોમાંથી કોઈ એક માસિકને સંસદના મુખપત્ર તરીકે સ્વીકારવું. આમ, 'ગુજરાત'ને ફરીથી પ્રકટ કરવાના બદલે કોઈ અન્ય સામયિકમાં 'ગુજરાત'નો 'પ્રાણવિનિમય' કરવાના આ વિચારમાં સહજ રીતે જ સૌની આંખે ચઢેલા ''કૌમુદી' ની પસંદગી થઈ 'કૌમુદી' એ સમયમાં આર્થિક નાણાંભીડમાંથી પસાર થતું હતું. સધ્ધર સંસ્થાનું પીઠબળ મળતું જોઈને વિજયરાય 'કૌમુદી'ને સાહિત્યસંસદનું મુખપત્ર બનાવવા તૈયાર થયા. આમ, 'ગુજરાત' માસિકના એક સમયના ઉપતંત્રી એવા વિજયરાયના હાથમાં ફરી વાર (૧૯૩૩ માં) 'ગુજરાત' સોંપાયુ. પરંતુ વિજયરાય અને મુનશીનું સખ્ય ચિરકાળ સુધી ટકી શકે એમ નહોતું. વિજયરાયના ઉગ્ર પ્રકોપી સ્વભાવ અને સ્વતંત્ર રહેવા ટેવાયેલી મનોવૃત્તિ સામે મુનશીની અબાધિત સત્તા સંઘર્ષનું કારણ બની વિજયરાયને સંપાદન આલતે 'કૌમુદી'ની વ્યવસ્થા કરતાં મૂળશંકર ભટ્ટ સાથે પણ ઉગ્ર સંઘર્ષ થયો અને એ સંઘર્ષમાં વિજયરાયને 'કૌમુદી' છોડવાનો વખત આવ્યો. ઘવાયેલા વિજયરાયે 'કૌમુદી'ની ભસ્મમાંથી 'માનસી' પ્રસિધ્ધ કરવાનો નિર્ધાર જાહેર કર્યો. મુનશી વિજયરાય અને મૂળશંકર ભટ્ટનો 'કૌમુદી' માલિકી સંઘર્ષ વિજયરાયને આ શબ્દો કહેવડાવે છે : ''મૂળશંકર અને મુનશીએ મળીને મારી પીઠ પાછળ મારી વિરુધ્ધ અને મારા 'કૌમુદી'ના હિતસબંધ વિરુધ્ધ કૈંક એવું કરવા માંડયું હતું કે જેનાથી મારે ચેતવું જોઈએ તેમજ બને તો સંસદને 'કૌમુદી' સંચાલનમાંથી બેરવવી જોઈએ.નહી તો (એ કઈ રીતે કનડશે એ હવે કહી શકાય એમ નહી હોવાથી એ કનડગતમાંથી છુટવા સારું) મારે પંડે જ કોઈક ઘટતી રીતે એમાંથી ઈચ્છા હોય કે નહી તો પણ ખસી જવું જોઈએ''[६१] માસિકના વ્યવસ્થા પલટાની આ ઉગ્રતાભરી પત્રાવલિએ એ સમયના

ગુજરાતી સામયિકો માટે પણ રસનો વિષય બની હતી. 'બે ઘડી મોજ' અને 'ગુજરાતી'માં આ વિશેના ઉગ્રતાભર્યા, લાંબા ચર્ચાપત્રોની હારમાળા વિજયરાય - મુનશી અને અન્ય દ્વારા લખાયા હતા. ૧૯૩૫ માં ૯૦૦ જેટલા માતબર ગ્રાહકોને મેળવ્યા પછી જેમની કિંમત મુનશીએ જ એકવાર ૩૦,૦૦૦ રુપિયા આંકેલી એવા 'કૌમુદી' માંથી માત્ર રૂા. ૨૧૦૦ જેવી નજીવી કિંમત લઈ વિજયરાયે 'સંસદ'માંથી ખસી જવાનો નિર્ણય કર્યો અને ત્યારે પણ સ્વામાની વિજયરાય કહયા વિના રહયા નથી કે : ''વધુમાં આટલું જ - તમે જ બે (મુનશી અને મૂળશંકર ભટ્ટ) 'કૌમુદી'ને શોધતા આવેલા - (કૌમુદી) તમને શોધવા નહોતું આવ્યું''[૬૨] જો કે ૧૯૩૫ માં 'ગુજરાત'ના પુર્નજન્મની સાથે જ મુનશી પણ વિજયરાય અને મૂળશંકરનો સંઘર્ષ 'સ્વકલ્પિત શહિદ' નામના લેખમાં આપે છે. જેમાં મુનશીએ વિજયરાય સાથેનો અંગત પત્રવ્યવહાર, ૨૫ જેટલા પત્રોનું પ્રકાશન કર્યું છે. સામયિક માલિકી હકકનો વિવાદ આ સ્તરે પ્રજા સુધી પહોંચે એ સામયિક જગતની વિરલ ઘટના છે. સામસામા આક્ષેપો - વાગ્યુધ્ધમાં એક બાજુએ અંકિંચન એવા વિજયરાયની તડફડીયા વિધાનો વાળી ભાષા અને બીજી બાજુએ મુનશીની પ્રબળ સત્તાનો અવાજ સાંભળવાનું આજે પણ રસપ્રદ છે.

'ગુજરાત'નો પુર્નજન્મ : સંઘર્ષકાળ :-

૧૯૩૫ માં કેટલાક મહીના 'ગુજરાત'નું પ્રકાશન ઠપ્પ થઈ ગયુ હતું એને બંધ કરવા પાછળ અન્ય સામયિકોની જેમ આર્થિક તંગીના, અલ્પ ગ્રાહક સંખ્યાના પ્રશ્નો ન હતા પરંતુ સામયિકને માટે સમય આપી શકે, વ્યવસ્થા સંભાળી શકે એવા માણસોનો અભાવ રહેલો છે. ૧૯૩૫ માં જ પુર્નજન્મ પામેલા 'ગુજરાત'નું તંત્રીપદ મુનશીએ પોતાના રાજકીય કાર્યક્ષેત્રને કારણે સ્વીકાર્યુ નહી. નવા તંત્રીઓના સંચાલનમાં શ્રધ્ધા દાખવીને પૂરોવચન લખતા મુનશી નોંધે છે કે : ''તંત્રીમંડળમાંથી હું અલગ રહુ એમાં 'ગુજરાત'ને ફાયદો છે. નવા આદર્શો

ઝિલતા, ઉછરતા સાહિત્યકારો આ પત્રનું સંચાલન હાથમાં રાખે તેના જ પ્ર 'ગુજરાત'ના પુર્નઃજન્મની રમણીયતા રહી છે''[63] નવા જમાનાના પરીબળો ને ઝિલતા, સમગ્ર દેશની પરિસ્થિતિ અને પ્રજાસમૂહના બદલાતા માનસ સાથે 'ગુજરાત' પહેલાની માફક હરણફાળ ભરી શકશે કે કેમ એ બાબતે સંચિંત બનીને મુનશીએ લખ્યું છે : ''ગુજરાતીઓને 'ગુજરાત' પર અનહદ પ્રેમ હતો. આજે એવો રહેશે કે કેમ એ પ્રશ્ન સહેજે ઉભો થાય છે. ૧૯૨૨ માં સાહિત્ય પ્રકાશક કંપનીની આર્થિક મદદ હતી. આજે એવી કોઈ મદદ નથી એ સિધ્ધ થાય અને એ સિધ્ધ થતા સંસદને એ બંધ કરતા જરાય શરમ નહી લાગે''[64] તંત્રીનોંધમાં પણ 'ગગજરાત'ના પુનઃપ્રાકટ્યની ગુજરાત અને ગુજરાતી સાહિત્યની, ભાષાની અનેકવિધ સંગીન સેવા કરવાની અભિલાષા વ્યક્ત કરીને 'ગુજરાત'ના જૂના અને નવા સભ્યોને કલમ ફરીથી હાથ ધરવાની વિનંતી જોઈ શકાય છે. 'ગુજરાત'નું લવાજમ પણ દ આઠ રૂપિયામાંથી ઘટીને પાંચ રૂપિયા સુધી જાય છે અને સાહિત્ય સંસદના સભ્યને તો ચાર રૂપિયામાં આપવાની હકીકત છપાઈ છે. નવા 'ગુજરાત'ની છૂટક નકલની કિંમત પણ એક - દોઢ રૂપિયાથી ઘટીને માત્ર આઠ આના થયેલું ! એક વર્ષના આ અનિયમિત પ્રકાશન દરમ્યાન 'ગુજરાત'માં નવીન લેખકોની કૃતિઓ નજરે ચઢે છે. ૧૯૩૬ માં 'ગુજરાત'ના ૬૦૦ જેટલા ગ્રાહકો અને સંસદના સભ્યો પાસે 'ગુજરાત'ને સમૃધ્ધ બનાવવાની અપીલો તંત્રીએ અંકેઅંકે કરી હતી. 'ગુજરાત' પ્રત્યે મમત્વ દ્રઢ થાય તેવા હેતુથી લખાયેલી આ નોંધમાં સભ્યો અને ગ્રાહકોનો સહચાર અને મિત્રભાવ મેળવવાની જે ઝંખના છે તે 'ગુજરાત'ના આ સંઘર્ષકાળમાં અતિજરૂરી હતો. આ સમયમાં જ સાહિત્ય પરિષદનો વિશેષાંક 'ગુજરાતે' પ્રકટ કરેલો. આ વિશેષાંક બાદ ટૂંકાગાળામાં જ 'વાર્તાંક ' પ્રસિધ્ધ થયેલો. જે ગુજરાતના પુર્નપ્રાકટ્યના ઉત્સાહને દર્શાવી આપે છે આ અંકથી 'ગુજરાત' દરમહિનાની ૧૫ મી તારીખને બદલે પહેલી તારીખે પ્રસિધ્ધ થવા લાગ્યું.

'ગુજરાત'ને સર્વાંગ શુધ્ધ સાહિત્યિક સામયિક બનાવવાની કે મુશ્કેલીઓમાંથીપાર ઉતરી આવવાના દુર્ઘટ કાર્યમાં સાહિત્યસંસદના સભ્યોની નિષ્ક્રિયતા 'ગુજરાત'ને માટે માઠુ પરીણામ લઈ આવનારી છે. વ્યવસ્થા - સંચાલનનો બોજ એક વર્ષ સુધી શંકરપ્રસાદ રાવળે જવાબદારી પૂર્વક નિભાવ્યો, લેખ-વાર્તા અને કાવ્યસ્વરૂપોમાં

નવીનતા લાવવાના પ્રયત્નો પણ ધ્યાનાકર્ષક બન્યા હતા પરંતુ મુંબઈમાં જ વસવાટ કરતાં સાહિત્યસંસદના અનેક સભ્યો 'ગુજરાત'ને માટે જોઈતો સક્રિય રસ દાખવી શકયાં નહી વળી મુનશી રાજકારણની પ્રર્વત્તિઓમાં સંડોવાયા હતા એ કારણે 'ગુજરાત'ના દરેક અંકને તૈયાર કરવાનો ઉત્સાહ કંઈક મોળો પડી ગયેલો પ્રકાશનવ્યવસ્થા અને તંત્રની અરાજકતા એટલી વધી પડી કે એને મરવા વાંકે જીવતું રાખવાનો કશો અર્થ નહોતો. સભ્યો 'ગુજરાત'ના ડૂબતાં વહાણને કાંઠે ઉભાઉભા, જોઈ રહ્યા. ૧૯૩૭માં 'ગુજરાત'ને સમેટી લેવામાં આવ્યુ. 'જયજય' ના શીર્ષક તળે મુનશીએ લેખ લખ્યો : ''હું જેલમાં ગયો ત્યારે એ બંધ થયું હતું. આજે મંત્રીપદ ના બંધનો આવી પડયા છે ત્યારે પણ એ બંધ થાય છે.

'ગુજરાત'માં હવે ઘણાં માસિકો થયા છે એટલે 'ગુજરાત'ની ખોટ હવે ભાગ્યે જ પડશે. સાહિત્યસંસદને એની ખોટ જરુર જણાશે પણ એ ખોટ પુરી કરવા જે ઉત્સાહ જોઈએ તે એના સભ્યોમાં ન આવે ત્યાં સુધી એ બંધ રહે એ સર્વથા યોગ્ય છે''[૬૫] 'ગુજરાત'ના સંધર્ષકાળે 'માનસી', 'પ્રસ્થાન','કુમાર' જેવા પહેલી હરોળના સામયિકો કશુંક નિરાળુ કરવાનો પ્રયત્ન કરી રહેલા હતા. (ગુજરાત'માં તેના પ્રભાવની વાત મુનશીએ સ્વીકારેલી છે)વળી, 'માનસી', 'પ્રસ્થાન'અને 'કુમાર' ની નિયમિતતા, સામગ્રીવૈવિધ્ય અને વ્યવસ્થાદૃષ્ટિએ 'ગુજરાત' પાંગળુ જણાય છે. શંકરપ્રસાદ રાવળે નોંધ્યુ છે તેમ લોકરૂચિને અનુકૂળ વાચન આપવાનો 'ગુજરાત'નો પ્રયત્ન હતો અને જ્યારે પણ લોકરૂચિને અનુકુળ થવાની દશા સર્જાય છે ત્યારે સામયિકને કંઈને કંઈ સહન કરવાનું આવે જ છે. 'ગુજરાત'ની પંદર વર્ષની યાત્રા એ ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં નાનાસૂની ઘટના નથી, આમ પણ સામયિકો અમર રહેવા સર્જાયેલા હોતા નથી એ વ્યકિતગત સાહસરૂપે જન્મતા હોય, સંસ્થાના વડપણ હેઠળ વિકસતા હોય તે છતાં કેટલાક વર્ષો એ ઘરમૂળથી નાવીન્ય ઝંખતું હોય છે અને કયારેક આવા આંદોલનો, નોંધપાત્ર વલણો સામયિક ઉપસાવી આપવામાં નિષ્ક્રિય જણાતું હોય છે ત્યારે સંચાલક એ સામયિકને જાણી જોઈને જ મરવા દેવામાં ફળશ્રુતિ માને છે. શંકરપ્રસાદ રાવળે 'ગુજરાત'નું પ્રકાશન બંધ કરવા માટે જે કારણો આપે છે એ રસપ્રદ છે. તેઓએ લખ્યું છે : ''માસિકના સંચાલનમાં અનેક દિશાઓ સંભાળવી પડે છે અને એ સર્વદિશાઓ ધ્યાનપૂર્વક સંભાળાય એટલો સરંજામ તૈયાર ન હોય ત્યારે અનેક વિકટતાઓ આવીને ઉભી રહે છે અને એવી મુશ્કેલીઓમાં પણ દુરાગ્રહથી માસિક ચલાવવાને બદલે સંસદે પ્રકાશન બંધ કરવાનો નિર્ણય કર્યો છે''[૬૭] 'ગુજરાત' નું પ્રકાશન અણધારી રીતે અટકી પડયું ત્યારે પણ ઘણા લેખ, વાર્તાઓ અને કાવ્યોની સામગ્રી 'ગુજરાત' પાસે મોટા પ્રમાણમાં રહી હતી. જે પરત મેળવવા અંગેના સૂચના પરથી જાણી શકાય છે. પુસ્તકોના અવલોકન અને સ્વીકારનોંધ માટે પ્રકાશકોની ક્ષમા માંગીને ઋણ સ્વીકારઅર્થે કર્યુ છે. ૧૯૨૨ થી ૧૯૩૭ સુધીના 'ગુજરાત' પ્રકાશનની ઘટના આમ, અનેક

સ્તરે નોંધપાત્ર છે તેમાં સંઘરાયેલી સામગ્રીનું વૈવિધ્ય આજના કોઈ સામયિકમાં જોવા ન મળે એવું અપૂર્વ ગણી શકાય એમ છે.

૦ 'ગુજરાત'નું પ્રદાન :-

બળવંતરાય ઠાકોરે 'ગુજરાત'ને જેમ પીટ કલાસના મનોરંજન માટેનું સામયિક કહી દીધુ હતું તેવું આપણે પણ ગણી શકીશું ખરા ? હાજીની સામયિક દીક્ષા પામેલા મુનશીને સામયિક ધ્વારા જે સરસ્તાનો મંત્ર ગુજરાતમાં પ્રસારીને ગુજરાતની અસ્મિતાનું ગૌરવ પ્રદર્શિત કરવું હતું તે કાર્ય ઘણીબધી બાજુએથી મુનશીએ 'ગુજરાત' ધ્વારા હાથ ધર્યું હતું. નરસિંહરાવ, કાન્ત, ઠાકોર, જ્યોત્સ્ના શુકલ, ચન્દ્રવદન મહેતા, લલિત ત્રિભુવન વ્યાસ, દેશળજી પરમાર જેવા કવિઓની સાથે અનેક અણજાણ કવિઓની કાવ્યકૃતિઓ, ધૂમકેતુ, દૂરકાળ, મનહરલાલ પારેખાન, મુનિકુમાર ભટ્ટ, ર.વ.દેસાઈ, ગગનવિહારી મહેતા, ચુનીલાલ શાહ, વિનોદિની નીલકંઠ અને બીજા કેટલાયે સર્જકોની સાહિત્યયાત્રા 'ગુજરાતે' આગળ ધપાવી અને સર્જકની કલમને પડવામાં પ્લેટફોર્મની ભૂમિકા પૂરી પાડી. ધનસુખલાલ મહેતા જેવા અનેક સર્જકોની સર્જનયાત્રાતો 'ગુજરાત' ધ્વારા જ પ્રજાસમક્ષ સળંગ ચાલી. મારી નવલકથા', સિનેમાનું જગત' જેવી લાંબી હાસ્યરસિક લેખમાળાઓ, વાર્તાઓ અને અનુવાદો ધ્વારા 'ગુજરાતે' ધનસુખલાલને સાહિત્ય જગતમાં સ્થાયી કરી આપ્યા જ્યોતીન્દ્ર સાથેની 'અમે બધા' નવલકથા અને વિજયરાયના 'વિનોદકાંત' ઉપનામે હળવા નિબંધો લખવાની શરૂઆત 'ગુજરાત' ધ્વારા જ થઈ. લીલાવતીએ રેખાચિત્રો 'ગુજરાત'ના માધ્યમે જ પ્રજાસમક્ષ મૂકયા તો બટુભાઈ, યશવંત પંડયાથી માંડીને વૈકુંઠ શાહ, દુર્ગેશ શુકલ જેવા નૂતનયુગની ચેતનાનો સંદેશ ઝિલનારા નાટયલેખકોને 'ગુજરાતે' જ પ્રસિધ્ધિ અપાવી હતી. 'ગુજરાત'માં પ્રસિધ્ધ થયેલી વિવિધ વિષયોની લેખસમૃધ્ધિ આજે પણ રસાળ વાચનનો અનુભવ આપી શકે એમ છે. સંસ્કૃતિ, વિજ્ઞાન, સાહિત્ય, ધર્મ, કળા વિષયક લેખો તેમજ ઐતિહાસિક વસ્તુ વિષયને લગતા લેખ - લેખશ્રેણીઓ તજજ્ઞો પાસેથી ઉપલબ્ધ બની છે એ લખાણો સામાન્ય પ્રજાને મનોરંજન આપવા માટે જ નથી. એ લખાણોમાં પણ ઉચ્ચતાનું એક વલણ સ્પષ્ટપણે ઉપસી આવતું દેખાય છે ત્યારે એમને માત્ર સામાન્ય વર્ગનું મનોરંજન કરનાર સામયિક તો કેમ કહેવાય ? મુનશીની નવલકથાઓની લાંબી શ્રેણી 'ગુજરાત'નું પ્રતિષ્ઠા કેન્દ્ર બનેલી હતી એ સાથે તંત્રીનાતે લખેલા વિવિધ પ્રશ્નોના ચર્ચાલેખ, વાર્તાઓ અને નાટકોમાં જેમ ગુજરાતની અસ્મિતાનું ઉદયગાન સંભળાય છે તેમ મુનશીનું રૂઢીભંજક વલણ પણ જોઈ શકાય એમ છે. મુનશીને પ્રિય એવા નર્મદનું 'જય જય ગરવી ગુજરાત' ગીતધ્વનિના પડઘા સુજ્ઞ વાચકોને 'ગુજરાત'માં ઠેરઠેર સાંભળવા મળશે. નર્મદની 'મારી હકીકત' આત્મકથાની પ્રસિધ્ધિ પણ 'ગુજરાત'નો નર્મદ પ્રત્યેનો આદરભાવ દર્શાવે છે. યોગ્ય પ્રસંગોએ વિશેષાંકોને પ્રકટ કરીને મુનશી 'વીસમી સદી'ના પગલે ચાલ્યા હતા. એ વિશેષાંકો સામગ્રીનું વૈવિધ્ય ધરાવતા હતા સાથોસાથ વાચકોના મનગમતા વિભાગોની

પ્રસિધ્ધિ કરવાનું તેઓ ચૂકયા નથી.

સચિત્ર સામયિકની ખોટ એ પછી પ્રકટેલા 'કુમારે' તેમજ સમકાલીન 'નવચેતને' પુરી આપી જ છે પરંતુ 'ગુજરાત'ના પાછલા પાંચવર્ષના સંદર્ભમાં એ વાત તો પ્રકટ થાય જ છે કે સચિત્ર સામયિકનું પ્રકાશન કેટલું મુશ્કેલભર્યું છે ! તે છતાં પણ એક દસકા સુધી ગુજરાતની ચિત્રકલા અને ભારતીય સંસ્કૃતિને ચિત્રો ધ્વારા સામયિક પાને મૂકી આપવાનું કાર્ય 'ગુજરાતે' કરી આપ્યું છે.

એ સમયનાં કેટલાક લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો તેમજ વાચકોના મતે 'ગુજરાત' માત્ર 'સાહિત્યસંસદ' ના સભ્યોનું જ પ્રતિનિધિત્વ કરતું રહયું હતુ. એ પ્રશ્ન પર વિચાર કરતા લાગે છે કે સંસદના છત્ર નીચે મુનશીએ ઉછરતા ઉત્સાહી સર્જકો, અભ્યાસીઓની એક શિસ્તબધ્ધ ટીમ મળી હતી જેના કારણે 'ગુજરાત'ની તમામ પ્રવૃત્તિઓમાં જે 'ટીમવર્ક' નો વત્તો ઓછો પ્રભાવ રહયો છે એવા અનેક સભ્યો 'ગુજરાત'નું સદ્ભાગ્ય છે કે જેના માટે 'ગુજરાત'ની પ્રવૃત્તિ અભિન્ન અંગ બનીને રહી હતી મુનશી પોતે જ આ વાતનો સ્વીકાર કરતા લખે છે કે : ''ગુજરાતનું પ્રકાશન એ મારા જીવનનું એક અવિયોજય અંગ થઇ પડયુ છે. ૧૯૨૨ થી મહીને મહીને એને માટે લખવું, એના પ્રુફ જોવા, એના અંકો આવકારવા એ બધી જીંદગીની જરૂરીયાત સમી વસ્તુઓ થઇ પડી હતી''[૬૮] આવો જ ઉત્સાહ સંસદના મોટાભાગના સભ્યોમાં હોવાને લીધે અન્ય સર્જકોના લખાણોને 'ગુજરાત'માં ઓછા સ્વીકારાયા છે એ વાત કબૂલવી જોઇએ. એ મોહવશતામાં 'ગુજરાતે' નબળી કૃતિઓનો પુરસ્કાર પણ કર્યો છે પરંતુ એ સાથે કહી શકાય કે 'ગુજરાતે' સાહિત્યસંસદના સભ્યો માટે એક વર્કશોપની ભૂમિકા ભડી હતી જેના લીધે અનેક સર્જકોને 'ગુજરાત' અનુભાગે ઘડાવાની દિશા પ્રાપ્ત થઇ. સભ્યોના સહકાર વડે જ 'ગુજરાત'ની સમૃધ્ધિ સતત એક દસકા સુધી વિસ્તરી.

૧૯૨૪થી પરિષદની સેવા કરવા માંડેલા મુનશી, રમણભાઇ નીલકંઠ અને અન્ય કાર્યકર્તાઓનો પરિષદને સુવ્યવસ્થિત કરવાનો આશય રાજકારણના આક્રમક જુવાળમાં સાહિત્યની એકતાને મૂર્ત કરવાનું સાધન બનાવવાના ઉદ્દેશને લક્ષમાં રાખીને સાહિત્ય પરિષદની કેટલી બધી વિગતોને લેખ-ચર્ચાઓ ધ્વારા મૂકીને વાચકોને એ માટે જાગૃત કરે છે . પરિષદના બે ખાસ વિશેષાંકો પણ 'ગુજરાત'ના આ વલણને દર્શાવી આપે છે. ૧૯૨૮ની નડીયાદ સાહિત્ય પરીષદમાં પરિષદના ઉપપ્રમુખ તરીકે ન્હાનાલાલને મુકતા 'ગુજરાતે' વાંધો ઉઠાવતા લખ્યુ છે કે : ''તેમનું જવલંતને ચિરસ્મરણીય કાર્ય તો તેમને કોઇ દિવસ પ્રમુખ કે સાહિત્યવિભાગના અધ્યક્ષાપદના અધિકારી બનાવે તેવું છે''[૬૯] પ્રકટ થયેલો ટૂંકો વિચાર આખરે તો યોગ્ય વ્યકિતનો પુરસ્કાર કરે છે. ગુજરાતી જોડણીમાં અરાજકતાના સમયે તર્કવિતર્ક કર્યા વિના જેમ બને તેમ થોડા સહેલા નિયમો ઘડવાની વાત 'ગુજરાતે' કરી હતી અને એ સબંધી સૂચનોની માંગણી કરતો પત્ર 'ગુજરાત માં પ્રસિધ્ધ કર્યો હતો.

ગાંધીજીના ભારત આગમન પછી ગાંધીજીની પ્રબળ અસરે મુનશીના મતે સારસ્વદર્શન સાહિત્યના

સ્તરે કઠણ થયું હતું ગાંધીજીની પ્રચંડ શક્તિએ સાહિત્યસર્જન પર જે અણદીઠયો માનસિક અંકુશ મૂકયો અને સાહિત્યનો ઝોક પીડીતોધ્ધાર, દેશોધ્ધાર કે ઉપદેશ, પ્રાસંગિક વિષયો તરફ વળ્યો તેની અસર મુનશીએ લખ્યું છે તેમ : ''માત્ર સાહિત્યકારો પર જ નથી થઈ, આચાર ને વિચાર પર પણ થઈ છે'' અનુભવને સન્રસ બનાવી શબ્દોમાં મૂર્તિમાન કરવાનો સંદેશ મુનશી 'ગુજરાત'ના પ્લેટફોર્મ ધ્વારા જ આપે છે. એમના અર્વાચિત ગુજરાતી સાહિત્યનો પ્રધાન સ્વર: ઉલ્લાસ અને રસાસ્વાદનો અધિકાર' જેવા સંસદના વાર્ષિક ભાષણો 'ગુજરાત'માં પ્રસિધ્ધ કરીને સાહિત્યમાં ઉહાપોહ સર્જવાનું અને એ રીતે ગુજરાતી સાહિત્યની ભૂમિકા વિશે વિચારતા કરી મુકવાનું કાર્ય ગુજરાતે' જ કર્યુ છે. 'સરસ્વતી'ની આ ભૂમિકાએ 'ગુજરાતે' હંમેશા પોતાની આગવી દિશાની ખોજ આરંભી અને જીવનના ઉલ્લાસનું ગાન અનેકવિધ સુરોમાં ગુજરાતને ચરણે મૂકયું. એમના સ્વપ્નો અનેરા હતા, અંગનાઓ પ્રબળ હતી. એ સર્જનોમાં જીવનનો ઉલ્લાસ છલકતો હતો. કામ કરનારાઓની તંગી નહોતી મુનશીને 'ગુજરાત' માટે કેટકેટલા ઉત્તમ વ્યવસ્થાપકો અને તંત્રીઓ મળ્યા છે ! જયોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, દુર્ગાશંકર શાસ્ત્રી, કિશનસિંહ ચાવડા, શંકરપ્રસાદ રાવળ જેવા પ્રતિભાવંત માણસોમાંથી મુનશીના જેલનિવાસ કે રાજકારણક્ષેત્રની પ્રવૃત્તિ દરમ્યાન 'ગુજરાત'ને ચલાવી શકે એવું તંત્રીપદ કેમ કોઈપણ ન કેળવી શકયા ? 'ગુજરાત'ને ચિરાયુ બનાવી શકે એટલી સજ્જતા ધરાવતા હોવા છતાંયે 'ગુજરાત' શા માટે બંધ થયું ? એવો સવાલ જાગે જ. વિજયરાય સામયિક સાથે સંકળાયેલા રહયાં હોત તો એમની સાહિત્ય નિસબતે 'ગુજરાત'નું બાહ્ય તેમજ આંતર વ્યક્તિત્વ કંઈક જુદુ જ રહયું હોત. પરંતુ કમનસીબે તેઓને 'સાહિત્યસંસદ' સાથે ન રાખી શકયું મુનશીએ રાજકારણ પર દ્રષ્ટિ ઠેરવી અને 'ગુજરાત' બંધ થવાના ભણકારા વાગી ગયા ! અન્ય સભ્યોએ 'ગુજરાત'ને બચાવવાનો જે પ્રયત્ન કર્યો તેમાં એ સામયિક પ્રત્યે નિષ્ઠાતો હતી જ પરંતુ દેશની તનાવભરી પરિસ્થિતિમે પ્રજાસમૂહનું ધ્યાન 'ગુજરાત' તરફ ઓછું જ ગયુ. વળી, સાહિત્યસંસદ પર મુનશીનો જે પ્રભાવ દેખાય છે તે નજરે ચઢયા વિના રહેતો નથી. મુનશી વિનાના 'ગુજરાત'ને કલ્પવાનું આ સર્જકોને માટે લગભગ અશકય જ બની ગયુ હતુ એમ નોંધવું જોઈએ.

'ગુજરાત' જયારે બંધ પડયું ત્યારે 'ગુજરાત' ના અંકમાં તંત્રીઓએ લખ્યું છે તે શબ્દો જોઈએ : ''ગુજરાતે' પ્રસારેલી ભાવના જીવંત છે. ત્યાં સુધી 'ગુજરાત' જીવે છે. સંસદના મુખપત્ર તરીકે સંસદના વિશિષ્ટ ઉદ્દેશોનો પ્રચાર કરવા ઉપરાંત 'ગુજરાતે'

ગુજરાતી સાહિત્યની સમૃધ્ધિમાં પણ સારો એવો ફાળો આપ્યો છે. નવીન દૃષ્ટિબિંદુ દર્શાવ્યા છે' અને મુનશીના શબ્દો પણ એ જ વાતને દોહરાવતા કહે છે કે : ''એ માસિકે ગુજરાતી લેખકોમાં પણ અપૂર્વ ઉત્સાહ પ્રેર્યો છે. એણે કેંક લેખકોની કલમને સજીવન કરી છે, કેંકની કલમ ઉત્તેજિત કરી છે અને કેંકને કલમ પકડતા કર્યા છે. 'ગુજરાતે' પ્રકાશમાં આપેલા કેટલાયે નવીન લેખકો આજે લબ્ધપ્રતિષ્ઠિત બન્યા છે એ સર્વવિદિત છે''[૭૦] આ વિધાનમાં પ્રકટ થયેલો 'ગુજરાત'નો પ્રવૃત્તિ હેવાલ 'ગુજરાત' ના દરેક પૃષ્ઠો પરથી જડી આવે એમ છે એ રસસમૃધ્ધિ આજે પણ આકર્ષે એવી તાજગી-સભર છે એમાં શંકા નથી.

સંદર્ભ ::---

(૧) ક.મા. મુનશી : સાહિત્ય જીવન અને પ્રતિભા (૧૯૬૭) - મધુસૂદન પારેખ, પૃ. ૫૭ (૨) સ્વપ્નસિધ્ધિની શોધમાં (૧૯૫૩) - ક.મા. મુનશી, પૃ. ૧૭૦ (૩) વિનાયકની આત્મકથા (૧૯૬૯) - વિક. વૈદ્ય, પૃ. ૭૮ (૪) નીલમ અને પોખરાજ (૧૯૬૨) - વિ.ક. વૈદ્ય, પૃ. ૭૪ (૫) ભાજી સ્મારક ગ્રંથ (૧૯૨૨) - સંપા. રવિશંકર રાવળ, પૃ. ૩ (૬) 'ગુજરાત', અંક : ૩, ૧૯૩૬ (૭) 'ગુજરાત' અ.૨, ૧૯૨૨ (૮) સ્મૃતિ સંવેદન (૧૯૫૪) - ચુંપશી ઉદ્દેશી પૃ. ૩૬ (૯) એ.જ. (૧૦) એજ પૃ. ૩૯ (૧૧) એજ, પૃ.૪૦ (૧૨) એજ, પૃ. ૪૦ (૧૩) વિનાયકની આતમકથા - વિ.ક.વૈદ્ય, પૃ. ૭૨ (૧૪) 'ગુજરાત' અંક:૪, ૧૯૨૪ (૧૫) 'ગુજરાત' અંક : ૫, ૧૯૨૪ (૧૬) નીલમ અને પોખરાજ - વિ.ક.વૈદ્ય, પૃ.૭૧ (૧૭) સ્વપ્ન સિધ્ધિની શોધમાં - ક.મા.મુનશી, પૃ.૮૦ (૧૮) ક.મા.મુનશી : સાહિત્યજીવન અને પ્રતિભા - મધુસૂદન પારેખ, પૃ.૭૦ (૧૯) સ્વપ્નસિધ્ધિની શોધમાં - ક.મા. મુનશી, પૃ.૧૭૫ (૨૦) એજ, પૃ. ૨૪ (૨૧) 'સાહિત્ય' અંક : ૧ ૧૯૨૮ (૨૨) 'સાહિત્ય' અંક:૨ ૧૯૨૮ (૨૩) સ્વપ્નસિધ્ધિની શોધમાં - ક.મા.મુનશી ,પૃ. ૨૭૩ (૨૪) 'ગુજરાત' અંક : ૧, ૧૯૨૮ (૨૫) વિનાયકની આત્મકથા-વિ.ક.વૈદ્ય પૃ. ૭૨ (૨૬) 'ગુજરાત' અંક : ૪, ૧૯૩૫ (૨૭) 'માનસી', સપ્ટેમ્બર ૧૯૪૦ જુઓ : ભાનુશંકર વ્યાસનો લેખ (૨૮) એજ, જુઓ : જ્યોતીન્દ્ર દવેનો લેખ (૨૯) 'ગુજરાત' : અંક :૫, ૧૯૨૭ (૩૦) 'ગુજરાત' અંક : ૨ ૧૯૨૮ (૩૧) 'ગુજરાત' અંક : ૫, ૧૯૨૬ (૩૨) 'ગુજરાત' અંક : ૧, ૧૯૨૬ (૩૩) સ્વપ્નસિધ્ધિની શોધમાં - ક.મા.મુનશી, પૃ. ૩૬૬ (૩૪) 'ગુજરાત' અંક : ૧, ૧૯૨૩ (૩૫) 'ગુજરાત', અંક : ૧, ૧૯૨૬ (૩૬) જુઈ અને કેતકી - (૧૯૩૯) - વિક.વૈદ્ય, પૃ. ૨૪-૨૫ (૩૭) 'ગુજરાત', અંક : ૧, ૧૯૩૫ (૩૮) 'ગુજરાત', અંક:૩, ૧૯૩૭ (૩૯) 'ગુજરાત', અંક : ૪ ૧૯૩૫ (૪૦) 'ગુજરાત' અંક:૩, ૧૯૨૪ (૪૧) 'ગુજરાત' અંક : ૩, ૧૯૩૬ (૪૨) 'ગુજરાત', અંક : ૧, ૧૯૨૨ - ૨૩ (૪૩) 'ગુજરાત' અંક : ૨, ૧૯૨૩ (૪૪) 'ગુજરાત', અંક : ૩, ૧૯૨૪ (૪૫) 'ગુજરાત', અંક : ૬ ૧૯૨૨ (૪૬) 'ગુજરાત' અંક : ૫, ૧૯૨૬ (૪૭) 'ગુજરાત' અંક : ૪, ૧૯૩૫ (૪૮) 'ગુજરાત', અંક : ૩, ૧૯૨૮ (૪૯) 'કૌમુદી' - ચૈત્ર, ૧૯૨૫ (૫૦)

(૫૦) સ્વપ્નસિધ્ધિની શોધમાં – ક.મા.મુનશી પૃ. ૧૭૩ (૫૧) 'કૌમુદી' – પોષ, ૧૯૨૫ (૫૨) 'ગુજરાત', અંક : ૧, ૧૯૨૪ – ૨૫ (૫૩) એજ. (૫૪) 'ગુજરાત', અંક : ૪, ૧૯૨૫ (૫૫) સ્વપ્નસિધ્ધિની શોધમાં – મુનશી, પૃ. ૨૭૩ (૫૬) સ્વપ્નસિધ્ધિની શોધમાં – મુનશી, પૃ. ૩૩૯ – ૪૦ (૫૭) 'ગુજરાત' – અંક : ૨, ૧૯૨૯ (૫૮) 'ગુજરાત',અંક : ૫, ૧૯૨૮. (૫૯) 'ગુજરાત', અંક– ૬, ૧૯૨૮ (૬૦) 'ગુજરાત' અંક : ૧, ૧૯૩૧ (૬૧) 'માનસી', અંક : ૧, ૧૯૩૫ (૬૨) એજ. (૬૩) 'ગુજરાત', અંક : ૧, ૧૯૩૫ (૬૪) એજ. (૬૫) 'ગુજરાત', અંક : ૬, ૧૯૩૭ (૬૬) એજ. (૬૮)'ગુજરાત' અંક : ૧, ૧૯૩૧ (૬૯) 'ગુજરાત' અંક : ૫, ૧૯૨૪ (૭૦) જુઓ : ''કૌમુદી' અંક : ૨, ૧૯૩૫ જ્યોતીન્દ્ર દવેનો લેખ.